પાના -૮, કિંમત રૂ.૨, તા. ૧૫-૦૨-૨૦૨૫- શનિવાર, સુરત

સાંધ્ય દૈનિક

# પ્રતાપ દર્પણ

RNI NO : 67531/97 | મુદ્રક તથા પ્રકાશક : રાજેશ બાલુભાઈ પટેલ ● તંત્રી : પ્રવીણ ગોહિલ ● સહતંત્રી : જગદીશ વાલજીભાઈ ચાવડા ● વર્ષ : ૩૧ ● અંક : ૬૦ ● મોબાઈલ નં. ૯૮૨૫૫ ૩૨૫૦૫


www.pratapdarpan.in pratapdarpan_official pratapdarpansrt@gmail.com pratapdarpan_official11

# મહાકુંભ જતા ૧૦ શ્રદ્ધાળુઓનાં માર્ગ અકસ્માતમાં મોત

## પ્રયાગરાજ- મિરઝાપુર હાઈવે પર છત્તીસગઢથી નિકળેલા શ્રદ્ધાળુઓની બોલેરો ગાડી બસ સાથે અથડાતા ગમ્ખ્વાર દુર્ઘટનામાં ૧૯ લોકો ઘાયલ

નવી દિલ્હી, તા. ૧૫

મહાકુંભથી આવતા કે જતાં આ વખતે અનેક અકસ્માતના અહેવાલ સામે આવ્યા છે ત્યારે આજે વધુ એક દુઃખદ સમાચાર સામે આવ્યા છે. યુપીના પ્રયાગરાજ એટલે કે જ્યાં મહાકુંભ યોજાયો છે એ જ શહેરમાં ભયંકર માર્ગ અકસ્માત થયો છે જેમાં એક બોલેરો અને બસ વચ્ચે ભીષણ ટક્કરમાં ૧૦ શ્રદ્ધાળુઓના મોત નીપજ્યાં હતા જ્યારે અન્ય ૧૯ લોકો ઈજાગ્રસ્ત થયાની માહિતી સામે આવી રહી છે.



પોલીસે ઘટનાસ્થળની મુલાકાત બાદ માહિતી આપી હતી કે આ દુર્ઘટના પ્રયાગરાજ મિરઝાપુર હાઈવે પર સર્જાઈ હતી. છત્તીસગઢના કોરબાથી શ્રદ્ધાળુઓ સંગમમાં સ્નાન કરવા મહાકુંભ તરફ જઈ રહ્યા હતા. આ દરમિયાન જ મોટો અકસ્માત સર્જાયો હતો. ઘટનાની જાણકારી મળતાં જ પોલીસ ટીમ ધસી આવી હતી અને ઘાયલોને તાત્કાલિક ધોરણે સ્થાનિક હોસ્પિટલમાં શિફ્ટ કરાયા હતા. અનેકની હાલત ગંભીર હોવાથી મૃતકાંક પણ વધી શકે છે. પ્રયાગરાજના મેજા વિસ્તારમાં આ ભીષણ અકસ્માત શુક્રવાર-શનિવારની રાતે ૨ વાગ્યે સર્જાયો હતો. એક પૂરપાટ જતી બોલેરો અને બસ વચ્ચે ભીષણ ટક્કર થઈ હતી. આ ટક્કરને કારણે જોરદાર ધડાકો થયો

અનુસંધાન પાના ૭ પર

## લીમખેડામાં ટ્રક સાથે વિંગર ગાડી અથડાઈ

# કુંભમાંથી પરત ફરતા અંકલેશ્વર અને ધોળકાના ચાર શ્રદ્ધાળુઓનાં મોત

ગાંધીનગર, તા. ૧૫

લીમખેડાના પાલ્લી ગામ નજીક હાઈવે પર શુક્રવારે મોડીરાત્રે એક ગમખ્વાર અકસ્માતની ઘટના સામે આવી છે. પ્રયાગરાજ કુંભમેળામાંથી પરત ફરી રહેલા શ્રદ્ધાળુઓની ટાટા વિંગર ટ્રાવેલર ગાડી (GJ-05-CW-2699) રસ્તા પર ઊભેલી ટ્રક (UP-53-FT-0167) સાથે ધડાકાભેર અથડાતાં અંકલેશ્વર અને ધોળકા વિસ્તારના ચાર શ્રદ્ધાળુનાં કરુણ મોત નીપજ્યાં છે, જ્યારે પાંચથી વધુ લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે. અકસ્માતની જાણ થતાં જ સ્થાનિક પોલીસ અને આરોગ્ય વિભાગની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી. તમામ ઘાયલોને તાત્કાલિક સારવાર માટે દાહોદ સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, જ્યાંથી વધુ સારવાર અર્થે દાહોદની ઝાયડસ હોસ્પિયલમાં ખેસડાયા છે, જ્યાં તેમની સારવાર ચાલી રહી છે .

અનુસંધાન પાના ૭ પર

# મહારાષ્ટ્રમાં લવ જેહાદ અને ધર્મ પરિવર્તન સામે કાયદો બનશે

## લવ જેહાદની સંખ્યાબંધ ફરિયાદો મળતા મહારાષ્ટ્ર સરકારે વિશેષ કમિતિ બનાવી

મુંબઈ, તા. ૧૫

લવ જેહાદ અને છેતરપિંડી કરીને કે પછી જબરદસ્તીથી ધર્મ પરિવર્તન રોકવા મહારાષ્ટ્રની મહાયુતિ સરકાર કાયદો બનાવવાની તૈયારીમાં છે. આ બારામાં મહારાષ્ટ્રના પોલીસ મહા નિર્દેશકની અધ્યક્ષતામાં ૭ સભ્યોની એક ખાસ સમિતિ બનાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ સમીતી અત્યાર સુધી મળેલી ફરિયાદોનું સમાધાન કરવા, અન્ય રાજયોના કાયદાનો અભ્યાસ કરશો.

મહારાષ્ટ્રના પોલીસ મહા નિર્દેશકની અધ્યક્ષતામાં રચાયેલી સમીતીમાં વધારાના મુખ્ય સચિવ, પ્રધાન સચિવ, સચિવ મહિલા અને બાલ વિકાસ વિભાગ, લઘુમતી વિભાગ, સચિવ સામાજીક ન્યાય અને વિશેષ સહાયતા વિભાગ વગેરેને સભ્ય બનાવાયા છે.

કાયદા પર અભ્યાસ કરશે કમીટીઃ ગૃહ વિભાગના સહ સચિવ, ઉપસચિવ સભ્ય સચિવ અને સહ સચિવ, ઉપ સચિવ (કાયદો) સભ્ય બનાવાયા છે. આ સમિતિ મહારાષ્ટ્રમાં વર્તમાન સ્થિતિનો અભ્યાસ કરીને લવ જેહાદ, છેતરપીડી અને બળજબરીથી ધર્મ પરિવર્તનના સંબંધમાં મળેલી ફરિયાદોથી સમાધાન કરશે. સાથે સાથે કાનૂની પાસાઓની તપાસ કરીને અને અન્ય રાજયોમાં મોજૂદ કાયદાઓનો અભ્યાસ કરી કાયદા અનુરૂપ ભલામણ કરશે.

ઉતરપ્રદેશમાં લાગુ છે કાયદોઃ લવ જેહાદ મામલે પહેલા ઉતરપ્રદેશમાં કાયદો બનાવાયો હતો. ત્યાં દોષી વ્યક્તિને ૨૦ વર્ષની સજાની જોગવાઈ કરવામાં આવી છે. ગુજરાત, હિમાચલ પ્રદેશ, ઝારખંડ, મધ્યપ્રદેશ, ઉતરાખંડ અને

અનુસંધાન પાના ૭ પર



# જ્યા કસાબ કેદ હતો તે જેલમાં આતંકી તહવ્વુર રાણાને રખાશે

## તહવ્વુર રાણાના પ્રત્યાર્પણની મંજુરી મળતા મહારાષ્ટ્ર સરકારે તૈયારી શરૂ કરી

નવી દિલ્હી, તા. ૧૫

મુંબઈના ૨૬/૧૧ના આતંકી હુમલાના આરોપી તહવ્વુર રાણાના ભારતને પ્રત્યાર્પણ કરવાની ટ્રમ્પની જાહેરાત બાદ મહારાષ્ટ્ર સરકારની તૈયારી મામલે પૂછવામાં આવતા મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડનવીસે જણાવ્યું હતું કે, અમે કસાબને પણ રાખ્યો હતો, એમાં કંઈ મોટી વાત છે અમે તેને (રાણાને) પણ જરૂર રાખી લઈશું.

અનુસંધાન પાના ૭ પર

# લોકશાહી અંગે દૃઢ આશાવાદ વ્યક્ત કરતા એસ. જયશંકર

## વિદેશમંત્રીએ માત્ર એક આંગળી બતાવી પશ્ચિમી દેશોની બોલતી બંધ કરી

નવી દિલ્હી, તા. ૧૫

ભારતના વિદેશમંત્રી એસ. જયશંકર તેમની સ્પષ્ટવક્તા શૈલી અને તેમની વ્યંગાત્મક રીતે વાત કરવા માટે જાણીતા છે. અનેક પ્રસંગોએ તેણે વિદેશની ધરતી પર એવા જવાબો આપ્યા છે કે સામેની વ્યક્તિ પણ અવાચક બની ગઈ છે. આવો જ વધુ એક કિસ્સો સામે આવ્યો છે.શુક્રવારે મ્યુનિક સુરક્ષા પરિષદમાં ભારતીય વિદેશમંત્રી એસ. જયશંકરે લોકશાહી અંગે પશ્ચિમી દેશોની ધારણા પર ઝાટકણી કાઢી. તેમણે કહ્યું કે પશ્ચિમ દેશો ઘણીવાર લોકશાહીને માત્ર તેની વિશેષતા તરીકે જ જુએ છે. તેમણે આ નિવેદન 'લાઈવ ટુ વોટ અનધર ડેઃ ફોર્ટીફાઈંગ ડેમોક્રેટિક રિઝિલિન્સ' પેનલ ચર્ચા દરમિયાન આપ્યું હતું, જેમાં નોર્વેના વડાપ્રધાન જોનાસ ગહર સ્ટોરી, યુએસ સેનેટર એલિસા સ્લોટકીન અને વોર્સોના મેયર રફાલ ટ્રુસ્કોવસ્કી પણ સામેલ હતા.

બેઠકમાં કેટલાક પેનલિસ્ટએ કહ્યું કે વિશ્વમાં લોકશાહીનું ભવિષ્ય જોખમમાં છે. જોકે, ભારતીય વિદેશમંત્રી એસ. જયશંકરે આ દાવાને નકારી કાઢ્યો અને કહ્યું કે 'હું લોકશાહીને લઈને આશાવાદી છું. હું હમણાં જ મારા રાજ્યની ચૂંટણીમાં ભાગ લઈને આવ્યો છું. ગયા વર્ષે રાષ્ટ્રીય ચૂંટણી યોજાઈ હતી, જેમાં ૯૦ કરોડ મતદારોમાંથી લગભગ ૭૦ કરોડ લોકોએ મતદાન કર્યું હતું. ભારતમાં, મતોની ગણતરી એક જ દિવસમાં પૂર્ણ થાય છે.'

વિદેશમંત્રીએ વધુમાં કહ્યું, 'દાયકાઓ પહેલા કરતાં આજે ૨૦% વધુ લોકો મતદાન કરે છે. તેથી, જો કોઈ કહે કે લોકશાહી વૈશ્વિક કટોકટીમાં છે, તો હું તેની સાથે સંપૂર્ણપણે અસંમત છું. ભારતમાં લોકશાહી જીવંત છે, મતદાન યોગ્ય રીતે થઈ રહ્યું છે અને અમે અમારા લોકશાહી માર્ગ વિશે આશાવાદી છીએ. અમારા માટે, લોકશાહીએ ખરેખર પરિણામો આપ્યા છે.'

લોકશાહી પરના સેનેટર એલિઝા સ્લોટકીને નિવેદન આપ્યું હતું કે, 'લોકશાહી તમારી થાળી ભોજનથી નથી ભરી દેતી.' તેના જવાબમાં વિદેશમંત્રી જયશંકરે કહ્યું

અનુસંધાન પાના ૭ પર

# કેજરીવાલે બનાવેલા શીશ મહેલની તપાસ કરવા સીવીસીનો આદેશ

## દિલ્હીની ચૂંટણીમાં હાર બાદ કેજરીવાલ નવી આફતમાં ફસાયા

નવી દિલ્હી, તા. ૧૫

દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલના ૬ ફ્લેગશિપ રોડ ખાતેના બંગલાનું નિરીક્ષણ કરવામાં આવશે. સેન્ટ્રલ વિજિલન્સ કમિશન (CVC)એ ૧૩મી ફેબ્રુઆરીના રોજ આ આદેશ જારી કર્યો હતો. સેન્ટ્રલ પબ્લિક વર્ક્સ ડિપાર્ટમેન્ટ (CPWD)નો રિપોર્ટ બહાર આવ્યા બાદ CVCએ તપાસનો આદેશ આપ્યો. રિપોર્ટમાં આરોપ મૂકવામાં આવ્યો છે કે ૪૦,૦૦૦ ચોરસ યાર્ડ (૮ એકર)માં ફેલાયેલા આ ભવ્ય હવેલીના નિર્માણમાં ઘણાં નિયમોનું ઉલ્લંઘન કરવામાં આવ્યું હતું.

ભાજપ નેતા વિજેન્દ્ર ગુપ્તાએ મુખ્યમંત્રીના નિવાસસ્થાન (૬, ફ્લેગ સ્ટાફ રોડ) ના નવીનીકરણ અને આંતરિક સુશોભન પર વધુ પડતા ખર્ચ અંગે સેન્ટ્રલ વિજિલન્સ કમિશન (CVC) માં સત્તાવાર ફરિયાદ નોંધાવી હતી. જેમાં તેમણે ફરિયાદમાં મોટા પાયે નાણાકીય ગેરરીતિઓનો આરોપ લગાવ્યો હતો અને કહ્યું હતું કે, 'અરવિંદ કેજરીવાલે કરદાતાઓના કરોડો રૂપિયા તેમના નિવાસસ્થાન પર ખર્ચ્યા હતા. લક્ઝરી વસ્તુઓ પરનો

અનુસંધાન પાના ૭ પર

# અમેરિકા, ચીન અને હોંગકોંગના શેરબજારના માર્કેટ કેપમાં વધારો

## હવે વૈશ્વિક ઈકિવટી માર્કેટમાં ભારતનો હિસ્સો ફક્ત ૩.૬૩ ટકા

નવી દિલ્હી, તા. ૧૫

ભારતીય શેરબજારમાં ડોમેસ્ટીક તમામ 'ઈવેન્ટ' જે શેરબજારના મૂડને સુધારી શકતા નથી તે પુરા થયા બાદ વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીની અમેરિકા મુલાકાત પર નજર હતી તેમાં પણ એડવેન્ટેજ અમેરિકા જેવી સ્થિતિ બની છે.

ગઈકાલે ભારતીય શેરબજારે તે ફેકટરને પણ હવે ભુલાવી દીધુ છે તેની સોમવારે જયારે શેરમાર્કેટ ખુલશે તો કેવી મુવમેન્ટ હશે તેના પર જબરી નજર છે તે સમયે ભારતીય શેરબજારમાં લીસ્ટેડ કંપનીઓના માર્કેટ કેપ ૧૮ માસના સૌથી નીચા સ્તરે પહોંચી ગયો છે અને તે ૩.૬૩% ઘટયો છે.

વિશ્વના શેરબજારોમાં પણ ભારતીય કંપનીઓનું માર્કેટ કેસ છેલ્લા કેટલાક મહિનાઓમાં જબરૂ ઘટયુ છે. હજુ ગત વર્ષ જુલાઈ માસમાં વિશ્વના બજારોમાં ભારતીય લીસ્ટેડ કંપનીઓનું માર્કેટ કેપ ૪.૬૪% હતુ જે હવે ઘટીને ૩.૬૩% થઈ ગયુ છે. ડિસેમ્બર ૨૦૨૪માં જે સ્થિતિ હતી તેમાં આ ઘટાડો થયો છે. વિશ્વબજારમાં ભારતીય કંપનીઓનું માર્કેટ કેપ સપ્ટેમ્બર-૨૦૨૪માં ૪.૫૨% હતું.

ડિસેમ્બર ૨૦૨૪માં તે ઘટીને ૪.૧૮% નોંધાયુ અને હવે તે ૨.૬૩% છે જેથી લીસ્ટેડ કંપનીઓની માર્કેટ કેપમાં સપ્ટેમ્બર ૨૦૨૪થી આજ દિવસ સુધીમાં ૧૦૫૦ બિલિયન ડોલરનો ઘટાડો થયો છે.

મુંબઈ શેરબજારમાં લીસ્ટેડ તમામ કંપનીઓનું સંયુક્ત માર્કેટ કેપ ૪૬૧૨.૯ બિલિયન ડોલર શુક્રવારે (ગઈકાલે) નોંધાયુ હતુ જે ૨૦૨૪ના અંતે ૫૧૬૨.૨ બિલિયન ડોલર હતું અને સપ્ટેમ્બર ૨૦૨૪ના તે ૫૬૬૦.૪ બિલિયન ડોલર હતું. આમ તે સપ્ટેમ્બર ૨૦૨૪ બાદ ૧૦૫૦ બિલિયન ડોલર ઘટયુ છે.

અનુસંધાન પાના ૭ પર

# કાલે રાહુલ ગાંધી અને પ્રિયંકા મહાકુંભમાં ડૂબકી લગાવશે

## રાહુલ ગાંધીના પ્રયાગરાજ કાર્યક્રમ સત્તાવાર જાહેર કરાયો નથી

નવી દિલ્હી, તા. ૧૫

લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધી અને તેમની બહેન સાંસદ પ્રિયંકા ગાંધી મહાકુંભમાં ડૂબકી લગાવવા પ્રયાગરાજ જઈ શકે છે. જેના માટે ઉત્તર પ્રદેશ કોંગ્રેસને તૈયાર કરવામાં આવી રહી છે.

રાહુલ ગાંધી પ્રયાગરાજ ક્યારે જશે તે વિશે હજુ સુધી કોઈ સત્તાવાર તારીખ જાહેર કરવામાં નથી આવી. પંરતુ, જલ્દી આ મુદ્દે નિર્ણય લેવામાં આવશે તે નક્કી છે.

સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી ૧૬ ફેબ્રુઆરીના દિવસે પવિત્ર સ્નાન માટે મહાકુંભ જઈ શકે છે. પહેલાં તેઓ ૪ ફેબ્રુઆરીએ મહાકુંભ જવાના હતાં.પરંતુ, સંસદ સત્રના કારણે તેને મુલતવી રાખવામાં આવ્યું. સંસદ સત્રનો પહેલો તબક્કો હવે સમાપ્ત થઈ ચુક્યો છે. એવામાં થોડા સમયમાં રાહુલ ગાંધી પ્રયાગરાજ પહોંચી શકે છે. નોંધનીય છે કે, ૨૬ માર્ચના દિવસે મહાકુંભ સમાપન થઈ જશે.

# સિંગરૌલીમાં ટ્રકે બે લોકોને કચડી મારતા ફાટી નિકળેલી ભારે હિંસા

## ઉશ્કેરાયેલા ટોળાએ સાત બસો અને ચાર હાઈવા ટ્રકોને આગ લગાડી

નવી દિલ્હી, તા. ૧૫

મધ્યપ્રદેશના સિંગરૌલી જિલ્લામાં કોલસા ભરેલા ટ્રકની ટક્કરથી મોટરસાઈકલ પર મુસાફરી કરી રહેલા બે વ્યક્તિઓના મોત બાદ ગુસ્સે ભરાયેલા ટોળાએ સાત બસો અને ચાર હાઈવા (કાર્ગો વાહનો) ને આગ ચાંપી દીધી હતી, જેના લીધે વિસ્તારમાં અરાજકતા ફેલાઈ ગઈ હતી.

મૃતકોની ઓળખ રામલાલ યાદવ અને રામસાગર પ્રજાપતિ તરીકે થઈ છે. આ ઘટના માડા પોલીસ સ્ટેશન વિસ્તાર હેઠળના અમિલિયા ખીણમાં બની હતી. બંને મૃતકો સ્થાનિક રહેવાસી હતા. અમેલિયા ખીણમાં માર્ગ અકસ્માત બાદ થયેલી અંધાધૂંધીની માહિતી મળ્યા બાદ પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી અને ભીડને શાંત કરીને પરિસ્થિતિને કાબુમાં લીધી હતી.

પોલીસે અકસ્માતમાં માર્યા ગયેલા બંને લોકોના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે જિલ્લા હોસ્પિટલમાં મોકલી આપ્યા હતા. પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને, અનેક પોલીસ સ્ટેશનના જવાનોને ઘટનાસ્થળ પર તૈનાત કરવામાં આવ્યા હતા. સિંગરૌલી કલેક્ટર ચંદ્રશેખર શુક્લા અને પોલીસ અધિક્ષક મનોજ ખત્રી પણ ઘટનાસ્થળે પહોંચ્યા અને પરિસ્થિતિનો તાગ મેળવ્યો.

માહિતી મુજબ, ટોળા દ્વારા જે વાહનોને આગ લગાવવામાં આવી હતી તે એ જ કોલસા ખાણ કંપનીના હતા જેના લોડર ટ્રકે અકસ્માત સર્જ્યો હતો. આ વાહનો કોલસાના

અનુસંધાન પાના ૭ પર

# ટ્રમ્પે એક દિવસમાં વધુ ૯૫૦૦ કર્મચારીઓને હાંકી કાઢયા

## સરકરાના જુદા જુદા વિભાગોના કર્મચારીઓ પર ટ્રમ્પની તવાઈ

વોશીંગ્ટન, તા. ૧૫

અમેરિકામાં અમલદારશાહી-સરકારી કર્મચારીઓની સંખ્યા ઘટાડવાનાં ભાગરૂપે ટ્રમ્પ તંત્ર દ્વારા એક જ દિવસમાં ૯૫૦૦ કર્મચારીઓની હકાલપટ્ટી કરવામાં આવી હતી. આ કર્મચારીઓ સરકારી જમીનનાં રક્ષણથી માંડીને નિવૃતિ સૈનિકોની સારસંભાઈ જેવી જવાબદારી સંભાળતા હતા. રાષ્ટ્રપતિ ટ્રમ્પ તથા તેમનાં સલાહકાર ઈલોન મસ્ક દ્વારા નોકરશાહી ઘટાડવાનો પ્લાન તૈયાર કરાયો છે અને તેમાં તંત્ર આગળ વધી રહ્યુ છે.

અમેરિકાના ગૃહ વિભાગ, ઉર્જા, વેટરન્સ અફેર્સ, કૃષિ, આરોગ્ય અને અન્ય ઘણા વિભાગોમાં છટણી કરવામાં આવી છે. નોકરીમાંથી કાઢી મૂકાયેલા મોટાભાગના લોકો પ્રોબેશન પીરિયડ પર હતા. ઘણા કર્મચારીઓને નોકરી પર એક વર્ષ પણ પૂરું નહોતું થયું.

જયારે કેટલીક સરકારી એજન્સીઓ પણ બંધ કરી દેવામાં આવી છે. તેમાં કધઝ્યૂમર ફાઈનાન્શિયલ પ્રોટેક્શન બ્યુરોનો પણ સમાવેશ થાય છે. આ

અનુસંધાન પાના ૭ પર

# ભારતમાં ધનની નહીં :ઈમાનદાર નેતાઓની અછત છે : નિતીન ગડકરી

## ઉત્તર પ્રદેશમાં રૂ. ૧૦૨૮ કરોડની માર્ગ પરિવહન યોજનાઓનું લોકાર્પણ

લખનૌ, તા. ૧૫

સરકારી તુમારશાહી સહિતના મુદે અનેક વખત સ્પષ્ટ અને બિન્દાસ નિવેદનો કરવા માટે જાણીતા કેન્દ્રીય મંત્રી શ્રી નિતીન ગડકરીએ ઉતરપ્રદેશમાં અનેક શહેરોમાં ટુ-લેન માર્ગને ફોર લેન અને ફોર લેનને સિકસ લેન કરવાની જાહેરાત કરવાની સાથે એક રસપ્રદ અને વધુ બેધડક વિધાન કરતા કહ્યું કે દેશમાં વિકાસ સહિતના કામો માટે



ધનની (નાણાની) અછત નથી પણ ઈમાનદાર નેતાઓની અછત છે.

કેન્દ્રીય મંત્રી શ્રી રાજનાથ સિંઘ તથા ઉતરપ્રદેશના મુખ્યમંત્રી શ્રી યોગી આદીત્યનાથસિંહ સહિતના નેતાઓની હાજરીમાં યોજાયેલા એક સમારોહને સંબોધન કરતા શ્રી ગડકરીએ કહેલુ આ વિધાન રાજકીય વર્તુળોમાં જબરૂ ચર્ચાસ્પદ બની ગયુ છે.

તેઓએ ઉતરપ્રદેશને દેશના

અનુસંધાન પાના ૭ પર

# મનસ્વી રીતે આરોગ્ય વિમાના ક્લેઈમ નકારતી કંપનીઓ વિરુદ્ધ રજૂઆત

## ચેમ્બર દ્વારા કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણને ફરિયાદ

સુરત, તા.૧૫

ભારતમાં કાર્યરત હેલ્થ ઈન્સ્યુરન્સ કંપનીઓ દ્વારા Reasonable and Customary Charge (R&C) કલમનો મનસ્વી રીતે ઉપયોગ કરવામાં આવી રહયો છે ત્યારે આ કલમને આધારે તથા બ્લેકલિસ્ટ કરાયેલી હોસ્પિટલમાં સારવાર લીધી હોવાનું તેમજ સારવાર માટે હોસ્પિટલમાં દાખલ થવાની જરૂર જ ન હતી એવા કારણો બતાવીને વીમા કંપનીઓ, વીમા ધારકોની કલેઈમ સંબંધિત દાવાની રકમમાં કપાત કરવાની મનમાની કરી રહી છે, જેને કારણે વીમા ધારકો આર્થિક રીતે હાલાકીનો ભોગ બની રહયા છે, આથી વીમા ધારકોની આ સમસ્યાના નિરાકરણ હેતુ ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા આજરોજ ભારતના કેન્દ્રિય નાણાં મંત્રી શ્રીમતી નિર્મલા સીતારમણને વીમા ધારકોના કલેઈમ સંબંધિત દાવાઓને મનસ્વી રીતે નકારી કાઢતી ભારતમાં કાર્યરત હેલ્થ ઈન્સ્યુરન્સ કંપનીઓની મનમાનીને અટકાવવા માટે લેખિતમાં વિસ્તૃત રજૂઆત પાઠવવામાં આવી છે.

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખ શ્રી વિજય મેવાવાલાએ જણાવ્યું હતું કે, ભારતના કેન્દ્રિય નાણાં મંત્રી શ્રીમતી નિર્મલા સીતારમણને લેખિતમાં કરાયેલી રજૂઆત મુજબ કોઈ પણ વ્યકિત હેલ્થ ઈન્સ્યુરન્સ એના તબીબી ખર્ચાઓ પૂરા કરવા માટે લેતો હોય છે, ત્યારે હેલ્થ ઈન્સ્યુરન્સ કંપનીઓ દ્વારા Reasonable and Customary Charge (R&C) કલમના આધારે કલેઈમ સંબંધિત દાવાની રકમને કાપવામાં આવી રહી છે, જેને કારણે વીમા ધારકો માટે ભારે નાણાંકીય મુશ્કેલી ઊભી થઈ રહી છે, ખાસ કરીને જ્યારે તે અન્યાયી અથવા ગેરવાજબી રીતે લાગુ કરવામાં આવે છે.

હકીકતમાં, કંપનીઓ દ્વારા વીમાધારક વ્યક્તિની વાસ્તવિક તબીબી જરૂરિયાતોને ધ્યાનમાં લીધા વિના, મનસ્વી રીતે કલેઈમ સંબંધિત દાવાની રકમને ઘટાડવા માટે Reasonable and Customary Charge (R&C) કલમનો ખોટી રીતે ઉપયોગ કરવામાં આવી રહયો છે, જેને કારણે ઘણીવાર વીમાધારકને તબીબી ખર્ચની ઘણી ખરી રકમ પોતે ચૂકવવાની ફરજ પડે છે, જે નાણાંકીય રીતે વીમાધારકને પાયમાલ કરી નાંખે છે. ખાસ કરીને મોટી શસ્ત્રક્રિયાઓ અથવા લાંબા ગાળાની સારવારના કિસ્સામાં વીમા ધારકોને આર્થિક બોજો સહન કરવાનો વારો આવી રહયો છે. ઘણા કિસ્સાઓમાં તો વીમા ધારકોને સારવારનો ખર્ચ હેલ્થ ઈન્સ્યુરન્સ કંપનીઓ માને છે તેના કરતા વધારે આવે છે. Reasonable and Customary Charge (R&C) કલમનો ઉપયોગ ઘણીવાર વિસંગત પણ હોય છે, જે ચોક્કસ પોલિસીધારકોને, ખાસ કરીને ઉચ્ચ આરોગ્યસંભાળ

અનુસંધાન પાના ૭ પર

# મહાનગરપાલિકામાં વહીવટી વિભાગમાં ૨૬૨૨માંથી ૯૨૦ જેટલી જગ્યા ખાલી

સુરત, તા.૧૫

સુરત મહાનગરપાલિકામાં વહીવટી કેડરમાં બઢતીથી નિયત થયેલ જગ્યાઓ જેવી કે, (૧) આસી.મેનેજર,શિડ્યુલ મુજબ મંજુર કુલ ૧૮ જગ્યાઓ પૈકી,માત્ર ૪ જગ્યા ભરાયેલ છે જ્યારે ૧૪ જગ્યાઓ ખાલી છે.(૨) સેકશન ઓફિસરની શિડ્યુલ મુજબ કુલ મંજૂર જગ્યાઓ ૯૧ પૈકી,માત્ર ૩૦ જગ્યા ભરાયેલ છે,૬૧ જગ્યાઓ ખાલી છે.(૩) પ્રથમ શ્રેણી કલાર્ક, શિડ્યુલ મુજબ કુલ મંજુર જગ્યાઓ ૧૮૩ પૈકી ૭૯ જગ્યાઓ ભરાયેલ છે, જ્યારે ૧૦૪ જગ્યા ખાલી છે.(૪) બીજી શ્રેણી કલાર્ક, શિડ્યુલ મુજબ કુલ મંજૂર જગ્યાઓ ૬૭૧ છે.જે પૈકી ૧૭૧ જગ્યા ભરાયેલ છે,જ્યારે કુલ ૫૦૦ જગ્યા ખાલી છે.(૫) ત્રીજી શ્રેણી કલાર્ક શિડ્યુલ મુજબ કુલ મંજૂર જગ્યાઓ ૧૬૫૯ પૈકી૧૪૦૯ જગ્યા ભરાયેલ છે,જ્યારે ૨૫૦ જગ્યા ખાલી છે.આમ વહીવટી વિભાગની ૯૨૦ જેટલી જગ્યાઓ હાલમાં ખાલી છે.જે તાકીદે બઢતીથી ભરવા અંગે સુરત સુધરાઈ કામદાર સ્ટાફ યુનિયન દ્વારા કમિશ્નરશ્રી તથા ડે.કમિશ્નરશ્રી(મધ્યસ્થ મહેકમ)ને લેખિત આવેદનપત્ર આપી તમામ ખાલી જગ્યાઓ, તાકીદે બઢતીથી ભરવા રજુઆત કરેલ છે.તેમજ વહીવટી કેડરની અન્ય પડતર નીચે મુજબની માંગણીઓ તાકીદે પરી કરવા પણ રજુઆત કરેલ છે.વિશેષ માંગણી એ છે કે, પ્રમોશનની પ્રકીયા દરેક કેડરમા માસ ટુ માસ કરવામાં આવે, જેમકે કોઈ કર્મચારીનો નંબર હવે પછી પ્રમોશનમાં છે અને બઢતી જોગ જગ્યા ખાલી છે. તો વધુમાં વધુ એક માસ બાદ તેને પ્રમોશન મળી રહે,તે મુજબની ઝડપી પ્રકીયા કરવામાં આવે. તે માટે કર્મચારીઓના કામગીરીના મુલ્યાંકન અહેવાલ, સીસીસી વિગેરે.અગાઉથી મંગાવી લેવા જોઈએ તેમજ ડી.પી.સી.ની પ્રકીયા પણ દર માસે થાય તે મુજબ વ્યવસ્થા ગોઠવવા અમારી ભારપુર્વક રજુઆત છે. જેથી નિવૃતિની આરે આવેલ કર્મચારી કે અધિકારી બઢતીથી વંચિત રહી ન જાય.વધુમાં ઉકત તમામ વહીવટી કેડરની મંજુર જગ્યાઓ પૈકી શહેરના હદ વિસ્તરણ બાદ મંજુર શિડયુઅલમાં વધારો થયેલ નથી.જેના કારણે એક કર્મચારીને ૩ ટેબલની કામગીરીનું ભારણ રહેતું હોય છે. જેથી વહીવટી કેડરની તમામ મંજુર જગ્યાઓમાં વધારો કરવામાં આવે,તેવી અમારી માંગણી છે.અગાઉ જે બીજી શ્રેણી કલાર્ક કર્મચારીઓ પાસે મુલ્યાંકન અહેવાલ મંગાવવામાં આવેલ છે, તેવા કર્મચારીઓને તાકીદે પ્રથમ શ્રેણી કલાર્કમાં પ્રમોશન આપવામાં આવે.ત્રીજી શ્રેણી કલાર્કને ૧૦ વર્ષના પ્રથમ ઉચ્ચતર દરમ્યાન મળતાં ગ્રેડ પે ની વિસંગતતા દૂર કરવામાં આવે.તેમજ વર્ગ-૪ના ગ્રેજયુંએટ થયેલ(પરીપત્ર થી ફોર્મ ભરાયેલ છે.)જેને એક વર્ષ

અનુસંધાન પાના ૭ પર

## કર્મચારીઓની અછતને પગલે કામગીરીમાં વિલંબ



# કાલે હજીરા પોર્ટ રો-રો ફેરી પાસેથી મગદલ્લા પોર્ટ સુધીની સમુદ્ર હોડી સ્પર્ધાનું આયોજન

## સમુદ્રમાં સઢવાળી હોડીઓ વચ્ચે હરિફાઈ જામશે

સુરત, તા.૧૫

રાજયના યુવક, સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ-ગાંધીનગર આયોજિત હરિઓમ આશ્રમ-નડિયાદ પ્રેરિત અને સુરત જિલ્લા વહીવટી તંત્ર સંચાલિત ૪૪મી મહાજન સ્મારક સમુદ્ર હોડી સ્પર્ધા તા.૧૬મીએ રવિવારે હજીરા પોર્ટ રો-રો ફેરી પાસેથી શરૂ કરી મગદલ્લા પોર્ટ (૨૧ કિ.મી.) સુધી યોજાશે. સ્પર્ધાનો માર્ગ હજીરાથી ગણપતિ વિસર્જન ઓવારા સુધી રહેશે. માત્ર સઢવાળી હોડીઓ વચ્ચે હરિફાઈ જામશે. જેનો લ્હાવો સુરતવાસીઓને માણવા મળશે.

સદ્દગત પૂ. મોટાની પ્રેરણા અને માર્ગદર્શન હેઠળ ૧૯૭૦-૭૧માં પ્રથમવાર દીવથી જાફરાબાદ વચ્ચે સમુદ્ર હોડી સ્પર્ધા યોજાઈ હતી. ગરવી ગુજરાતના સાગરખેડૂઓના ખમીરને પ્રગટાવતી ૪૪મી મહાજન સ્મારક સમુદ્ર હોડી સ્પર્ધા ઘણા વર્ષો બાદ સુરતના આંગણે યોજાવા જઈ રહી છે. આ સ્પર્ધા સઢવાળી હોડીઓ વચ્ચે યોજાશે. રાજ્યના વિવિધ સાંગરકાંઠાના નાવિક, ટંડેલ, ખારવા, ખલાસી, માછી સમાજના ભાઈઓ આ સ્પર્ધામાં ઉત્સાહ અને ઉમંગથી ભાગ લે છે.

આદિકાળથી માનવીને કુદરત સાથે અત્યંત નિકટનો નાતો રહ્યો છે. એટલે જ તે હંમેશા કુદરતમાંથી પ્રેરણા મેળવતો રહ્યો છે અને જાણે કુદરતને આંબવા સતત પુરૂષાર્થી બનતો રહ્યો છે. પક્ષીને ઉડતાં જોઈને મનુષ્યને પણ હવામાં તરવાની-ઉડવાની પ્રેરણા મળી અને તેમાંથી જ હવાઈ જહાજોની શોધનો પુરૂષાર્થ પ્રગટયો. તેમાંથી અનેકવિધ અને ચિત્ર-વિચિત્ર હવાઈ જહાજોનું સંશોધન થયું તથા જમ્બો જેટ જેવા વિશાળકાય વિમાનોનું નિર્માણ થયું. પાણીમાં તરતાં પ્રાણીઓને જોઈ માનવીને એ માધ્યમને મહાત કરવાના પણ મનોરથ જાગ્યા. જોજનનું અંતર કાપતાં વહાણો,

# ખેરગામમાં સગીર બાળકીનું શોષણ કરનારની ધરપકડ

## અવાર નવાર દુષ્કર્મ કરાતા સગીરાને ગર્ભ રહી ગયો

ખેરગામ, તા.૧૫

ખેરગામ તાલુકાના એક ગામમાં કૌટુંબિક સંબંધ ધરાવતા શખ્સે સગીર વયની બાળકીનું શારીરિક શોષણ કરી તેને ગર્ભવતી બનાવી મારી નાખવાની ધમકી અંગેના બનાવમાં ખેરગામ પોલીસે બ્રિજેશ નાયકાની ધરપકડ કરી કોર્ટમાં રજૂ કરવાની તજવીજ હાથ ધરી છે. ખેરગામ પોલીસ પાસેથી પ્રાપ્ત માહિતી અનુસાર બ્રિજેશ બાલુ નાયકાએ પોતાના સંબંધીની ૧૩.૮ વર્ષની સગીરા ઘરે એકલી રહેતી હોય તે સમયગાળા દરમિયાન તેની સાથે બળજબરી પૂર્વક અવાર નવાર દુષ્કર્મ આચરી સગીરાને ગર્ભવતી બનાવી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ બનાવમાં પોલીસે બ્રિજેશ બાલુ નાયકા સામે પોસ્કો હેઠળ ગુનો નોંધી તેની ધરપકડ કરી કોર્ટમાં રજૂ કરવાની તજવીજ હાથ ધરવામાં આવી છે. પોલીસે આરોપી બ્રિજેશ નાયકા અને સગીરાના કપડાં કબજે લેવા સાથે તેની મેડિકલ ચકાસણી અને એફએસ એલ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી છે.

# પશુપાલકોને આર્થિક સંરક્ષણ પુરું પાડતી પશુધન વીમા સહાય યોજના

સુરત, તા.૧૫

ગુજરાતનો પશુપાલક વીમા કંપનીને માત્ર રૂ. ૧૦૦ પ્રીમીયમ ચૂકવીને પોતાના પશુને વીમા કવચથી સુરક્ષિત કરી શકે છે. આ માટે રાજ્ય સરકાર દ્વારા વર્ષ ૨૦૨૪ પશુપાલકોને આર્થિક સંરક્ષણ પૂરું પાડતી પશુધન વીમા સહાય યોજના અમલી બનાવી છે.

યોજનાનો લાભ મેળવવા ઈચ્છુક પશુપાલકો માટે વર્ષ દરમિયાન નિયત સમયે ખુલ્લું મૂકવામાં આવતા આઈ-ખેડૂત પોર્ટલ પર અરજી કરીને લાભ લઈ શકે છે. પોર્ટલ પર અરજી કરવાની જાહેરાત વર્તમાનપત્રોમાં પ્રસારિત થતી હોય છે. પ્રતિ પશુપાલક ૧ થી ૩ વેતરના હોય તેવા ગાય-ભેંસ વર્ગના મહત્તમ ૩ પશુઓ માટે સહાય મળવાપાત્ર છે. નોંધનીય છે કે, યોજનાને વધુ અસરકારક બનાવવા ગુજરાત પશુધન વિકાસ બોર્ડ અને ICICI લોમ્બાર્ડ જનરલ ઈન્સ્યોરન્સ કંપની વચ્ચે MOU થયા છે.

# ઈસ્કોન દ્વારા યોજાયેલી સ્પર્ધામાં ગટ્ટુ વિદ્યાલયના વિદ્યાર્થીઓ ઝળક્યાં

## ભગવત ગીતા અંગેની સ્પર્ધામાં તનય પટેલ પ્રથમ સ્થાને

અંકલેશ્વર, તા.૧૫

શ્રી ગટ્ટુ વિદ્યાલયમાં GSEBમાં ધોરણ - ૮ (અ) માં અભ્યાસ કરતો વિદ્યાર્થી તનય પટેલને ઈસ્કોન દ્વારા યોજાયેલી ભગવત ગીતા પરની મૂલ્ય શિક્ષણ સ્પર્ધામાં જિલ્લામાં પ્રથમ સ્થાન પ્રાપ્ત થયેલ છે. એ બદલ તેમને ટેબલેટ અને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા છે. તદઉપરાંત શ્રી ગટ્ટુ વિદ્યાલયની CBSE વિભાગમાં અભ્યાસ કરતી વિદ્યાર્થીની પ્રિયા મંડલને જિલ્લામાં દ્વિતીય સ્થાન પ્રાપ્ત થયેલ છે. આ માટે તેને સર્ટિફિકેટ એનાયત કરવામાં આવેલ છે. આ બદલ શાળા બંને વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવે છે. સફળતા માટે શાળા ઈસ્કોન સંસ્થાનો પણ આભાર માને છે. ઈસ્કોન સંસ્થાના ગુરુજનોએ શ્રી ગટ્ટુ વિદ્યાલયમાં આવી વિદ્યાર્થીઓમા મૂલ્ય કેળવવાના પ્રયત્નો કર્યા હતા. જેમકે ફરજ અને જવાબદારી ,સ્વયં શિસ્ત પર ધ્યાન કેન્દ્રિત કરવું ,ભય



અને તણાવ પર કાબુ મેળવવો, પ્રમાણિકતાની કેળવણી, નિસ્વાર્થ સેવા ભાવ ,આંતરિક શાંતિ અને માનસિક શક્તિ કેળવણી, સખત મહેનત અને દ્રઢતામાં

અનુસંધાન પાના ૭ પર

# સમસ્ત ગુજરાત બ્રહ્મ સમાજ દ્વારા કેન્સર અવેરનેસ કાર્યક્રમ

અંકલેશ્વર, તા.૧૫

ભારત વિકાસ પરિષદ તથા શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મ સમાજ જીઆઈડીસી અંકલેશ્વર દ્વારા તારીખ ૧૪મી ફેબ્રુઆરીના રોજ આયોજિત મહિલાઓ માટે કેન્સર અવેરનેસ,હેલ્થ એન્ડ હાઈજીન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ભારત વિકાસ પરિષદ પ્રાંત સહ સંયોજિકા રૂપલ જોષી,ભૃગુ ભૂમિ શાખા સહસંયોજિકા અનંતા આચાર્ય સહિતના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા,આ કાર્યક્રમમાં જયાબેન મોદી હોસ્પિટલના ડોક્ટર ભક્તિ શ્રોત્રિયા ઉપસ્થિત રહીને કેન્સર અવેરનેસ અંગે માર્ગદર્શન આપ્યું હતું.

## પાંડેસરાથી કાંતાદેવી પ્રજાપતિ ગુમ

સુરત, તા.૧૫

પાંડેસરા પોલીસ સ્ટેશનના જણાવ્યા અનુસાર તા.૨૦/૦૧/૨૦૨૫ ના રોજ પાંડેસરા વિસ્તારનાં રહે- પ્લોટ નં-૫૮ અવિભાર્વ સોસાયટી-૨ પાંડેસરા સુરત (મૂળ ગામ-નાંદા દેવ થાના-જસપુરા જી-બાંદા (યુપી) ખાતે રહેતા અશોકકુમાર પ્રજાપતિની ૨૦ વર્ષીય પુત્રી કાંતાદેવી પ્રજાપતિ ગુમ-અપહરણ થયેલ છે.જેઓ શરીરે મધ્યમ બાંધાના રંગે ગોરાવર્ણ છે.જેમની ઉંચાઈ ૦૫.૦૧ ફૂટ છે,જેમને શરીરે બદામી કલરની કુર્તી નેવી કાળા કલરનું જીન્સ પેન્ટ પહેરેલ છે.જુના જમણા હાથના કાંડાના ભાગે ત્રણ સ્ટાર નું છુંદણ કરાવેલ છે.જેઓ હિન્દી ભાષા જાણે છે.જે કોઈને ભાળ મળે તેમણે નજીકના પોલીસ સ્ટેશન અથવા પાંડેસરા પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા વિનંતી છે.

## ગોડાદરાથી રશ્મીદેવી બીરાદર લાપતા

સુરત, તા.૧૫

ગોડાદરા પોલીસ સ્ટેશનના જણાવ્યા અનુસાર તા.૨૨/૦૧/૨૦૨૫ ના રોજ ગોડાદરા વિસ્તારનાં રહે- ઘર નં.૪૫ શ્રધ્ધાસોસાયટી પેવેલીયન પ્લાઝા ડિંડોલી સુરત ખાતે રહેતા ભોમારામ નરેન્દ્રભાઈ બીરાદર ના ૩૫ વર્ષીય પત્ની રશ્મીદેવી બીરાદર ગુમ-અપહરણ થયેલ છે.જે શરીરે મધ્યમ બાંધાના રંગે ઘઉં વર્ણના છે.જેની ઉંચાઈ ૦૫.૦૩ફૂટ છે.જેને શરીરે કાળા કલરની સાડી પહેરેલ છે. જેઓહિન્દી,મારવાડી મરાઠી કન્નડ અને અંગ્રેજી ભાષા જાણે છે. જે કોઈને ભાળ મળે તેમણે નજીકના પોલીસ સ્ટેશન અથવા ગોડાદરા પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા વિનંતી છે.

## કતારગામથી હેતાક્ષી વરીયા લાપતા

સુરત, તા.૧૫

કતારગામ પોલીસ સ્ટેશનના જણાવ્યા અનુસાર તા.૨૮/૦૧/૨૦૨૫ના રોજ કતારગામ વિસ્તારનાં રહે- ઘર નં.૧૦૬ માધવ એપાર્ટમેન્ટ મગનગર-૦૨ ધનમોરા કતારગામ સુરત (મૂળરહે-તરેડગામ તા–મહુવા જી-ભાવનગર) ખાતે રહેતા નરોત્તમભાઈ ડાહ્યાભાઈ વરીયા ના ૧૬ વર્ષીય પુત્રી હેતાક્ષી વરીયા ગુમ-અપહણ થયેલ છે. જે શરીરે પાતળા બાંધાના રંગે ઘઉંવર્ણ છે.જેની ઉચાઇ ૦૫.૦ફૂટ છે. જેમણે શરીરે લીલાકલરની કુર્તી તથા સફેદ કલરની લેગીસ પહેરેલ છે.જેઓ હિન્દી અને ગુજરાતી ભાષા જાણે છે. જે કોઈને ભાળ મળે તેમણે નજીકના પોલીસ સ્ટેશન અથવા કતારગામ પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા વિનંતી છે.

## ભેસ્તાનથી નાસરીન ઉર્ફે સાનુ ગુમ

સુરત, તા.૧૫

ભેસ્તાન પોલીસ સ્ટેશનના જણાવ્યા અનુસાર તા.૩૦/૦૧/૨૦૨૫ ના રોજ ભેસ્તાન વિસ્તારનાં રહે-કાદર મોલવીના મકાનમાં નુરાની મસ્જિદની સામે તળાવ પાસે,ઉન ગામ ભેસ્તાન સુરત (મુળગામ-ગામ ઉરવા બજાર થાના જી ગોરખપુર) ખાતે રહેતા સમીર શેખના ૧૧ વર્ષીય પુત્રી નાસરીન ઉર્ફે સાનુ શેખ ગુમ-અપહરણ થયેલ છે.જેઓ શરીરે પાતળા બાંધાના રંગે ઘઉંવર્ણ છે. જેમની ઉંચાઈ ૦૪.૦૪ફૂટ છે.જેણે લાલ કલરની ફ્રોક પહેરેલ છે.જેમાં ડાયમન લગાવેલ છે તથા ક્રીમ કલરનો પાયજામો પહેરેલછે લાલ કલરની ઓઢણી ઓઢેલ છે. જેઓ ભોજપુરી અને હિન્દી ભાષા જાણે છે.જે કોઈને ભાળ મળે તેમણે નજીકના પોલીસ સ્ટેશન અથવા ભેસ્તાન પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા વિનંતી છે.

# શહેરની સફાઈ કરતા સફાઈ કામદારો જ્યાં રહે છે તે જગ્યાએ ગંદકીના ઢેર

## ગટરના ઢાંકણો ખુલ્લા, રીપેરીંગ કામ થતું જ નથી

સુરત, તા.૧૫


સુરત મહાનગરપાલિકાના સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં રાજેશ્રી સિનેમાની બાજુમાં,સુરત મહાનગરપાલિકામાં સફાઈ કામદાર તરીકેની ફરજ બજાવતા કર્મચારીઓ કામદારો માટે સ્ટાફ ક્વાર્ટર્સ બનાવવામાં આવેલ છે.આ સ્ટાફ ક્વાર્ટરના ગટરોના ઢાંકણો ખુલ્લા છે.ગંદકીના ઢગલા સમગ્ર વિસ્તારમાં પડેલા છે.અહીના રહીશો વારંવાર વોર્ડ ઓફીસ અને ઝોન ઓફિસમાં ફરિયાદો કરવા છતાં,તેઓની ફરિયાદ સાંભળવામાં



આવતી નથી. કોઈ જ પ્રકારની કામગીરી કરવામાં આવતી નથી.આજ કામદારો સુરત શહેરને ભારતમાં નંબર વન બનાવ્યું છે અને તે લોકો ત્યાં રહે છે તે જ જગ્યાએ આ પ્રકારની પરિસ્થિતિ સામે આવી છે.જે ખૂબ ગંભીર બાબત છે. આ અંગે આ તમામ ફરિયાદોનો તાકીદે નિરાકરણ આવે તેવું આ સ્ટાફ ક્વાર્ટર્સના રહીશો ઈચ્છે છે.

# સણીયા કણદે-કરાડવા ગ્રુપ ગ્રામ પંચાયત ખાતે સામાજિક ઓડિટની ગ્રામસભા મળી

## કલ્યાણકારી યોજનાઓનો લાભ મેળવવા માટે ગ્રામજનોને માર્ગદર્શન



સુરત, તા.૧૫

સામાજિક ઓડિટ નિયામક અને ગ્રામ વિકાસ કમિશનર-ગાંધીનગરના માર્ગદર્શનમાં નાણાકીય વર્ષના દર ૬ મહિને યોજાતા સામાજિક ઓડિટ અંતર્ગત ચોર્યાસી તાલુકાના સણીયા કણદે-કરાડવા ગૃપ ગ્રામપંચાયત ખાતે સામાજિક ઓડિટર દીપક જાયસવાલની ઉપસ્થિતિમાં ગ્રામસભા યોજાઈ હતી, જેમાં રાષ્ટ્રીય સામાજિક સહાયતા કાર્યક્રમ અંતર્ગત કલ્યાણકારી યોજનાઓનો લાભ મેળવવા માટે ગ્રામજનોને માર્ગદર્શન અપાયું હતું.

સામાજિક ઓડિટર દીપક જાયસવાલે સરકારની વિવિધ જનકલ્યાણકારી યોજનાઓનો મળતા લાભ અંગે પૃચ્છા કરી કામોની ભૌતિક ચકાસણી-સ્થળ તપાસ કરી હતી. ગ્રામસભા અને સામાજિક ઓડિટનો મુખ્ય ઉદ્દેશ્ય ગ્રામજનો એમના હકો અને લાભોથી વંચિત ન રહે, સમયસર લાભો મળે જેથી ગ્રામ વિકાસ સાથે જિલ્લા-રાજ્યના વિકાસમાં ગતિ આવે એ છે એમ દીપક જાયસવાલે કહ્યું હતું. સરપંચ જસપાલસિહ સોલંકીએ ગામના પ્રશ્નોનો નિકાલ અંગે વિગતો આપી હતી. આ તકે તલાટી આશિષ માંડવીયા, પોસ્ટ ઓફિસના કર્મચારીઓ, આંગણવાડી કાર્યકર અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજ સુરતનો રવિવારે સમૂહલગ્નોત્સવ

## સમૂહ લગ્ન સમારંભમાં ૬૦ યુગલો લગ્નગ્રંથીથી જોડાશે

સુરત, તા.૧૫

સમૂહલગ્નોત્સવના માધ્યમથી સંગઠન અને જનજાગૃતિનું કાર્ય કરતી સંસ્થા શ્રી સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજ સુરત તરફથી તા. ૧૬-૦૨-૨૫ રવિવારે ૬૬માં સમૂહલગ્નોત્સ્વનું આયોજન થયું છે. ભક્તિ ડેવલોપર્સના શ્રી રમેશભાઈ વી. ગજેરા પરિવારના યજમાન પદે યોજાનાર સમૂહલગ્નોત્સવ ૬૦ યુગલો લગ્નગ્રંથીથી જોડાનાર છે. મોટાવરાછા, આઉટર રીંગરોડ ઉપર, ગોપીનગામની સામે, વિશાળ મેદાનમાં સમુહલગ્ન સમારોહનું આયોજન કરવામાં આવ્યું છે. સમસ્ત પાટીદાર સમાજના સ્થાપક પ્રમુખ શ્રી લાલજીભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને યોજાનાર આ કાર્યક્રમમાં જામકંડોરણા શાહી સમૂહલગ્નોત્સવના આયોજન અને પૂર્વમંત્રી શ્રી જયેશભાઈ રાદડીયા ખાસ અતિથી પદે ઉપસ્થિત રહેનાર છે. જેમાં અખિલ ભારતીય સંત સમિતિ ગુજરાત પ્રદેશના ઉપાધ્યક્ષ પુ. રાજેન્દ્રદાસ બાપુ નવયુગલોને આશીર્વચન પાઠવશે. નવયુગલોને શુભાશીષ પાઠવવા માટે યોજાનાર સમારોહમાં રાજ્ય શિક્ષણમંત્રી શ્રી પ્રફુલભાઈ પાનશેરીયા, પર્યાવરણ મંત્રીશ્રી મુકેશભાઈ પટેલ તથા મેયરશ્રી દક્ષેશભાઈ માવાણી અને આદરણીય ધારાસભ્યશ્રીઓ ઉપસ્થિત રહેશે. ગંગાસ્વરૂપા બહેનોની સમાજના શુભ પ્રસંગો એ અવગણના થાય અને મન મળે તેવી જાગૃતિ લાવવા માટે સમૂહલગ્નોત્સ્વના પ્રારંભ માટે દિપ પ્રાગટ્યવિધી ગંગાસ્વરૂપ બહેનોના હાથે કરવામાં આવે છે. આ પ્રસંગે ૧૨૧ બહેનોને રૂપિયા ૧૨ લાખની સહાય યજમાન

અનુસંધાન પાના ૭ પર

### કન્યાદાન સાથે રક્તદાન

લોક સમર્પણ બ્લડ બેંક સુરત તરફથી શ્રી મારૂતિ ધૂન મંડળ અને વરાછા કલાસીસ એસોસિએશનના સહયારા પ્રવાસ અને વ્યવસ્થાથી રક્તદાન જાગૃતિ અર્થે રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. બ્લડ બેંકના પ્રમુખ હરિભાઈ કથીરિયાએ રકતદાન કરવા માટે અપીલ કરવામાં આવી છે. સંસ્થાના પ્રમુખશ્રી કાનજીભાઈ આર. ભાલાળા, ઉપપ્રમુખશ્રી સવજીભાઈ વેકરીયા, ખજાનચી મનહરભાઈ સાચપરા, મંત્રીશ્રી અરવિંદભાઈ ધડુક, સહમંત્રીશ્રી કાંતીભાઈ ભંડેરી તથા ધીરુભાઈ માલવિયા, ભવાનભાઈ નવાપરા, હરિભાઈ કથીરિયા, સહિત કાર્યકર્તા તથા યુવા ટીમ અને મહિલાવિંગ સમૂહલગ્નોત્સવની સફળતા માટે કાર્ય કરી રહી છે.



# સાડીમાં ચાલતી કી હોલ ફેશન?

સિમ્પલ આઉટફિટને કી હૉલ દ્વારા હટકે લૂક આપવામાં આવે છે. જે તમારા પરિધાનને નવો ઓપ તો આપે જ છે, પરંતુ સાથે જ એ ટ્રેન્ડી અને સ્ટાઈલિશ પણ દેખાય છે. બ્લાઉઝ હોય કે પછી કુરતી હોય કી હૉલથી કપડાં દેખાશે આકર્ષક.

ગાર્મેન્ટમાં કી હોલ બહુ મહત્ત્વનો ભાગ ભજવે છે. કી હોલ ક્યારેય પણ આઉટ ઑફ ફેશન થતું નથી. કી હોલથી એક ડેલિકેટ અને સ્ટાઈલાઇઝ્ડ લુક આવે છે. કી હોલ એટલે ગાર્મેન્ટમાં કોઈ શેપ આપીને એને કટ કરવો અને જેમાંથી તમારી સ્કિન દેખાય. કી હોલ મોટા ભાગે ડ્યું ડ્રોપ કે રાઉન્ડ શેપમાં હોય છે. ગાર્મેન્ટમાં કી હોલનો ઉપયોગ ઘણી રીતે કરવામાં આવે છે જેમ કે, ઈન્ડિયન વેર, બ્લાઉઝમાં અને વેસ્ટર્ન આઉટફિટમાં. ચાલો જાણીયે કી હોલ ગારમેન્ટ કઈ રીતે પેહરી શકાય.

ઈન્ડિયન વેર – ઈન્ડિયન વેરમાં ખાસ કરીને કુર્તીમાં કી હોલ ઘણું પ્રચલિત છે. મોટે ભાગે કુરતીમાં કી હોલ નેક લાઈનમાં હોય છે, જેમકે ફ્રન્ટ નેક લાઈન અને બેક નેક લાઈન. સિમ્પલ કુરતીમાં કી હોલ એક એલિમેન્ટ એડ કરે છે. જયારે કુરતીનું ફેબ્રિક પ્રિન્ટેડ હોય અને એમ થાય કે આ ફેબ્રિકમાં કઈ પેટર્ન કરવી ત્યારે કી હોલ કરી શકાય અને કુરતીનું ફેબ્રિક પ્લેન હોય કે પ્રિન્ટેડ હોય કી હોલ સારું જ લાગે. જો તમને તમારી કુરતીમાં કી હોલ કરવું હોય તો ઑરિજિનલ નેક લાઈન થોડી હાઈ રાખવી અને પછી તમને ગમતા શેપ મુજબ કી હોલ આપી શકાય. કી હોલમાંથી સ્કિન દેખાવાની છે તેથી જો તમારી ઑરિજિનલ નેક લાઈન લો હશે અને પછી કી હોલ હશે તો ખરાબ લાગશે. ફોર્મલ ડ્રેસમાં કી હોલ એક મહત્ત્વનો ભાગ ભજવે છે.

જેમકે કી હોલ આપી તેની આજુ બાજુ ૧ ઈંચ કે ૨ ઈંચ જેટલું વર્ક કરાવવું. વર્ક એટલે મશીન એમ્બ્રોઈડરી અથવા હેન્ડ એમ્બ્રોઇડરી. જેથી એક પેટર્ન જેવું લાગે અને નેકલાઇન જ્યારે વર્કવાળી હોય ત્યારે હેવી લુક આવે છે અને વધારે કોઈ પેટર્નની જરૂર પડતી નથી. તમારે વધારે ફેન્સી લુક જોઈતો હોય તો કી હોલ સાઈડમાં આપી શકાય, અને તેને વર્કથી ડેકોરેટ કરી શકાય. જો તમારે વર્ક ન કરાવવું હોય તો તમે લેસનો પણ ઉપયોગ કરી શકો. કી હોલમાં ૨ જાતના ઓપનિંગ હોય છે. પહેલું કે જેમાં ફેબ્રિકનું બટન હોય અથવા તો કોઈ ડેકોરેટિવ કે મેટલનું બટન હોય અને બીજું એ કે કી હોલ બંધ કરવા માટે દોરીનો ઉપયોગ થાય. દોરી કુરતીના ફેબ્રિકની હોઈ શકે અથવા તો કોઈ કોન્ટ્રેસ્ટ કલરની પાઇપિન નાખી હોય તે કોન્ટ્રેસ્ટ કલરના ફેબ્રિકની પણ હોઈ શકે. તમે તમારી ચોઈસ મુજબ બટનનો ઉપયોગ કરવો કે દોરીનો ઉપયોગ કરવો તે ડિસાઈડ કરી શકો. નેક્લાઈનને મૅચિંગ કી હોલનો ઉપયોગ સ્લીવ્ઝમાં પણ કરી શકો. સ્લીવ્ઝમાં કી હોલની સાઈઝ તમે તમારી ચોઈસ મુજબ કરાવી શકો. જો શોર્ટ સ્લીવ્ઝ હોય તો નાની સાઈઝનું કી હોલ સારું લાગશે અને જો થ્રી ફોર્થ કે ફૂલ સ્લીવ્ઝ હોય તો ૪ ઈંચથી લઈને ૬ ઈંચ સુધીનું કી હોલ સારું લાગી શકે.બ્લાઉઝ – એમ કહી શકાય કે બ્લાઉઝની પેટર્ન કી હોલ વગર અધૂરી છે. બ્લાઉઝમાં કી હોલ ફ્રન્ટ અને બેક એમ બન્ને સાઈડ પર આવી શકે. ફ્રન્ટમાં જે કી હોલ હોય છે તે નાની સાઈઝનું હોય છે અને ફ્રન્ટમાં જ્યારે કી હોલ આપવામાં આવે ત્યારે સાડી ટ્રાન્સપેરન્ટ પહેરવી જેથી કરી બ્લાઉઝની પેટર્ન દેખાય. ટ્રાન્સપેરન્ટ ફેબ્રિકમાંથી બનાવેલા બ્લાઉઝમાં કી હોલ પેટર્ન ખૂબ જ અટ્રેક્ટિવ લાગે છે. બ્લાઉઝમાં બસ્ટ એરિયા પર લાઈનિંગ એડ કરવું અને બસ્ટ એરિયાનું લાઇનિંગ જ્યાંથી ચાલુ થાય ત્યાંથી નેક લાઈન સુધી કી હોલ આપવું. બેક સાઈડમાં જે કી હોલ આવે છે તે ખૂબ જ અટ્રેક્ટિવ લાગે છે. જો તમારું શરીર સુડોળ હોય અને બેકમાં કોઈ ચરબીના થર ન દેખાતા હોય તો તમે કી હોલની સાઈઝ બ્રોડ રાખી શકો કે જેમાં માત્ર બ્લાઉઝમાં નીચે ૨ ઈંચની પટ્ટી હોય અને આખી બેક દેખાતી હોય અને ઉપર માત્ર કી હોલને બંધ કરવા માટે એક બટન હોય કે દોરી હોય. આ પેટર્ન ખૂબ જ જૂની છે છતાં ક્યારેય પણ આઉટ ઑફ ફેશન થતી નથી. ઘણી વખત બ્લાઉઝની બેકમાં ૨ કી હોલની પેટર્ન કરવામાં આવે છે.જો તમારું શરીર ભરેલું હોય અને બેકમાં ચરબીના થર દેખાતાં હોય છતાં તમને કી હોલ વાળું બ્લાઉઝ પહેરવું હોય તો, તમે આંખ શેપનું કી હોલ કરી શકો. કે જેમાં તમારી સ્કિન બહુ ઓછી દેખાશે. બ્લાઉઝમાં કી હોલ ઘણા અલગ અલગ શેપના આવે છે. બ્લાઉઝમાં તમે કી હોલ માટે ઘણાં વેરિએશન કરી શકો. કી હોલ પ્લેન અથવા પ્રિન્ટેડ એમ બન્ને ફેબ્રિક પર સારું લાગે છે. પ્લેન બ્લાઉઝ સાથે બેકમાં આપેલું કી હોલ એક આગવી છાપ ઊભી કરે છે.

# દો સિતારોં કા મિલન: અમેરિકા ને ઇન્ડિયાની જુગલબંધી

ખરેખર તો 'ફટાકડો ફોડતા કોઈની ચડ્ડી સળગી ગઈ' જેવા નાના- મોટા સમાચાર આપણી આસપાસ રોજ વહેતા જ હોય છે, છતાંયે આપણને જ એની ખબર નથી હોતી. હમણાં અમેરિકામાં પત્રકારોનો સખત સમુદાય ચિંતામાં બેઠો છે. બે મોટા માથાના નેતા અંદર ઘૂસીને શું ને શું યે વાતો કરતા હશે? પત્રકારો, કોઈ સોલિડ સમાચારને સૂંઘી રહ્યા છે, પણ નવાઈની વાત છે કે અંદરથી કોઈ ચટપટા સમાચારની ગંધ જ નથી આવી રહીને!વાત એમ છે કે દુનિયાના બે મોટા નેતા સાચેસાચે ધંધાધાપા માટે કે ખોટેખોટે યુદ્ધ-મંત્રણા માટે ભેગા થયા છે પણ પત્રકારોને લાગે છે કે મંત્રણા કરવાને બદલે બેઉ નેતા બહાર આવે અને એમને છાપાનાં પહેલાં પાનાં પરની હેડલાઈન માટેનો કોઈ રેડીમેડ ચટપટોમસાલો આપે કે પછી એ નેતાઓ એમના અલગ અલગ મૂડના નાટ્યાત્મક ફોટાઓ તો આપેપશું છે કે આ દુનિયામાં યુદ્ધને બદલે શાંતિ થોડીવાર પછી સ્થપાય કે ના સ્થપાય એ ચાલશે પણ છાપું તો કાલે સવારે જ આવવાનું છેને? એ તો એકદમ સનસનાટી અને ધમાકેદાર સમાચારો સાથે જ નીકળવું જોઈએ એટલે કોઈ જોરદાર સમાચાર, ગમે તે રીતે પણ આપવા જ પડશેને?અંદર મંત્રણા બરાબર જામીને ચાલી રહી છે, એનાથી વધારે જોરદાર સમાચાર એ છે કે અચાનક મંત્રણા અટકી ગઈ છે! બિચારા પત્રકારોના નસીબમાં કોઈ ધમાકેદાર સમાચાર નથી તો કંઈ નહી પણ કમસેકમ કાંઈક હળવા મજેદાર સમાચાર તો મળે! પણ જ્યારથી અમેરિકાના અને ઈન્ડિયાના નેતાઓ મળ્યા છે ત્યારથી અંદરથી રૂમનો દરવાજા બંધ કરીને જ બેઠા છે. ખબર નહી બંને શું ને શું વાત કરી રહ્યા છે? વળી ખબર નહી કે એ લોકો વાતો કરી પણ રહ્યા છે કે નહીં? બેઉ અંદર બંધ બારણે ચાદર ઓઢીને સૂઈ તો નથી ગયા ને? પત્તાનો જુગાર તો નથી રમતાને? બની શકે કે એ બન્ને અંદર ચેસ રમતા હોય અને એકદમ રસાકસીવાળી ગેમ ચાલતી હોય ને બહાર ઊભેલા બિચારા પત્રકારોને લાગતું હોય કે અંદર શાંતિ મંત્રણા લાંબી બહુ ચાલી હોં! પત્રકારો દુ:ખી દુ:ખી થઈ રહ્યા છે. આના કરતાં તો આ નેતાઓ રૂમની બહાર જ સારા હતા. કમસેકમ એકબીજાની વિદ્ધ કંઈક બોલતા તો હતા. કમબખ્ત કોઈક હેડલાઈન તો એમાંથી બનતી હતી.જોકે એવું યે કદાચ હોય કે અંદર અમેરિકાનાં નેતા, ઈન્ડિયાના નેતાને કોઇ નવો દારૂ ચખાડતા હોયકાં તો એવું પણ હોય કે ઈન્ડિયાના નેતા અમેરિકાનાં પ્રેસિડન્ટને કોઇ ખાસ ફિલ્મ બતાવી રહ્યા હોય અથવા કદાચ બંને એકબીજાને પોતે સત્તામાં કેવી રીતે આવ્યા એના કિસ્સાઓ સંભળાવી રહ્યા હોય અથવા કંઇ નહીં તો એકમેકને કોબીનું શાક બનાવવાની રીત શીખવી રહ્યા હોયપ. રૂમ બંધ છે કે ચાવી ખોવાઈ ગઈ છે? ખબર નહી, એ લોકો અંદર શું કરી રહ્યા છે? એનું જબં સસ્પેન્સ જામ્યું છે એ હકીકત છે. જો આમાંનું કંઈ થઈ પણ રહ્યું હશે તો મને લાગે છે કે દુનિયામાં શાંતિ ફેલાવાની છે, પછી ભલેને છાપાનું વેચાણ ન વધે! તમે સમાચાર સૂંઘવા માંગો છો તો જરૂરી નથી કે ગંધ આવે જ. તમે દુશ્મનીની દુર્ગંધ ઈચ્છો અને કદાચ ત્યાંથી દોસ્તીની સુગંધ પણ આવી જાય! જો આમ થાય તો અમેરિકામાં ભેગા થયેલા ઘણા પત્રકારોને ઊંડો આઘાત લાગશે. આમ તો એ લોકો અનુભવી છે તોયે આશા માંડીને બેઠા છે કે કાશ, બંને નેતામાં અંદરોઅંદર ઝગડો થાય ને બેઉ આખરે લડીને છૂટા પડે.રાજકારણમાં જો કંઈ નથી થતું' એનો મતલબકંઈ થઈ રહ્યું છે'. યુદ્ધની વાતો ના કરવાથી શાંતિ ફેલાય છે પણ જોકે શાંતિની વાતો યે ન કરવી પડે તો જ દુનિયામાં વધારે શાંતિ ફેલાઈ શકે એમ છે. મને તો ત્યારે મજા આવશે કે આ મીટિંગ માટે જ કરોડોના ખર્ચા કર્યા પછી બંને મહાનુભાવ મળીને ખાલી બેઠાંબેઠાંએ એયને કેરમ રમે! ખરેખર, એ બે મળીને ખાલી આ જ કામ કરવું જોઈએ. કમનસીબે એ લોકો મહાસત્તાઓનાં સર્વેસર્વા છેને? એ લોકો શસ્ત્રો અને બોમ્બની વાત કરવા માટે જ શાપિત આત્માઓ તરીકે જન્મ્યા છે. જો કે આમ તો પત્રકારોની પેલી ભીડ પણ એ જ શાપિત સંસ્કૃતિની પેદાશ છે, જે લડાઈ બંધ થવાની ક્ષણે પણ લડાઈ થવાની રાહ જોઈને ગીધની જેમ બેઠા છે.





# ફ્રેંચ ફ્રાઇઝનું મૂળ વતન કયું જાણો છો?


ફાસ્ટફૂડ ચેનના કોઈ પણ શહેરમાં આવેલા આઉટલેટ પર જઈને જોશો તો લગભગ દરેક ટેબલ પર એક ખાદ્ય પદાર્થ જરૂર દેખાશે. એ છે: બટાકાની તળેલી કાતરી જેના પર થોડો મરીમસાલો ભભરાવ્યો હોય. પેટ ભરવા આવેલી ગમે એ ઉંમરની વ્યક્તિ આ એક વાનગી તો ખાશે જ, એય કોલેસ્ટેરોલ કે ડીપ ફ્રાય્ડ ઇન ઑઈલ જેવા ડરામણા શબ્દોની લગીર પરવા કર્યા વિના! આપણે આ અત્યંત લોકપ્રિય વાનગીને ફ્રેંચ ફ્રાય' નામે ઓળખીએ છીએ. ઘણા એને માત્ર ફ્રાય્ઝ કે પોટેટો ચિપ્સ પણ કહે છે. જો તબિયતની ચિંતા બાજુએ મૂકીએ તો ફાસ્ટફૂડ ચેન્સ પાસે ફ્રેંચ ફ્રાય જેવો મસ્ત ટાઈમપાસ નાસ્તો બીજો એક્કેય નથી અને ફ્રેંચ ફ્રાયનીતારીખ-તવારીખ' એટલે કે ઈતિહાસ તપાસીએ તો એ ખુદ ફ્રેંચ ફ્રાય કરતાં વધુ ચટાકેદાર વધુ ક્રિસ્પી છે!

ફ્રેંચ ફ્રાય્ઝ ભારતીય યુવા વર્ગનું માનીતું ફાસ્ટફૂડ છે. આમ જોવા જાવ તો અમેરિક્નસ પણ ફ્રેંચ ફ્રાય્ઝ પાછળ ગાંડા છે. ઈ.સ. ૨૦૨૩ના આંકડા મુજબ વિશ્વભરમાં વર્ષે ૧૬.૬૦ અબજ યુએસ ડૉલર્સની ફ્રેંચ ફ્રાય્ઝ ખવાઈ જાય છે! જે રીતે ફાસ્ટફૂડ માટેની ઘેલછા અને ફાસ્ટ ફૂડ ચેન્સમાં વૃદ્ધિ થઈ રહી છે એ જોતાં ૨૦૩૨ સુધીમાં આ આંકડો ૨૬.૫૬ અબજ યુએસ ડૉલર્સને આંબી જશે. અમેરિકન ફાસ્ટ ફૂડ ચેન્સને પ્રતાપે આપણે એને અમેરિકન વાનગી ધારી લઈએ છીએ, પણ એવું નથી. આ વાનગી મૂળે બીજા દેશોમાંથી 'વગર વિઝાએ' અમેરિકામાં ઘૂસી આવી છે. એટલું જ નહિ, વર્ષે દહાડે એવરેજ અમેરિક્નસના સેંકડો ડૉલર આ એક જ વાનગી ઓહિયા કરી જાય છે. એની લોકપ્રિયતા એવી ચરમસીમાએ છે કે સાક્ષાત ટ્રમ્પ સરકાર પણ એને હાથે-પગે બેડીઓ બાંધીને દેશનિકાલ આપી શકે એમ નથી! આ વાનગીના નામ પરથી મોટા ભાગના લોકો ધારણા બાંધી લે છે કે આ ફ્રાંસની વાનગી છે. એવુંય નથી. બેલ્જિયમવાળા તો કહે છે કે બટાકાની તળેલી કાતરી સાથે ફ્રાંસવાળા બદમાશોને કશું લાગતુંવળગતું નથી! એક મિનિટ, આમાં બેલ્જિયમવાળા ક્યાંથી આવ્યા? મામલો જરા પેચીદો છે.

વાતની શરૂઆત જ બેલ્જિયમથી કરીએ. સદીઓથી અહીંની મ્યુઝ નદીના કાંઠે વસતી ગ્રામ્ય પ્રજા માટે ખોરાકનો મુખ્ય હિસ્સો એટલે માછલી. મ્યુઝનાં પાણીમાં રહેતી માછલીઓ તળીને ખાવામાં આ પ્રજાને ભારે રસ, પણ દર વર્ષે કાતિલ શિયાળો બેસી જાય પછી મોટી તકલીફ, કેમ કે નદીનું બધું પાણી બરફમાં ફેરવાઈ જાય પછી માછલી પકડવાની પ્રવૃત્તિ સદંતર બંધ થઈ જાય. લોકોને ભૂખ તો શિયાળામાંય લાગે ને! એવામાં ટેસ્ટી માછલી ન મળે તો બીજું ખાવું શું? સ્થાનિક પ્રજાએ આનો એક ઉપાય શોધી કાઢેલો. શિયાળામાં માછલીની અવેજીમાં એ લોકો બટાકાની કાતરી પાડીને તળીને ખાતા. એ બધાને બહુ ભાવી એટલે વગર શિયાળે પણ બટાકાની સ્વાદિષ્ટ કાતરીઓ ખવાતી રહી. લગભગ સત્તરમી સદીથી બટાકાની તળેલી કાતરીઓ પણ મ્યુઝ નદીના પ્રદેશોમાં વસતા બેલ્જિયમવાસીઓ માટે ખોરાકનો એક અનિવાર્ય હિસ્સો બની ગઈ.

**જોકે, લોચો વીસમી સદીમાં પડ્યો. સદીની શરૂઆતમાં**

પ્રથમ વિશ્વયુદ્ધ ફાટી નીકળ્યું. જર્મન સેનાની ચુંગાલમાંથી બેલ્જિયમને બચાવવા માટે અમેરિકન સેનાએ અહીં ધામાં નાખ્યાં. અમેરિકન સૈનિકોની આ ટુકડીઓનું પેટ ભરવા માટે પણ ફૂડ સપ્લાય તો જોઈએ જ. આવા સંજોગોમાં સૈનિકો આસપાસના વિસ્તારોમાં મળતી સ્થાનિક આઈટેમ્સને જ ભોજનમાં સમાવી લેતા હોય છે. એ હિસાબે અમેરિકન સૈનિકોએ પણ બટાકાની કાતરી આરોગવાનું શરૂ કર્યું. સ્વાદિષ્ટ કાતરી એમની દાઢે બરાબરની વળગી, પણ આ વાનગીને નામ શું આપવું? બેલ્જિયમના જે હિસ્સામાં અમેરિકન સૈનિકોની છાવણી હતા, ત્યાં ફ્રેંચ ભાષા બોલનારા લોકોની વસતિ મોટા પ્રમાણમાં. આ લોકોય વળી બટાકાની કાતરી ખાતા એટલે પેલા સૈનિકોએ ઝાઝી માથાકૂટમાં પડ્યા વિના બટાકાની કાતરીને ફ્રેંચ લોકોનો ખોરાક ગણી લીધો અને નામ આપ્યું 'ફ્રેંચ ફ્રાય્ઝ'.







# રચનાની જટિલ સમજ

ઈલોરાના કૈલાસ મંદિરની રચના પાછળ ભક્તિ-આધ્યાત્મિકતાને ભવ્યતા આપવાનો હેતુ મહત્ત્વનો હોય તો અમદાવાદના સાબરમતી આશ્રમમાં ગાંધીજી માટે બનાવાયેલ આવાસમાં તેમના વ્યક્તિત્વની સાદગી તથા પારદર્શિતાની અભિવ્યક્તિ કેન્દ્રસ્થાને રહી હોય. પેરિસ મધ્યેના સેન્ટર પોમ્પિડુની રચના થકી મકાનના તકનિકી પાસાનું પોતાનું સૌંદર્ય સ્થાપિત કરવાની ચેષ્ટા હોય તો સામે જાપાનનાં ઐતિહાસિક મંદિરોમાં લાકડાની રચના વડે સ્થાપત્યમાં લાલિત્ય ઉભારવાનો પ્રયત્ન દેખાય. રચનાની જુદી જુદી બાબતો જુદા જુદા સમયે અગત્યની ગણાય.

ઉંમર તથા સામાજિક પૂર્વભૂમિકાના પરિપ્રેક્ષ્યમાં, બાળકના રમકડાની ડિઝાઇનમાં ક્યારેક ચલિતતાને મહત્ત્વ અપાય છે તો ક્યારેક બુદ્ધિમતાને વિકસાવવાનો પ્રયત્ન થયેલો જોવા મળે છે. કેટલાંક રમકડાં માત્ર પ્રવૃત્ત રાખવા માટે હોય છે તો કેટલાંક રમકડાં સાંસ્કૃતિક પરંપરાની અભિવ્યક્તિ માટે નિર્ધારિત કરાય છે. પ્રિન્ટ મીડિયામાં જે જાહેરાત જોવા મળે છે તેની ડિઝાઇન પાછળ પણ માત્ર વ્યાપારી હેતુ નથી હોતો. અમુક રચનામાં તકનિકી ખૂબીઓને વધારે સ્પષ્ટતાથી જણાવવાનો પ્રયત્ન કરાય છે તો અમુકમાં જે તે વસ્તુની સુંદરતાને ઉજાગર કરાય છે. લગ્ન જેવા પ્રસંગમાં વસ્ત્ર- પરિધાન સમૃદ્ધ લાગે તે પ્રમાણે બનાવાય છે તો પર્વતારોહણ માટે જતી વ્યક્તિના પરિધાનમાં ઉપયોગિતા અને અનુકૂળતા કેન્દ્રસ્થાને રહે છે. રચના અર્થાત્? ડિઝાઇનના ક્ષેત્રમાં જુદા જુદા સંજોગોમાં, જુદી જુદી રચનાઓ દ્વારા જુદા જુદા પ્રશ્નોનો ઉકેલ શોધવા પ્રયત્ન થતો રહ્યો છે.

રચનામાં ક્યારેક મજબૂતાઈને વધારે મહત્ત્વ અપાય છે તો ક્યારેક લાલિત્યને. રચનામાં ક્યારેક કિંમતનું વધારે ધ્યાન રખાય છે તો ક્યારેક પરંપરાનું. રચના પાછળ ક્યારેક પ્રવર્તમાન શૈલી હાવી થાય છે તો ક્યારેક વ્યક્તિગત પસંદ-નાપસંદ અગત્યની બની રહે છે, પણ આ દરેક પરિસ્થિતિમાં કોઈ એક ચોક્કસ પ્રશ્નને અગત્યનો ગણી રચનાનાં મહત્ત્વનાં પાસાં તેને આધારિત નક્કી કરાય છે.

કોઈ પણ ડિઝાઇન-રચના એવી નથી કે જે બધા જ પ્રશ્નોનો જવાબ આપી શકે. દરેક રચના ચોક્કસ પ્રશ્નોના જવાબ તરીકે અસ્તિત્વમાં આવે છે, પણ સાથે સાથે તે કેટલાક નવા પ્રશ્નો પણ ઊભા કરે. રચનાની સમજ માટે એ જાણવું જરૂરી બને કે તે કયા પ્રશ્નોના જવાબ આપે છે અને જે નવા પ્રશ્નો ઊભા થાય છે તે કેટલી હદે માન્ય રહેશે. રચના પાછળ રચનાકારની સંવેદનશીલતા, સર્જનાત્મકતા અને નિરાકરણશક્તિ કાર્યરત હોય છે. આની સામે ઉપયોગકર્તા માટે ક્રિટિકલ વિચારશીલતા અને નિર્ધારિત માળખા મુજબનું મૂલ્યાંકન જરૂરી છે. આમાં પણ જો રચનાકારનો અભિગમ-ઝુકાવ એક તરફનો હોય તો તે રીતની રચના પરિણમે છે. આ તો એવી વાત થઈ કે જે વ્યક્તિને માવાની મીઠાઈ ભાવતી હોય તે વ્યક્તિ દ્વારા નક્કી કરાયેલ પ્રસંગના મેનુમાં આવી મીઠાઈનો સમાવેશ થવાની સંભાવના વધુ રહે.

સ્થાપત્યમાં ઉપયોગિતા માટેના મકાનનાં આંતરિક સ્થાન નિર્ધારણ થતાં હોય છે. જે તે કાર્ય હેતુ માટે નિર્ધારિત થયેલા આવા સ્થાનની કાર્યક્ષમતા તો હોવી જ જોઈએ, પણ સાથે સાથે ભાવાત્મક સંબંધ પણ બંધાવવો જોઈએ. પહેરવેશની ઉપયોગિતા તો પૂર્ણ થવી જ જોઈએ, પણ સાથે સાથે, જે તે પ્રસંગ માટે નિર્ધારિત થયેલ પરિધાન- પહેરવેશમાં વ્યક્તિત્વ નીખરવું જોઈએ.

રાચરચીલાની બનાવટમાં પરંપરા તથા જીવનશૈલી પ્રમાણેની અનુકૂળતા સ્થાપિત થવી જોઈએ. પ્રોડક્ટ ડિઝાઇન અર્થાત્? વસ્તુ-રચનામાં વર્તમાનની જરૂરિયાતો સાથે ભવિષ્યની સંભાવનાઓ પણ વણાઈ જવી જોઈએ. ગ્રાફિક ડિઝાઇન અર્થાત્? ચિત્રણ-રચનામાં સંદેશો સ્પષ્ટ અને સરળ રીતે પકડાવો જોઈએ. રચનાનાં આ બધાં ક્ષેત્રમાં લાલિત્ય તો જરૂરી છે જ. સાથે સાથે નિર્ધારિત સમયગાળા માટે તેની યથાર્થતા પણ ટકી રહેવી જોઈએ. આ બધામાં સાંસ્કૃતિક ઈતિહાસ, વર્તમાન પરિસ્થિતિ તથા ભવિષ્ય માટેની સંભાવનાઓ પણ જડાઈ જવી જોઈએ. પ્રત્યેક ડિઝાઇન ભૂત-વર્તમાન-ભવિષ્યના સમન્વય જેવી હોય છે. પ્રત્યેક ડિઝાઇન હકીકત-આકાંક્ષા-લાલિત્ય વચ્ચે સંતુલન સમાન હોય છે. ડિઝાઇન જે રીતના સમજવામાં આવે છે – ડિઝાઇન જે રીતના લેવામાં આવે છે તેના કરતાં ઘણા ઊંડાણ સાથે તેની રચના સાથે જોડાયેલા હોય છે.

વ્યક્તિ પાસેની સંપન્નતા એક બાબત છે, તેની સામે તેનાં સપનાં પણ એક હકીકત છે. જે તે સમયે લાગુ પડતાં સામાજિક તેમ જ રાજકીય બંધનો પણ એક સત્ય છે. સમયાંતરે બદલાતાં રહેતાં મૂલ્યનિષ્ઠા કે અગ્રતાક્રમ કે બંધન કે પસંદગીનાં ધોરણો પણ એટલાં જ અગત્યનાં છે. કઈ બાબત ક્યારે મહત્ત્વની બની રહે તે પરિસ્થિતિને આધારિત રહે છે. એક પરિસ્થિતિમાં એક પ્રકારની રચના યોગ્ય જણાય તો અન્ય

પરિસ્થિતિમાં યોગ્યતાની પરિભાષા જ બદલાઈ જાય. જે આજે સ્વીકૃત છે તે કાલે સંપૂર્ણ અસ્વીકૃત પણ બની રહે. રચનાના મૂલ્યાંકનમાં પરિસ્થિતિની સમજ બહુ જરૂરી છે.રોજિંદા જીવનમાં સામાન્ય પહેરવેશનું મહત્ત્વ છે. લગ્ન પ્રસંગે ખાસ ચમકદમકવાળા પહેરવેશની ઈચ્છા હોય. અન્ય શુભ પ્રસંગો માટે સામાન્ય કરતાં થોડાક કીમતી પહેરવેશની ઈચ્છા હોય. મૃત્યુ પ્રસંગે પહેરવેશમાં સાદગી અને શુદ્ધતા વ્યક્ત થાય તે યોગ્ય ગણાય. પ્રસંગ અનુસાર, ક્ષમતા અનુસાર અને વ્યક્તિગત પસંદગી અનુસાર જે તે રચના સ્વીકૃત બનતી હોય છે. આ વાત પહેરવેશ માટે જેટલી સત્ય છે તેટલી જ સ્થાપત્ય અને ડિઝાઇનના અન્ય ક્ષેત્ર માટે પણ છે. રચનાનું નિર્ધારણ વિવિધ બાબતો પર આધાર રાખે છે. જ્યાં સુધી આવી બાબતોની જાણકારી ન હોય ત્યાં સુધી રચના વિશે નિર્ણય ન કરી શકાય. આ સિવાય પહેરવેશ પર આબોહવાનાં વિવિધ પરિબળો પણ અસર કરતાં રહે છે. પહેરવેશની પસંદગીમાં વ્યક્તિ નિર્ધારિત કે પસંદગીના જે તે વ્યક્તિ-સમૂહ સાથે પોતાને સાંકળવા માગતી હોય છે. આવાં જ કારણોસર સેલ્સમેન કોર્ટ-પેન્ટ-ટાઈમાં જોવા મળશે તો હિપ્પી લોકો ઢંગધડા વગરની વેશભૂષા સાથે પોતાની વિચારસરણીને સરખાવશે. કેવા પ્રકારના પરિધાનની રચના કરવી તે ઘણી વાર વિચિત્ર બાબત પર આધાર રાખે છે.

ડિઝાઇન અથવા રચના-નિર્ધારણ એ લાંબી અને જટિલ પ્રક્રિયા છે. અહીં ક્યારેક તર્કબદ્ધ વિચાર કામ કરી જાય તો ક્યાંક સૌંદર્યની સમજ અગત્યનો ભાગ ભજવે. અહીં ક્યારેક ઉપયોગિતાને પ્રાધાન્ય અપાય તો ક્યારેક સામગ્રી અને તેના વપરાશની તકનીક મેદાન મારી જાય. રચનામાં ક્યારેક વ્યક્તિગત માન્યતાને વધુ મહત્ત્વ મળે તો ક્યારેક પ્રવર્તમાન શૈલીનું અનુકરણ ઈચ્છનીય ગણાય. પરિબળો ઘણાં છે અને તેમનું પરસ્પરનું સમીકરણ પણ જટિલ છે. કયા પરિબળને, કયા કારણસર, કેટલું મહત્ત્વ અપાયું છે તે જાણ્યા વગર કોઈ પણ રચના બાબતે નિર્ણય ન બાંધી શકાય.

એક માપદંડ નથી. એક સિદ્ધાંત નથી. એક ફૉર્મ્યુલા નથી. જરૂરિયાતો પણ વિવિધ પ્રકારની છે. રચના માન્ય રાખનાર કે રચનાનો ઉપયોગ કરનાર વ્યક્તિ-સમૂહની માનસિકતા પણ ભિન્ન ભિન્ન હોય છે. ઘણી વાર નિર્ણયો તત્કાળના ધોરણે લેવાય છે તો કેટલીક વાર નિર્ણય પાછળ ગહન ચિંતન કરાતું હોય છે. રચના પાછળ સ્થાપિત થયેલા હેતુ સાથે કેટલાક બીટ્વિન ધ લાઈન્સ જેવા ઉદ્દેશ પણ હોય છે. એકંદરે એમ કહી શકાય કે ડિઝાઇન અર્થાત્? રચનાની યથાર્થ સમજ માટે યોગ્ય માળખાયુક્ત મનન-ચિંતનની જરૂર રહે.

## તંત્રી લેખ...

શનિવાર, તા.૧૫ ફેબ્રુઆરી ૨૦૨૫

# કરસુધારની પહેલ

નવું કરવેરા અધિનિયમ ૨૦૨૫નું સ્વાગત થવું જોઇએ. કરવેરો એક એવો સંવેદનશીલ વિષય છે, જમાં સુધારને અવકાશ હંમેશાં રહે છે અને રહેશે. એ પ્રશંસનીય છે કે ૬૩ વર્ષ જૂના કરવેરા કાયદાને બદલવામાં આવશે. કરવેરાની દુનિયામાં જેને 'સરલ' કહેવામાં આવે છે, તે વાસ્તવમાં આમ આદમી માટે જટિલ છે. જો આપણે નવા અધિનિયમ દ્વારા બચેલી જટિલતાથી આગળ જરૂરી સરળતા તરફ વધી રહ્યા છીએ તો તે સુખદ છે. આવકવેરા મોરચે હજુ પણ ઘણું કરવાની જરૂર છે. કરવેરા કાયદા બદલવા અને તેને સરળ અને સુસ્પષ્ટ કરવાના પ્રયાસ કરાઈ રહ્યા છે, તેની પુષ્ટિ એનાથી થાય છે કે નવું કરવેરા વિધેયક ૬૨૨ પાનાંનું છે, જ્યારે હાલના કરવેરા અધિનિયમમાં ૧૬૪૭ પાનાં છે. નાણાંમંત્રીનું માનીએ તો નવા કરવેરા કાયદાથી કર સંહિતા વધુ સરળ થઈ જશે અને તે કરવેરા અધિકારીઓની સાથે કરદાતાઓને જટિલ નિયમો સાથે આસાનીથી ન સમજાતી ભાષાથી છૂટકારો મળે. કરવેરા વિધેયકને સંસદીય સમિતિ પાસે મોકલવાનો નિર્ણય લેવામાં આવ્યો છે, તેથી એ આશા કરવામાં આવે છે કે ત્યાં તેના પર વ્યાપક વિચાર-વિમર્શ દરમ્યાન તેને વાસ્તવમાં સરળ રૂપ આપવામાં મદદ મળશે.

કરવેરા સંબંધી નિયમ-કાયદા સરળ કરવાનું જેટલું જરૂરી છે એટલું જ તેની ગુંજાશ ખતમ કરવી કે કરવેરા વિભાગ લોકોને બિનજરૂરી રૂપે ના તો સવાલ-જવાબ કરી શકે અને ના કોઈ ભૂલચૂક પર તેમની પજવણી કરી શકે. એ ત્યારે જ સંભવ હશે, જ્યારે કરવેરા અધિકારી કરદાતાઓને શંકાની નજરે જોવાનું બંધ કરશે. તેમણે એ પણ સમજવું પડશે કે કરવેરા બચાવવાના ઉપાય અપનાવવાનો મતલબ ચોરી કરવી નથી. કરવેરા વિભાગે એ કારણોનું નિવારણ પણ કરવું પડશે, જેને કારણે લોકો આવક છૂપાવવાના પ્રયત્નો કરે છે. તેની સાથે જ એવી પણ વ્યવસ્થા કરવી પડશે, જેનાથી કરવેરાનું આકલન કરવા અને તેની વસૂલીમાં ભ્રષ્ટાચાર ન થવા પામે. આ એટલા માટે જરૂરી છે, કારણ કે થોડા દિવસ પહેલાં જ ફેસલેસ એસેસમેન્ટ યોજનામાં ગાબડું પાડવાનો મામલો સામે આવ્યો. આ મામલે આવકવેરા વિભાગના એક ડેપ્યુટી કમિશનરની પણ સંડોવણી જોવા મળી. એ પણ સમયની માંગ છે કે સરકાર કરદાતાઓની સંખ્યા વધારવાનો ઉપાય કરે. તે એટલા માટે જરૂરી છે કે હાલમાં કરવેરો ચૂકવનારની સંખ્યા ચાર કરોડથી પણ ઓછી છે. તેમાં મુખ્યત્વે એ લોકો છે જે નોકરિયાત છે. આ યોગ્ય સમય છે કે એ લોકો પર નજર દોડાવવામાં આવે, જે સક્ષમ હોવા છતાં પણ કરવેરો નથી ભરતા. આખરે જે સમૃદ્ધ ખેડૂત એક મર્યાદા કરતાં વધુ આવક મેળવે, તેને આવકવેરાના દાયરામાં કેમ ન લાવવા જોઇએ? તેની અવગણના ન કરવી જોઇએ કે કૃષિ આવકને ટેક્સના દાયરાથી બહાર રાખવાના નિયમનો ભરપૂર દુરુપયોગ પણ કરવામાં આવી રહ્યો છે.

**કરવેરા સંબંધી નિયમ-કાયદા સરળ કરવાનું જેટલું જરૂરી છે એટલું જ તેની ગુંજાશ ખતમ કરવી કે કરવેરા વિભાગ લોકોને બિનજરૂરી રૂપે ના તો સવાલ-જવાબ કરી શકે અને ના કોઈ ભૂલચૂક પર તેમની પજવણી કરી શકે. એ ત્યારે જ સંભવ હશે**

# મનુષ્યના અસ્તિત્વ માટે પડકારજનક સ્થિતિ

આજના સમયમાં પર્યાવરણ, જૈવ વિવિધતા અને પ્રકૃતિ સાથે છેડછાડની જે સ્થિતિ બની છે, તે માનવના અસીમિત લોભ અને સંસાધનોની આંધળી દોટનું પરિણામ છે. હવામાનમાં આવેલા અત્યધિક બદલાવ, પારિસ્થિતિકી તંત્રમાં પતન અને આર્થિક-સામાજિક માળખામાં સંકટ આ બધાનું પ્રત્યક્ષ પરિણામ છે. આ બદલાવ અચાનક નથી થયો, બલ્કે વર્ષોથી પર્યાવરણવિદ્ આપણને ચેતવણી આપી રહ્યા હતા કે આપણે જો સમય રહેતાં પગલાં ન લીધાં, તો પરિણામ વિનાશકારી હોઇ શકે છે. આપણે હવે એ સ્થિતિમાં પહોંચી ગયા છીએ જ્યાંથી વાપસી કરવી બહુ મુશ્કેલ છે.

દુનિયાના સ્તર પર જૈવ વિવિધતાની વાત કરી તો અમેરિકાની એએન્ડએમ યુનિવર્સિટી સ્કૂલ ઓફ પબ્લિક હેલ્થના એક અધ્યયનમાં ખુલાસો થયો છે કે છોડ-ઝાડની હાજરી લોકોના માનસિક તણાવથી મુક્તિ અપાવવામાં સહાયક હોય છે. માનસિક રોગીઓ પર કરવામાં આવેલા અધ્યયનમાં કહેવામાં આવ્યું છે કે હરિયાળી વચ્ચે રહેનારા લોકોમાં અવસાદની આશંકા બહુ ઓછી જોવા મળી છે. જ્યારે જૈવ વિવિધતાવાળી જમીન પર કબ્જાની ઘટનાઓમાં તીવ્ર વધારો થઈ રહ્યો છે, ખાસ કરીને ૨૦૦૮ બાદથી. આ ઘટનાઓ વિશેષ રૂપે ઉપ-સહારા આફ્રિકા અને લેટિન અમેરિકા જેવા ક્ષેત્રોમાં થઈ રહી છે, જેની અસર વૈશ્વિક સ્તર પર ભૂમિ અસમાનતા, ખાદ્ય અસરક્ષા, ખેડૂત વિદ્રોહ અને ગ્રામીણ પલાયનમાં વૃદ્ધિ કરી રહી છે. આ પ્રવૃત્તિએ નાના અને મધ્યમ ખાદ્ય ઉત્પાદકોને સંકટમાં મૂકી દીધા છે. માનસિક સ્વાસ્થ્યની વિશેષજ્ઞ પ્રોફેસર એન્દ્રિયા મેચલી અનુસાર, જળવાયુ પરિવર્તન અને જૈવ વિવિધતાનું તેજ પતનથી માત્ર પ્રાકૃતિક પર્યાવરણ નહી, બલ્કે તેમાં રહેનારા લોકોનં માનસિક સ્વાસ્થ્ય પણ પ્રભાવિત થઈ રહ્યું છે.

છેલ્લા બે દાયકામાં આખી દુનિયામાં ૭૮ મિલિયન હેક્ટર પહાડી જંગલો નષ્ટ થઈ ગયાં છે. જ્યારે પહાડ દુનિયાના ૮૫ ટકાથી વધારે પક્ષીઓ, સસ્તન પ્રાણીઓ અને ઉભયચરોનું આશ્રયસ્થળ છે. ઉલ્લેખનીય એ છે કે દર વર્ષે જેટલું જંગલ ખતમ થઈ રહ્યં છે, તે એક લાખ ત્રણ હજાર વર્ગ કિલોમીટરમાં ફેલાયેલા દેશ જર્મની, નોર્ડિક દેશ આઇસલેન્ડ, ડેનમાર્ક, સ્વીડન અને ફિનલેન્ડ જવા ક્ષેત્રોના ક્ષેત્રફળ જેટલું છે. પરંતુ દુઃખ અને ચિંતાની વાત એ છે કે તેના અનુપાતમાં નવાં જંગલ લગાવવાની ગતિ બિલકુલ ધીમી છે. જ્યાં સુધી ધરતીનાં ફેફ્સાં કહેવાતા દિક્ષમ અમેરિકાના અમેઝોન બેઝિનના બહુ મોટા ભૂભાગ પર ફેલાયેલ અમેઝોનમાં વર્ષા જંગલોનો સવાલ છે, તે વિનાશના આરે છે. વધતા તાપમાન, ભયાવહ દુકાળ, જંગલોની અંધાધૂંધ કાપણી અને જંગલોમાં આગની વધતી ઘટનાઓને કારણે અમેઝોનનાં જંગલો ખતરાના દાયરામાં છેઅસલમાં દુનિયામાં જંગલોનો સૌથી વધુ વિનાશ બ્રાઝિલમાં થયો છે અને આ સિલસિલો આજે પણ ચાલુ છે. તેના પછી ડેમોક્રેટિક રિપબ્લિક ઓફ કોંગો અને બોલીવિયાનો નંબર આવે છે. જો મેરીલેન્ડ યુનિવર્સિટી અને વર્લ્ડ રિસોર્સ ઇન્સ્ટિટ્યૂટના ગ્લોબલ વોચના હાલના રિપોર્ટનું માનીએ તો દુનિયાભરમાં વર્ષ ૨૦૨૩માં ૩૭ લાખ હેક્ટર જંગલો નષ્ટ થઈ ગયાં. ભારતમાં છેલ્લા ૩૦ વર્ષોમાં જંગલોની કાપણીમાં ભારે વધારો થયો છે. ભલે તેના પ્રાકૃતિક કારણો હોય કે માનવીય. તેમાં દેશના પાંચ રાજ્યો આંધ્ર પ્રદેશ, કર્ણાટક, ઉત્તરાખંડ, તેલંગણા અને હિમાચલ પ્રદેશ શીર્ષ પર છે જ્યાં દેશમાં આગથી સૌથી વધારે જંગલો તબાહ થયાં છે. આ સિલસિલો આજે પણ ચાલુ છે. જો ગ્લાસગોમાં થયેલ કોપ-૨૬ સંમેલનની વાત કરીએ તો તેમાં દુનિયાના ૧૪૪ દેશોએ ૨૦૩૦ સુધી આ જંગલોને બચાવવાનો સંકલ્પ લીધો હતો. ઉલ્લેખનીય છે કે જો દુનિયામાં જંગલોની કાપણી પર રોક લગાવવામાં આવે છે તો એક અનુમાનના આધારે એ હાલતમાં ૯૦૦ અબજ ડોલરની રકમ ખર્ચ થશે. જ્યારે હાલમાં દુનિયામાં જંગલોને બચાવવા પર વાર્ષિક ત્રણ અબજ ડોલરની રકમ ખર્ચ કરાઈ રહી છે. કેમ્બ્રિજ યનિવર્સિટીની કંઝર્વેશન રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટની વૈજ્ઞાનિક અનુસાર જંગલોને બચાવવા માટે દુનિયાભરની સરકારોએ વાર્ષિક ૧૩૦ અબજ ડોલર ખર્ચ કરવા પડશે.

**અમેરિકાના પ્રમુખપદે શપથ લીધા પછી ટ્રમ્પે કેનેડા, મેક્સિકો, કોલંબિયા અને ચીન પર ટેરિફ લાદી દીધા હતા.**

# મોદીની ટ્રમ્પ સાથેની મુલાકાત ભારતના નહી અમેરિકાના ફાયદામાં

ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદીની અમેરિકા યાત્રા સમાપ્ત થઈ ગઈ અને ધારણા પ્રમાણે જ આ યાત્રામાંથી ભારત માટે ફાયદાકારક કશું નક્કર નિપજ્યું નથી. ભારત માટે સૌથી મહત્ત્વનો મુદ્દો ભારતના માલસામાન પર અમેરિકા કેટલો ટેરિફ લાદે છે તેનો હતો અને નરેન્દ્ર મોદી સાથે ડોનલ્ડ ટ્રમ્પની બેઠક દરમિયાન આ મુદ્દે ચર્ચા કરીને કશુંક નક્કર કરાશે એવો આશાવાદ હતો પણ ટ્રમ્પે મોદી સાથેની બેઠકના બે કલાક પહેલાં જ અમેરિકાના માલસામાન પર ટેરિફ લાદનારા દેશોના માલસામાન પર એટલા જ પ્રમાણમાં ટેરિફ લાદવાનું એલાન કરીને સ્પષ્ટ કરી દીધું કે, આ મુદ્દે કોઈ વાતચીત તે સમાધાનને અવકાશ જ નથી.

ટ્રમ્પે પહેલાં જ રેસિપ્રોકલ ટેરિફ એટલે કે અમેરિકાના માલસામાન પર ટેરિફ લાદનારા દેશોના માલસામાન પર એટલા જ પ્રમાણમાં ટેરિફ લાદવાની નીતિની જાહેરાત કરી જ છે. હવે મોદી આવે કે જિનપિંગ આવે કે બીજું કોઈ આવે, આ નીતિ બદલાવાની નથી. ટ્રમ્પની આ જાહેરાત પછી ખરેખર તો મોદી અને ટ્રમ્પ મળે કે ના મળે, કોઈ ફરક જ નહોતો પડવાનો કેમ કે ભારતનાં હિતો સચવાવાનો મુદ્દો જ પતી ગયો હતો. એ પછી બેઠકમાં જે વાત થવાની હતી એ અમેરિકાને કઈ રીતે વધારે ફાયદો થઈ શકે તેના પર થવાની હતી ને એવું જ થયું.ટ્રમ્પે ભારત અને અમેરિકા વચ્ચેની વ્યાપાર ખાધ ઘટાડવા માટે અમેરિકા પાસેથી ભારત વધારે પ્રમાણમાં ક્રૂડ અને ઓઈલ ખરીદે એ માટે મોદીને તૈયાર કરી દીધા. સાથે સાથે અમેરિકા ભારતને એફ-૩૫ જેટ ફાઈટર સહિતનાં ડીફેન્સ ઈક્વિપમેન્ટ આપશે એવી જાહેરાત પણ કરી દીધી. આ બંને મોટી જાહેરાતો છે ને તેના કારણે અમેરિકાને ફાયદો થવાનો છે. ભારતને નહીં.

અમેરિકાના પ્રમુખપદે શપથ લીધા પછી ટ્રમ્પે કેનેડા, મેક્સિકો, કોલંબિયા અને ચીન પર ટેરિફ લાદી દીધા હતા. ભારત અત્યાર સુધી ટ્રમ્પના ટેરિફ પગલાંથી બચી ગયું હતું પણ ટ્રમ્પે મોદીની યાત્રા વખતે એ કસર પણ પૂરી કરી દીધી. ટ્રમ્પના ટેરિફથી બચવા માટે ભારતે ઘણી અમેરિકન વસ્તુઓ પર ટેરિફ ઘટાડવાનું શરૂ કરી દીધું છે. ૧ ફેબ્રુઆરીના રોજ રજૂ કરાયેલા બજેટમાં ભારતે અમેરિકાથી આયાત થતી વસ્તુઓ જેમ કે ૧૬૦૦ સીસીથી ઓછા એન્જિનવાળી મોટરસાયકલ, ઉપગ્રહો માટે ગ્રાઉન્ડ ઇન્સ્ટોલેશન અને સિન્થેટિક ફ્લેવરિગ એસેન્સ પરના કર ઘટાડ્યા છે. આ સિવાય મહત્તમ ટેરિફનો રેટ પણ ૧૫૦ ટકાથી ઘટાડીને ૭૦ ટકા કરીને આપણે અમેરિકાના પગમાં આળોટી ગયેલા છતાં ટ્રમ્પે તેની દરકાર કર્યા વિના રેસિપ્રોકલ ટેરિફની જાહેરાત કરી નાખી. ટ્રમ્પે રેસિપ્રોકલ ટેરિફની જાહેરાત કરીને ભારતની નિકાસને તો ફટકો માર્યો જ હતો ને તેમાં આ બે નવા ફટકા છે. ભારતમાં મોદીભક્તિમાં લીન એક વર્ગ એવો છે કે જે એક જ રેકર્ડ વગાડ્યા કરે છે કે, અમેરિકાએ ચીની ઉત્પાદનો પર ટેરિફ લાદી તેનાથી અમેરિકન બજારમાં ભારતીય વસ્તુઓનું વેચાણ વધશે. એ લોકોની દલીલ છે કે, ટ્રમ્પના પહેલા કાર્યકાળ દરમિયાન જ્યારે ચીન સાથે ટેરિફ યુદ્ધ શરૂ થયું ત્યારે ભારત અમેરિકા સાથેના વ્યાપારમાં વિશ્વમાં ચોથા ક્રમનો સૌથી મોટો લાભાર્થી દેશ હતો.

ફેડરેશન ઓફ ઇન્ડિયન એક્સપોર્ટ ઓર્ગેનાઇઝેશન સહિતનાં સંગઠનોની દલીલ છે કે, યુએસ દ્વારા લદાનારા ટેરિફથી અમેરિકાના હરીફ એવા ચીન અને તેના દક્ષિણ કોરિયા અને જાપાન જેવા વેપારી ભાગીદારોને સૌથી વધારે અસર કરશે પણ ભારતને ફાયદો થશે કારણ કે તેને યુએસ બજારમાં ચીન જેવા દેશોની કંપનીઓ તરફથી ઓછી સ્પર્ધાનો સામનો કરવો પડશે. આ ઉપરાંત જે કંપનીઓની ફેક્ટરીઓ ચીન અને ભારત બંનેમાં છે તેમને ભારતમાં વધુ ઓર્ડર મળવાનું શરૂ થશે.આ વાતો ગધેડાને તાવ આવે એવી છે. સૌથી પહેલી વાત તો એ કે, ભારત અમેરિકાના બજારમાં માલ વેચવામાં ચીન, જાપાન કે દક્ષિણ કોરિયા જેવા દેશો સાથે સ્પર્ધામાં જ નથી. ચીન અમેરિકામાં દર વરસે ૪૫૦ અબજ ડૉલરની નિકાસ કરે છે ને ભારતની નિકાસ માંડ ૭૫ અબજ ડૉલરની છે. જાપાનની નિકાસ ૧૪૧ અબજ ડૉલરની હતી ને સાઉથ કોરિયાની નિકાસ ૧૧૬ અબજ ડૉલરની હતી. જાપાન અને સાઉથ કોરિયા પર તો અમેરિકાએ કોઈ ટેરિફ લાદ્યા નથી તેથી તેમને તો કોઈ અસર થવાની નથી પણ ચીનના ભોગે આપણને ફાયદો થવાની વાત જ બકવાસ છે.

ચીન સાથે આપણે ક્વોલિટી કે ક્વોન્ટિટી કોઈ રીતે સ્પર્ધામાં નથી. ચીન જે સસ્તા ભાવે અમેરિકાને માલ ધાબડે છે એ ભાલે માલ ધબાડવાની આપણામાં તાકાત જ નથી. આપણે ચીનથી કાચો માલ લાવીને વસ્તુઓ બનાવીએ છીએ ને અમેરિકા સહિતના દેશોમાં એક્સપોર્ટ કરીએ છીએ પછી ચીનથી સસ્તો માલ કઈ રીતે આપી શકીએ ? બીજું એ કે, આપણી પાસે ટેકનોલોજીની તાકાત નથી ને અમેરિકાને જે વધારે પ્રમાણમાં જોઈએ છે એ માલ બનાવવાની પણ તાકાત નથી. આ સંજોગોમાં અમેરિકાનાં ટેરિફ નિયંત્રણોથી

ચીનને નુકસાન ને ભારતને ફાયદો થશે એવી વાતો ભક્તિ કરવા માટે બરાબર છે પણ વાસ્તવવાદી નથી.

ભારતે ખરેખર તો દુનિયાના બીજા દેશોના જેવા સ્પર્ધાત્મક બનવાની જરૂર છે. કમનસીબે એવું થયું નથી. ભારતને આત્મનિર્ભર બનાવવાની અને મેઈક ઈન ઈન્ડિયાની વાતો બહુ થાય છે પણ ખરેખર એ દિશામાં કશું નક્કર થતું નથી. ભારતીય લશ્કરે હમણાં ભારતની કંપનીઓને અપાયેલો ૪૦૦ ડ્રોનનો ઓર્ડર કેન્સલ કર્યો. આ ડ્રોન સરહદે તૈનાત કરાયેલાં ત્યારે એક ડ્રોન તો ઉડ્યું જ નહીં કેમ કે ચીને હેક કરી લીધેલું. બીજું ડ્રોન ભારતમાં ઊડીને દુશ્મન દેશો પર નજર રાખવાના બદલે પાકિસ્તાનની સરહદમાં ઘૂસી ગયું કેમ કે ડ્રોન ચીનના પાર્ટ્સથી બનાવેલાં હતાં. હવે ડ્રોન જેવી સાવ સામાન્ય પ્રોડક્ટ બનાવવા માટે પણ આપણે ચીન જેવા દેશો પર નિર્ભર હોઈએ તો પછી મેઈક ઈન ઈન્ડિયાની વાતનો કોઈ અર્થ નથી.

આ સ્થિતિ બધાં ક્ષેત્રોમાં છે. ભારત વિશ્વગુરૂ બની રહ્યું હોવાના ફાંકા બહુ મરાય છે પણ આપણે હજુ વિકસિત દેશોના શિષ્ય બનવાની લાયકાત પણ કેળવી શક્યા નથી. ખાલી વાતો કરવાના બદલે ભારતે સાયન્સ, ટેકનોલોજી, ઈનોવેશન વગેરેમાં બહુ મહેનત કરવાની જરૂર છે. ચીનથી તૈયાર માલ લાવીને એલેમ્બલ કરીને ફાંકા મારવાના બદલે જાતે બધું બનાવી શકીએ તો અમેરિકા સહિતના દેશોને નમાવી શકીએ, બાકી આપણી કોઈ કિમત નથી.

**કાર્યવાહીની માંગ કરતાં 'ઈન્ડિયાઝ ગોટ લેટેન્ટ' પર પ્રતિબંધનો આગ્રહ રક્યો છે.**

# અભિવ્યક્તિની સ્વતંત્રતાના નામે વિકૃતિ

## આવી સામગ્રીથી ભારતીય સામાજિક સંતુલનના જ અસ્તત્વ પર સંકટ ઊભું કરાઈ રહ્યું છે

આપણો સંકલ્પ છે કે વર્ષ ૨૦૪૭ સુધી દેશને વિકસિત રાષ્ટ્ર બનાવવું, પરંતુ વિકસિત ભારતની વાત કરતી વખતે આર્થિક અને ટેકનિકલ વિકાસની સાથે પોતાના વારસા પર પણ ભાર મૂકવાની જરૂર છે. આ વારસો છે સંસ્કારો અને જીવન મૂલ્યોનો. ઉદાત્ત ભાવો અને સામાજિક-સાંસ્કૃતિક સાતત્યનો. આ જ સમૃદ્ધ વારસા આપણી સામાજિક અને પારિવારિક વ્યવસ્થાને સંકડો વર્ષોના આક્રમણ અને ગુલામી છતાં અખંડ રાખી છે. વિકસિત ભારતનો મતલબ એ જ છે કે સમૃદ્ધિની સાથે સંસ્કાર પણ સહગામી બને, પરંતુ દુર્ભાગ્યે ૨૧મી સદીમાં જે પ્રકારની સંસ્કારહીનતા અને મૂલ્યહીનતા તરફ ભારતીય સમાજ, વિશેષ કરીને યુવા પેઢી આગળ વધી રહી છે, તે ખતરાની ઘંટડી છે. યુટ્યૂબ પર 'ઇન્ડિયાઝ ગોટ લેટેન્ટ' નામના શોમાં હાલમકાં જે વિવાદ પેદા થયો છે તેણે યવાઓની માનસિકતા પર એવા સવાલ ઊભા કર્યા છે કે શું આધુનિકતાના નામે મૂલ્યોને તિલાંજલિ અપાઈ રહી છે? માતા-પિતાના સંબધો પર શરમજનક ટિપ્પણીથી નિશાના પર આવેલા યુટ્યૂબર રણવીર અલાહાબાદિયાએ ભલે માફી માગી લીધી હોય, પરંતુ એટલાથી જ આ મામલો રફેદફે નથી થવાનો. આ મામલે વધતા આક્રોશને જોતાં અલાહાબાદિયા અને તેની સાથે મંચ પર બેઠેલા સમય રૈના, અપૂર્વા મખીજા વગેરે પર કાર્યવાહીનું દબાણ વધ્યું છે. મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે પણ કહ્યું કે જો સીમા પાર કરવામાં આવી હશે તો તેમના વિરુદ્ધ કાર્યવાહી કરવામાં આવશે. કેન્દ્રીય મહિલા અને બાળ વિકાસ મંત્રી અન્નપૂર્ણા દેવીએ રાષ્ટ્રીય મહિલા આયોગને નિર્દેશ આપ્યા છે કે તે નોટિસ જારી કરીને જવાબ માગે. શિક્ષણવિદો, કલાકારો વગેરેએ પણ તેમની નિંદા કરી છે.

રણવીર અને તેના સાથીઓની બેહૂદી ટિપ્પણીઓ બાદ ઓલ ઈન્ડિયા સિને વર્કર્સ એસોસિએશને શો વિરુદ્ધ કડક કાર્યવાહીની માંગ કરતાં 'ઈન્ડિયાઝ ગોટ લેટેન્ટ' પર પ્રતિબંધનો આગ્રહ રક્યો છે. મહારાષ્ટ્રથી લઈને અસમ સુધી ફરિયાદો નોંધાઈ છે. સમાજશાસ્ત્રી દુર્ખીમના શબ્દોમાં કહીએ તો આ ઘટનાએ દેશની સામુહિક ચેતનાને જગાડી દીધી છે અને વિપરીત વૈચારિક ધ્રુવો પર ઊભેલા લોકો પણ ટિપ્પણી કરનારા લોકોની એકસૂરે નિંદા કરી રહ્યા છે. આ વિવાદે ઓનલાઈન કન્ટેન્ટની સીમાઓ અને જવાબદારીઓ પર એક મહત્ત્વપૂર્ણ ચર્ચા છેડી છ. આ મુદ્દાથી ન માત્ર સાંસ્કૃતિક, નૈતિક અને બંધારણીય પાસા, બલ્કે પરિવાર અને સામાજિક વ્યવસ્થા સંબંધિત પ્રશ્ન પર જોડવામાં આવ્યા છે. પહેલં તો એ કે સ્ટેન્ડઅપ કોમેડી, ઈન્ટરનેટ મીડિયા કે ઓટીટી પર પોતાની પહોંચ વધારવા માટે અશ્લીલ, ઘોર વાંધાજનક અને હિંસક સામગ્રીનો ભારે સહારો લેવામાં આવી રહ્યો છે. તેના માટે કોઈપણ હદ તોડવાતી સંકોચ નથી કરાતો. એક્સથી લઈને ઈન્સ્ટાગ્રામ, ફેસબક અને યુટ્યૂબ પર એવી અશ્લીલ-અભદ્ર કન્ટેન્ટની ભરમાર છ, જે નવી પેઢીને ઝડપથી પોતાની ચુંગાલમાં લઈ રહી છે. તેમાંથી મોટાભાગની સામગ્રી પશ્ચિમી સમાજ અને સંસ્કૃતિની નકલ કરીને બનાવવામાં આવે છે. જે ટિપ્પણીથી આટલો મોટો વિવાદ થયો છે, તે પણ મૂળ રૂપે એક વિદેશી શોમાં કરવામાં આવી હતી, જેને રણવીરે નકલ કરીને અહીં રજૂ કરી દીધી. યાદ રહે પશ્ચિમી સમાજ-સંસ્કૃતિ ભારતીય મૂલ્યોથી વિપરીત વ્યક્તિપરક સમાજ છે, જે કેટલીય વાર પરિવાર અને મર્યાદાના બંધનોને પણ સ્વીકાર નથી કરતી. તેમાં ભોગ અને ભૌતિકતા જ સર્વોપરિ છે, પરંતુ શું આપણે એના જેવું ભારત બનાવવા માગીએ છીએ?જ્યાં ઘણા લોકો રણવીર અલાહાબાદિયાની નિંદા કરી રહ્યા છે, જયારે કેટલાક વોક, ઉદારવાદી અને માર્ક્સવાદી કહેવાતા બુદ્ધિજીવીઓ એના પર ઢાંકપિછોડો કરવાની કોશિશ કરી રહ્યા છે. જોકે સામાજિક દબાણમાં તેમને પણ રણવીરની ટિપ્પણીની ટીકા કરવી પડી રહી છે, પરંત તેના વિરુદ્ધ થઈરહેલી કાર્યવાહી મામલે આ લોકો ડાર્ક હ્યૂમરના પ્રકારથી લઈને અભિવ્યક્તિની સ્વતંત્રતા પર ચર્ચા કરી રહ્યા . જ્યાં એક આક્રોશિત વર્ગ સેન્સરની વાત કરી રહ્યો છે. તેની અવગણના ન કરી શકાય કે અભિવ્યક્તિની સ્વતંત્રતાના નામે વિકૃતિ કે અપસંસ્કૃતિના સામાન્યીકરણ કે 'કૂલ' કહેવાના એવા પ્રયાસ લાંબા સમયથી થઈ રહ્યા છે. દુર્ભાગ્યે કિશોર અને યુવા પેઢી ધીમે ધીમે તેની જાળમાં ફસાતી જાય છે. એ ચિંતાજનક છે કે અશ્લીલતાને કૂલ ગણાવનારા ઈન્ટરનેટ મીડિયા ઈન્ફ્લૂએન્સરોના ફોલોઅર્સ લાખો-કરોડોમાં છે. આ ક્રિએટર્સ કે ઈન્ફ્લુએન્સર્સમાં કોઈ જવાબદારીનો ભાવ નથી દેખાતો.ચિંતાની વાત એ જ નથી કે તેમની ઘૃણાસ્પદ ટિપ્પણીઓને પણ ખૂબ વાહવાહી મળી રહી છે, બલ્કે એ પણ છે કે માતા-પિતા પ્રત્યે જે સન્માન-સેવાનો ભાવ હોય છે કે પરિવારમાં જે સહજ ઉદાત્ત પરિવેશ થાય છે, તેને આવા કન્ટેન્ટ-કથ્ય ધ્વસ્ત કરવાની કોશિશ કરે છે. 'પરિવાર વ્યવસ્થા' જે ભારતીય સમાજ-સંસ્કૃતિની આધારશિલા અને સૌથી મોટી શક્તિ રહી છે, એના પર આજે અજાણતાં કે જાણીજોઈને પર પ્રહાર થઈ રહ્યો છે. આવી સામગ્રીથી ભારતીય સામાજિક સંતુલનના જ અસ્તત્વ પર સંકટ ઊભું કરાઈ રહ્યું છે, તેથી સમય આવી ગયો છે કે ડિજિટલ કન્ટેન્ટનું નિરીક્ષણ કરવામાં આવે. આપણે આ પ્રકારની સામગ્રીની સીમાઓ નક્કી કરવી પડે. જે લોકો અભિવ્યક્તિની આઝાદીની દલીલ કરી રહ્યા છે, તેઓ સમજી લે કે બંધારણમાં જ અનુચ્છેદ ૧૯(૨) અંતર્ગત 'શિષ્ટાચાર કે નૈતિકતા'ના આધાર પર અભિવ્યકિતની સ્વતંત્રતા પર પ્રતિબંધની ગુંજાશ છે. એવો પ્રતિબંધ મુખ્ય રૂપે અશ્લીલતા, અનૈતિકતા અને સામાજિક મર્યાદા સાથે જોડાયેલા મામલે લાગુ થાયે . સુપ્રીમ કોર્ટે 'રંજન દ્વિવેદી વિરુદ્ધ ભારતીય સંઘ' કેસ (૨૦૧૭)માં કહ્યું હતું કે અશ્લીલતા અને અભિવ્યક્તિની સ્વતંત્રતામાં સંતુલન જરૂરી છ અને સાર્વજનિક શાલીનતાને ઠેસ પહોંચાડનારા કન્ટેન્ટ પર પ્રતિબંધ લગાવી શકાય છે. આ વાત ફિલ્મ, સાહિત્ય, કલા અને ઈન્ટરનેટ મીડિયા પર પણ લાગુ થાય છે. અભિવ્યક્તિની સ્વતંત્રતાના નામે સંસ્કારહીનતા, મૂલ્યહીનતા અને અપસંસ્કૃતિની છૂટ ન આપી શકાય. પારિવારિક મર્યાદા અને સામાજિક સંતુલનને આઘાત ન પહોંચે, ત ભારતીય સમાજના અસ્તિત્વ માટે તો જરૂરી છે જ, વિકસિત ભારત માટે પણ અનિવાર્ય છે.

**બોર્ડની શરૃઆતથી જ વિદ્યાર્થીઓ બોર્ડની પરીક્ષાના નામે જ ડરવા લાગે છે**

# પરીક્ષામાં તકેદારી માટે વાલી-વિદ્યાર્થીઓ માટે ખાસ સૂચનો

## પરીક્ષાના દિવસે વિદ્યાર્થીઓએ હળવો સુપાચ્ય ઘરમાં બનાવેલો ખોરાક લેવાની સાથે પુષ્કળ પ્રમાણમાં પ્રવાહી લેવું જોઈએ

આગામી ૨૭મી ફેબ્રુઆરીથી સમગ્ર રાજયમાં ધોરણ ૧૦ અને ૧૨ બોર્ડની પરીક્ષાઓ શરૃ થઈ રહી છે. જેમાં ધોરણ ૧૦માં ૯ લાખ ૧૭ હજાર અને ધોરણ ૧૨માં ૬ લાખ ૨૧ હજાર મળીને કુલ ૧૫ લાખ ૩૮ હજાર જેટલા પરીક્ષાર્થીઓ બોર્ડની પરીક્ષાઓ આપવા જઈ રહ્યા છે. પરીક્ષાના આ સમય દરમિયાન વિદ્યાર્થીની સાથે તેના વાલીની પણ પરીક્ષા થતી હોય છે. આવા સમયે પરીક્ષાર્થી અને તેના માતા પિતાએ પરીક્ષાને ધ્યાને રાખીને મુક્ત મને હળવા વાતાવરણમાં તૈયારીઓ કરવી જોઈએ. તેવો મત શિક્ષણ શાસ્ત્રી અને મનોચિકિત્સકોએ આપ્યો છે.ત્યારે પરીક્ષા દરમિયાન વિદ્યાર્થી અને તેમના વાલીઓની સાથે પરીક્ષા પૂર્વે અને પરીક્ષા સમય દરમિયાન કેવા પ્રકારની તૈયારીઓ કરવી જોઈએ તે અંગે કેટલાક સૂચનો.

પરીક્ષાના દિવસે વિદ્યાર્થીઓ માટે સૂચનોઃ

પરીક્ષાના દિવસે વિદ્યાર્થીઓએ હળવો સુપાચ્ય ઘરમાં બનાવેલો ખોરાક લેવાની સાથે પુષ્કળ પ્રમાણમાં પ્રવાહી લેવું જોઈએ, બિનજરૂરી ઉજાગરા ટાળવા જોઈએ, પરીક્ષાના દિવસો દરમિયાન કોઈપણ પ્રકારના ઉત્તેજના કે ભય અને ગુસ્સો આવે તે પ્રકારના તમામ પ્રસંગોથી પ્રત્યેક પરીક્ષાર્થીએ દૂર રહેવું જોઈએ, પરીક્ષાના દિવસોમાં માત્ર અભ્યાસ સિવાયની કોઈપણ પ્રવૃત્તિમાં સીધી રીતે ઉતરવું જોઈએ નહીં. આ સમય દરમિયાન મોબાઇલ ફોનના ઉપયોગથી દૂર રહો.પરીક્ષામાં ઉપયોગી સાધનો પેન, પેન્સિલ, રબર, કંપાસ પરીક્ષાના દિવસો દરમિયાન તૈયાર રાખવો જોઈએ, જેમાં પરીક્ષા ખંડમાં ઉપયોગી અને અનિવાર્ય હોલ ટિકિટ એટલે કે રીસીપ્ટ પણ સાથે રાખવી.

પ્રફુલ્લિત મને પરીક્ષા આપવી જોઈએઃ

પરીક્ષા આપવા જતી વખતે સાથે કોઈપણ પ્રકારના પુસ્તકોને લઈને જવાની વૃતિ ટાળવી જોઈએ, પરીક્ષા ખંડમાં ખૂબ જ સ્વચ્છ અને શરીરને આરામ આપે તે પ્રકારે ઢીલા કપડાં પહેરવા જોઈએ. આ ઉપરાંત હાથમાં નેપકીન કે મોટો રૃમાલ રાખવો જોઈએ, સ્વચ્છ અને સ્વસ્થ મનથી આપવામાં આવેલી પરીક્ષા પ્રત્યેક પરીક્ષાર્થીના ઉત્સાહ અને

હિંમતમાં વધારો કરે છે. જેથી પ્રફુલ્લિત મન સાથે પરીક્ષા આપવા જવું જોઈએ. આ સિવાય ઘરનું પાકું સરનામું કાગળમાં લખેલું રાખવુ ચશ્મા પહેરતા હોવ તો તે અવશ્ય તપાસવા જોઈએ. પરીક્ષા સેન્ટરની નજીક સંબંધી કે પરિચિતનાં સરનામા રાખો, પરીક્ષાર્થીએ પોતાની ઘડિયાળમાં પરીક્ષા સમયને અનુરુપ સમય ગોઠવવો જોઈએ, પરીક્ષા સ્થળ સુધી પહોંચવા માટેનો સમય નિર્ધારિત કરીને ઘરેથી પરીક્ષા આપવા માટે નીકળવું જોઈએ.

માનસિક રીતે શાંત રહેવુંઃ

બોર્ડની શરૃઆતથી જ વિદ્યાર્થીઓ બોર્ડની પરીક્ષાના નામે જ ડરવા લાગે છે. નિષ્ણાતોનું કહેવું છે કે વિદ્યાર્થીઓએ કોઈપણ પ્રકારના માનસિક દબાણ સાથે બોર્ડની પરીક્ષાની તૈયારી ન કરવી જોઈએ. બાળકોના માતા-પિતાએ પણ તેમને પ્રોત્સાહિત કરવા જોઈએ. આ દિવસોમાં નવું શીખવાનું ટાળો અને જે આવડે છે તેના ઉપર ભાર મૂકો.

આરોગ્ય ન બગડે તેની કાળજી રાખવીઃ

વિદ્યાર્થીઓ આખું વર્ષ પરીક્ષાની તૈયારી કરતા હોય છે. પરંતુ ઘણા એવા વિદ્યાર્થીઓ સ્વાસ્થ્યની તકેદારી ન રાખતા હોવાથી પરીક્ષા સમય દરમિયાન બીમારી પડતા હોય છે. જેના કારણે તેમનું પેપર બગડે છે,માટે દરેક વિદ્યાર્થીએ પરીક્ષા દરમિયાન ઘરનો સુપાચ્ય ખોરાક લેવો જેથી તેમને આરોગ્ય લક્ષી પ્રશ્નો ઉદ્ભવે નહીં. પરીક્ષા કેન્દ્ર દૂર હોય તો સાથે હળવો નાસ્તો રાખવો જોઈએ. કેન્દ્ર પર પહોંચો તે પહેલા થોડું ખાવાથી મન શાંત રહે છે. બોર્ડની પરીક્ષા પહેલા વિદ્યાર્થી ફળનું સેવન કરે તો અતિ ઉત્તમ સાબિત થશે.ક્યારેક પરીક્ષાનું ટેન્શન હોવાથી પણ આરોગ્યના પ્રશ્ન ઉદભવતા હોય છે તેથી મગજ શાંત રાખવું અને વધારે પડતી પરીક્ષાની ચિંતા કરવી નહીં.

પરીક્ષાર્થીઓના માતા-પિતા માટેના સૂચનોઃ

પ્રત્યેક માતા-પિતાએ તેના સંતાનો પ્રત્યે પ્રેમ લાગણી અને હૂંફ કોઈપણ સ્થિતિમાં ઓછી ન કરવી જોઈએ. સંતાનોના અભ્યાસ સમયે માતા-પિતાએ તેને પ્રોત્સાહન આપવું જોઈએ. પરીક્ષા દરમિયાન વિદ્યાર્થીઓના વાંચન કે અધ્યયન માટે કોઈ પણ પ્રકારની ખલેલ ન પહોંચે, તે માટે વ્યવસ્થાની જવાબદારી માતા-પિતાની છે. સંતાનો પરીક્ષાને લઈને કોઈ મૂંઝવણમાં જોવા મળે તો તરત જ ઘરમાં તેનો નિકાલ કરીને તેને આત્મવિશ્વાસ માતા-પિતાએ આપવો જોઈએ.બાળકોની પરીક્ષા દરમિયાન માતા-પિતાએ શક્ય હોય તો પ્રવાસ ટાળવો જોઈએ. ઘરનું વાતાવરણ શાંત અને ખુશનુમાં રાખવું જોઈએ. ઘરમાં તકરાર થાય તેવું કરવું જોઈએ નહીં. આજકાલ નવો એક ટ્રેન્ડ શરૃ થયો છે જ્યારે બાળક બોર્ડની પરીક્ષા આપતું હોય ત્યારે સગા વહાલા તરફથી બાળકને શુભેચ્છાઓ આપવા આવે છે ,તે પ્રથા બંધ કરવી જોઈએ. શુભેચ્છા આપવા આવનારા લોકો બાળકનો ઘણો સમય બગાડતા હોય છે. માતા પિતાએ એ વાત ખાસ યાદ રાખવી કે બાળક ૧૦ મા કે ૧૨ મા ધોરણની પરીક્ષા આપવા જવાનું છે નહીં કે યુદ્ધમાં!





# એવી વેબ સિરિઝ જેણે ગન, ગેંગ્સ્ટર વિના રેકોર્ડ્ઝ તોડ્યા

## ‘પંચાયત’થી લઇને ‘રોકેટ બોય્ઝ’, ‘પંચાયત’ કે ‘ગુલ્લક’ સહપરિવાર માણી શકાય એવી લોકપ્રિય સિરીઝ

આજે વેબસિરીઝ ફિલ્મો કરતા પણ વધુ લોકપ્રિય થઈ રહી છે, છતાં એવા અનેક લોકો છે જે માને છે કે ગન અને ગેંગ્સ્ટર વિના ઓટીટી પર કશું સફળ થવું શક્ય નથી. તેથી ઓટીટી પર ક્રાઇમ, ગેંગ્સ્ટર, કાવતરાં અને ખરાબ માનસિકતાથી ભરેલાં પાત્રો અને સ્ટોરીનું કન્ટેન્ટ ઉભરાય છે. ૨૦૧૮માં જ્યારથી ‘સેક્રેડ ગેમ્સ’ આવી ત્યારથી આ ટ્રેન્ડ ચાલ્યો છે. શરૂઆતમાં આ પ્રકારના શો લોકપ્રિય થયાં પણ હવે તેનાથી પણ લોકો કંટાળ્યા છે. આ પ્રકારનાં ગાળોથી ભરેલા અને હિંસક કન્ટેન્ટ વચ્ચે કેટલીક એવી વૅબ સિરીઝ પણ છે, જે હળવાશ સાથે ખુશી અને શાંતિનો અનુભવ કરાવવાની સાથે તમારી આવી યાદો પણ તાજી કરી દે છે.

પંચાયત

પ્રાઇમ વીડિયો પર આવેલી વૅબ સિરીઝ એક એવા શહેરી છોકરાની વાત કરે છે જેને એક અંતરિયાળ ગામડાંની ગ્રામ પંચાયતમાં સચિવ તરીકે નોકરી મળે છે. આ નોકરી સાથે તે કેટની પરિક્ષાની પણ તૈયારી કરે છે. શરૂઆતમાં તેને ગામના લોકો અને ગામના માહોલમાં મજા આવતી નથી. પરંતુ ધીરે ધીરે તે ગામમાં પોતાનાં મિત્રો બનાવે છે અને પરિવાર જેવા માહોલ બને છે. સરળ ભાષામાં લખાયેલી આ સિરીઝ ચહેરા પર સ્મિત પણ લાવે છે અને આંખોમાં ભીનાશ પણ લાવે છે. આ સિરીઝમાં અભિષેક ત્રિપાઠી સાન્વિકા, રઘુબીર યાદવ, નીના ગુપ્તા અને ફૈઝલ મલિક મહત્વના રોલમાં છે.

રોકેટ બોય્ઝ

સોની લિવ પરની આ વૅબ સિરીઝ ૧૯૪૦–૧૯૬૦ના બે દાયકાની વાત કરે છે, જેમાં ભારતીય ઈતિહાસને હોમી ભાભા અને ડૉ. વિક્રમ સારાભાઈની દૃષ્ટિએ દર્શાવાયો છે. સ્વતંત્ર ભારતનાં શરૂઆતના દિવસોમાં વિજ્ઞાનની ક્રાંતિની વાત આ સિરીઝમાં જોવા મળે છે. જેમાં સિમ સરાભ અને ઈશ્વાક સિંઘ સાથે અર્જૂન રાધાક્રિશ્નન મુખ્ય રોલમાં છે.

કોટા ફેક્ટરી

ટીવીએફ અર્થપૂર્ણ વાર્તાઓ અને સુંદર પાત્રો બનાવવા માટે જાણીતું છે, આ તેમની શ્રેષ્ઠ સિરીઝમાંથી આ એક છે. તેમાં એક ૧૬ વર્ષના છોકરા વૈભવની વાત છે, જે ઈટારસીથી ભણવા માટે કોટા આવે છે. વૈભવના આઈઆઈટીમાં પ્રવેશ માટે પરિક્ષાની તૈયારી આ સિરીઝમાં જોવા મળે છે. જિતેન્દ્ર કુમાર સિવાય મયુર મોરે, રંજન રાજ, વર્તિકા રતવાલ અને અહેસાસ ચન્ના મહત્વના રોલમાં છે.

સંગીતપ્રધાન વાર્તા કહેતી આ સિરીઝમાં બે અલગ દુનિયાના વ્યક્તિ વચ્ચે થતા પ્રેમ અને તેમાં આવતા પડકારોની વાત છે. એક રોકસ્ટાર તમન્ના અને એક શાસ્ત્રીય ગાયક રાધે એક કોન્સર્ટ દરમિયાન એકબીજાને મળે છે અને તેમની વાર્તા આગળ વધે છે. પ્રાઈમ વીડિયોની આ સિરીઝમાં નસિરુદ્દીન શાહ, ઋત્વિક ભૌમિક અને શ્રેયા ચૌધરી, શીબા ચઢ્ઢા, અતુલ કુલકર્ણી, કુણાલ કપુર અને રાજેશ તિલંગ જેવા કલાકારો મુખ્ય રોલમાં છે, સાથે બીજી સીઝનમાં અર્જૂન રામપાલ અને દિવ્યા દત્તા જેવા કલાકારો પણ જોડાયા છે.

પિચર્સ

ટીવીએફની જ આ સિરીઝ છે, જેમાં ચાર મિત્રોની વાત છે, તેમની પોતપોતાની જોબ છે અને તેઓ પોતાનું સ્ટાર્ટ અપ શરુ કરવા માગે છે. પહેલી સીઝનમાં તેઓ સાથે મળીને એક કંપની શરૂ કરે છે અને તેમાં ૨૪ લોકો કામ કરે છે. જ્યારે બીજી સીઝનમાં તેમની કંપની મોટી થાય છે. તેમાં મિત્રતા અને કોર્પોરેટ લાઇફ વચ્ચે તાલમેલ જાળવવા સંઘર્ષ કરતા મિત્રોની વાત નવીન બંસલ, અરુનભ કુમાર, બિસ્વાપ્તિ સરકાર અને જિતેન્દ્ર કુમાર મુખ્ય રોલમાં છે.

ગુલ્લક

ઉત્તર ભારતના એક મધ્યવર્ગીય વિસ્તારના મધ્યમ વર્ગીય પરિવારની ઈચ્છાઓ અને આકાંક્ષાઓની વાત આ સિરીઝમાં કરવામાં આવી છે. હ્યુમર, ડ્હાપણ, પ્રેમ અને કરકસરમાં ખુશીથી રહેવાની કળા આ સિરીઝ શીખવે છે. જેમાં જમીલ ખાન, ગિતાંજલિ કુલકર્ણી, વૈભવ રાજ ગુપ્તા અને હર્ષ મયર મુખ્ય રોલમાં છે.




# ૨૦૨૫માં ફ્લોપ ફિલ્મોનો સિલસિલો રોકવામાં ‘છાવા’ને સફળતા મળશે?

વર્ષ ૨૦૨૫નો દોઢ મહિનો વીતી ચૂક્યો છે અને આ દોઢ મહિનામાં લગભગ અડધો ડઝન મોટા બજેટની અને મોટી હાઈપ સાથે પ્રમોટ થયેલી ફિલ્મો રિલીઝ થઈ ચૂકી છે, આ ફિલ્મો પાસે દર્શકોને અને ઈન્ડસ્ટ્રી બધાને ઘણી આશાઓ હતી, પરંતુ આ આશાઓ ફળી નથી. હવે મોટા બજેટ સાથે બનેલી અને મોટી હાઈપ સાથે અને વિવાદો સાથે પ્રમોટ થયેલી વિકી કૌશલ અને રશ્મિકા મંદાનાની ‘છાવા’ રિલીઝ થઈ છે, ત્યારે આ વર્ષની શરૂઆત સુધારવાની જવાબદારી આ ફિલ્મ પર ટકેલી છે. વિકી કૌશલ, રશ્મિકા, અક્ષય ખન્ના અને દિવ્યા દત્તા સહીતના મજબૂત કલાકારો અને વૈભવી સેટ અને યુદ્ધના વિશાળ દૃષ્યો લોકોને આકર્ષવામાં કેટલા સફળ થાય છે, તે જોવાનું રહ્યું. એક નજર આવી આશાઓ સાથે રિલીઝ થયેલી અને ફ્લોપ ફિલ્મોની યાદી પર નાખીએ.

આઝાદ

આ વર્ષે સૌથી પહેલાં ૧૭ જાન્યુઆરીએ અજય દેવગનની ફિલ્મ ‘આઝાદ’ રિલીઝ થઈ હતી. આ ફિલ્મમાં અજય દેવગનનો ભત્રીજો અમન દેવગન અને રવીના ટંડનની દિકરી રાશા થડાની લીડ રોલમાં હતાં. આ સ્ટાર કિડ્ઝની ડેબ્યુ ફિલ્મ બોક્સ ઓફિસ પર તો ખરાબ રીતે પીટાઈ ગઈ છે. આ ફિલ્મ સાત દિવસમાં માત્ર ૬.૭૭ કરોડની કમાણી કરી છે, જ્યારે આ ફિલ્મનું બજેટ ૪૦ કરોડ હતું.

ઈમરજન્સી

કંગના રણૌતની સૌથી વધુ વિવાદિત અને જેની સૌથી વધુ રાહ જોવાતી હતી એવી ફિલ્મ ‘ઈમરજન્સી’ પણ ૧૭ જાન્યુઆરીએ રિલીઝ થઈ હતી. આ એક પોલિટિલ ડ્રામા ફિલ્મ છે, જે ઈન્દિરા ગાંધીના જીવન પર આધારીત છે. પરંતુ લોકોને આ ફિલ્મ ખાસ પસંદ પડી નહી. આ ફિલ્મનું બજેટ ૬૦ કરોડ હતું પરંતુ આ ફિલ્મને ૧૦ દિવસમાં માત્ર ૬.૭૦ કરોડની જ કમાણી થઈ શકી છે. આમ આ ફિલ્મ ખર્ચ કરતાં દસમા ભાગની કમાણી પણ કરી શકી નથી.

દેવા

શાહિદ કપૂરની ફિલ્મ ‘દેવા’ ૩૧ જાન્યુઆરીએ થિએટરમાં રિલીઝ થઈ હતી. આ ફિલ્મમાં શાહિદ સાથે પૂજા હેગડે લીડ રોલમાં હતી. તેમની વચ્ચે તો કેમેસ્ટ્રી દેખાઈ પરંતુ આ કેમેસ્ટ્રીનો જાદુ દર્શકો પર ચાલી શક્યો નહી. ૫૦ કરોડના બજેટમાં બનેલી આ ફિલ્મ બોક્સ ઓફિસ પર ખાસ કશું કરી શકી નહી.

ગેમ ચેન્જર

કિઆરા અડવાણીએ રામ ચરણ સાથેની આ ફિલ્મથી સાઉથની ઈન્ડસ્ટ્રીમાં ડેબ્યુ કર્યું. હિન્દીમાં પણ રિલીઝ થઈ અને અધધ બજેટ સાથે બનેલી આ ફિલ્મના ગીતો પાછળ જ ૭૦ કરોડથી વધારે ખર્ચ થયો હતો. ૪૫૦ કરોડના ખર્ચે બનેલી આ ફિલ્મ બોક્સ ઓફિસ પર ૧૩૦ કરોડમાં સમેટાઈ ગઈ છે અને ૧૬ દિવસ પછી પણ આ ફિલ્મ તેના ખર્ચની રકમ સુધી પણ પહોંચી શકી નહી. ભલે આ ફિલ્મ ૧૦૦ કરોડ ક્લબમાં આવી, પણ પ્રોફિટ કરાવી શકી નહી.

# આહનાને નસિરુદ્દીન શાહ સાથે પહેલું પોડકાસ્ટ કરવાની ઇચ્છા હતી



## આહના કુમરાએ પોડકાસ્ટની દુનિયામાં ડેબ્યુ વિશે વાત કરી

આહના કુમરા એક પોડકાસ્ટ શો શરૂ કરવા જઈ રહી છે, જે તેના પહેલા પ્રેમ થિએટર પર આધારીત હશે. આ શોનું નામ ‘કર્ટન કૉલ વિથ આહના કુમરા’ આપવામાં આવ્યું છે અને તેના વિશે આહના ઘણી ઉત્સુક પણ છે. આહના કહે છે કે આ શોમાં નાટકો અને સ્ટેજ વિશે ઊંડાણપૂર્વકની વાતો જોવા-સાંભળવા મળશે.

આહનાએ કહ્યું, “અમે નસિરુદ્દીન શાહ સર અને રત્ના પાઠક શાહ મેમ સાથે આ શોની શરૂઆત કરીશું, તેમના પછી એક્ટેર ડિરેક્ટર મકરંદ દેશપાંડે હશે. આ ઉપરાંત અમારા શોમાં રજત કપૂર અને વિનય પાઠક, સુચિત્રા પિલ્લઈ અને જોય સેનગુપ્તા, પ્રતીક ગાંધી અને તેની પત્ની ભામિની ઓઝા, અનમોલ પરાશર અને પ્રિયાંશુ પૈન્યુલી જેવા લોકો આવશે. અમે ૬ એપિસોડ તો શૂટ કરી પણ નાખ્યા છે.”

પોતાના શોના ફોર્મેટ વિશે આહનાએ કહ્યું, “અમે જોડીનું ફોર્મેટ રાખ્યું છે, વાસ્તવિક જોડીઓ અને સ્ટેજ થિએટરની જોડીઓ. તેની બધી જ ચર્ચાઓ થિએટર વિશે જ હશે. અમારે આ ફોર્મેટમાં લોકોને મજા કરાવવી છે, જેમાં તેમને વધુ રસ પડે અને આ અંગે વધુ ચર્ચા પણ થાય. અમારો વિચાર આ પોડકાસ્ટની એકથી વધુ સીઝન કરવાનો પણ છે.”

આહના થિએટર, ફિલ્મો અને ડિજીટલ પ્લેટફોર્મ્સ પર કામ કરવાનો ઘણો અનુભવ ધરાવે છે, ત્યારે તેણે કહ્યું, “ફિલ્મો પર વાત કરતા અનેક શો અને પોડકાસ્ટ આપણી પાસે છે, પરંતુ નાટકો અને મંચન આપણી સંસ્કૃતિનો એક ભાગ છે અને દેશના દરેક રાજ્યમાં આ પ્રવૃત્તિઓ થાય છે છતાં તેના પણ આપણી પાસે આંગળીને વેઢે ગણાય એટલાં જ શો છે. મને જ્યારે કોઈ થિએટરની વ્યક્તિ ગમાવે ત્યારે મને ગર્વ થાય છે, કારણ કે હું છેલ્લાં ૨૫ વર્ષથી નાટકો કરું છું અને મેં ૫૦૦થી વધુ શો કર્યા છે.”

આહના મકરંદ દેશપાંડે સાથે ‘સર સર સરલા’ અને કુનાલ કપૂર સાથે ‘કોન્સ્ટેલેશન્સ’ જેવા નાટકો કરી ચુકી છે. તેણે કહ્યું, “મને આ તબક્કામાં બહુ મજા આવી રહી છે, જ્યારે હું સ્ટેજ પર અભિનય કરું છું, નવું કામ શોધું છું સાથે એક આન્ત્રપ્રિન્યોર બનવા જઈ રહી છું અને મારા પ્રોડક્શન હાઉસ માટે પણ કામ કરી રહી છું. હાલ મારી પાસે કરવા માટે ઘણા કામ છે.”

**આહનાએ કહ્યું, “અમે નસિરુદ્દીન શાહ સર અને રત્ના પાઠક શાહ મેમ સાથે આ શોની શરૂઆત કરીશું, તેમના પછી એક્ટેર ડિરેક્ટર મકરંદ દેશપાંડે હશે.**

## અહેમદ ખાનનો ખુલાસો

# અક્ષય ટેલિપ્રોમ્પ્ટર વિના ડાયલોગ બોલી શકતો નથી

થોડાં વખત પહેલાં એક ક્લિપ વાયરલ થઈ હતી, ‘સરફિરા’ ફિલ્મના શૂટ વખતની આ ક્લિપમાં અક્ષય કુમાર ટેલિપ્રોમ્પ્ટરમાંથી ડાયલોગ વાંચતો દેખાતો હતો, ત્યારથી ટેલિપ્રોમ્પ્ટર એક્ટર શબ્દપ્રયોગ જાણીતો થઈ ગયો હતો. આ અંગે ઘણી ચર્ચાઓ અને વાદ-વિવાદ પછી હવે કોરિઓગ્રાફર એહમદ ખાને પણ આ વાત કન્ફર્મ કરી નાંખી છે. અહેમદ ખાને કહ્યું કે અક્ષય કુમાર ટેલિપ્રોમ્પ્ટરનો ઉપયોગ કરે છે પરંતુ તે સાથે પોતાની રીતે ડાયલોગમાં મસ્તી અને એનર્જીનો ઉમેરો પણ કરે છે. તાજેતરમાં એક ઈન્ટરવ્યુમાં અહેમદ ખાને કહ્યું, “અલગ અલગ કલાકારોની કામ કરવાની પદ્ધતિ પણ અલગ હોય છે. ટેલિપ્રોમ્પ્ટરનો ઉપયોગ કરવો એ પણ એક આવડતની વાત છે. કેટલાંક કલાકારો માત્ર ડાયલોગના રટ્ટા મારવામાં માને છે, જ્યારે અક્ષય ડાયલોગ જોઈને પોતાની એનર્જી સાથે પોતાની ક્રિએટીવ લાઇન એમાં ઉમેરે છે. અક્ષય ડાયલોગ મોઢે કરવા કરતાં ફિલ્મમાં કશુંક અલગ પ્રદાન કરવામાં માને છે.”

સરફિરા ફિલ્મના એક વીએફએક્સ અને વીડિયો ક્રિએટર દ્વારા આ વીડિયો શેર કરવામાં આવ્યો હતો. તેમાં અક્ષય કુમાર ટેલિપ્રોમ્પ્ટરમાંથી વાંચી રહ્યો હતો. તેની આંખો પરથી ખ્યાલ આવતો હતો કે તે તેની સામેના કલાકાર સાથે વાત કરવાને બદલે વાંચી વાંચીને બોલી રહ્યો હતો. આ એક ભાવુક સીન હતો, જેમાં તે તેની સામેના વ્યક્તિ કરતા સ્ક્રિપ્ટ રક ધ્યાન આપી રહ્યો હતો. સરફીરા બોક્સ ઓફિસ પર બહુ ચાલી નહોતી. આ પહેલાં આવેલી અક્ષય કુમારની ફિલ્મો પણ ખાસ ચાલી નહોતી. જોકે, તાજેતરમાં આવેલી તેની સ્કાય ફોર્સ સારી ચાલી છે.

# ‘મારી પાસે એવી ફિલ્મો પણ છે, જેમાં હું જ હીરો છું’



રશ્મિકા મંદાના હાલ તેની ફિલ્મ ‘છાવા’ના પ્રમોશનમાં વ્યસ્ત છે, ત્યારે વિવિધ ઈવેન્ટ અને ઈન્ટરવ્યૂ દરમિયાન તેણે પોતાના સુપર સ્ટાર કૉસ્ટાર્સ સાથે કામ કરવાનો અનુભવ જણાવ્યો હતો. તાજેતરમાં તેણે રણબીર, વિકી અને અલ્લુ અર્જુન સાથે કામ કરવાનો અનુભવ કહ્યો હતો.

રશ્મિકાએ કહ્યું, “અલ્લુ અર્જુન અને મારી એનર્જી મેળ ખાય છે અમને બંનેને એકબીજા સાથે કામ કરવામાં મજા આવે છે. રણબીર કપૂર સાથે અમને કોઈ જ આડી અવળી વાતો ગમતી નથી. અમે માત્ર પાત્ર પર ધ્યાન આપીએ છીએ અને બીજી કોઈ જ વાત કરતા નથી. જ્યારે વિકી સાથે, દરરોજ સેટ પર મને એવો વિચાર આવતો કે આ કેટલો અદભૂત માણસ છે. આવા લોકો જવલ્લે જ મળે છે, તો તેમની સાથે કામ કરવાથી હું તો એમની આભારી છું.”

આ ઉપરાંત રશ્મિકા સલમાન સાથે ‘સિકંદર’માં કામ કરી રહી છે. ત્યારે હિરોઈનનો રોલ મુખ્ય રોલ હોય તેવી કોઈ ફિલ્મમાં કામ કરવા

અંગે રશ્મિકાએ કહ્યું, “બિલકુલ, મારી પાસે એવી ફિલ્મો પણ છે, જેની હિરો હું છું, પરંતુ હું સ્વકેન્દ્રી નથી. જ્યારે હું પડદા પર હોઉં તો લોકોને પકડી રાખીશ એવો મને વિશ્વાસ છે. પરંતુ મને બીજા કોઈની સ્ટોરીનો ભાગ બનવાનો પણ વાંધો નથી. કેટલીક ફિલ્મો મારી આસપાસ ફરતી હોય છે, પરંતુ કેટલીક ફિલ્મો એવી પણ હોય છે જેમાં હું એક મોટી વાર્તાને મદદ કરી રહી હોય, મને એમાં પણ મજા આવે છે.”

# સાન્યા મહલોત્રાની સફળતા ‘મિસિઝ’એ OTT જગતના મોટા રેકોર્ડ તોડ્યા



## આ ફિલ્મને સૌથી મોટું ઓપનિંગ મળ્યું, ગૂગલ પર સૌથી વધુ સર્ચ થનારી ફિલ્મ બની

સાન્યા મલ્હોત્રા અલગ પ્રકારના રોલ કરવા માટે જાણીતી એક્ટ્રેસ છે. તાજેતરમાં તેની ફિલ્મ ‘મિસિઝ’ ઓટીટી પર રિલીઝ થઈ છે અને તેના કારણે સાન્યાના ખૂબ વખાણ થઈ રહ્યા છે. સાથે જ ઝીપ પર રિલીઝ થયેલી આ ફિલ્મે રેકોર્ડ તોડી નાખ્યા છે. ઝીપ દ્વારા મંગળવારે ઈન્સ્ટાગ્રામ પર આ ફિલ્મની સફલતા અંગેની પોસ્ટ શેર કરવામાં આવી હતી. સાન્યા મલ્હોત્રાનું આ પોસ્ટર શેર કરીને લખ્યુ હતું, “મિસિઝે બ્લોકબસ્ટર શરૂઆત કરી છે. આ ફિલ્મ જોવાનું ચૂકશો નહીં.” જ્યારે પોસ્ટર પર લખ્યું હતું, “રેકોર્ડ તૂટી ગયા, ઝીપની સૌથી મોટી ઓપનિંગ મળી છે.” સોમવારે આ જ પ્લટફર્મ પર એવું શેર કરવામાં આવ્યું હતું, “કે મિસિઝ ગૂગલ પર સૌથી વધુ સર્ચ થયેલી ફિલ્મ બની ગઈ છે, જે તેની લોકપ્રિયતા સાબિત કરે છે.”

આ ફિલ્મ જોનાર દર્શકો પણ માને છે કે આ ફિલ્મ આ પ્રકારની સફળતાને લાયક છે. લોકોને આ ફિલ્મમાં સાન્યા મલ્હોત્રાનો અભિનય અને પાત્ર ખૂબ પસંદ પડ્યા છે.

આરતી યાદવ દ્વારા આ ફિલ્મ ડિરેક્ટ કરવામાં આવી છે, જેની રસપ્રદ વાર્તા માટે દર્શકો અને વિવેચકો બંનેએ ફિલ્મ વખાણી છે. મજબૂત અભિનય સાથે તેમાં લાગણીનું ઉંડાણ પણ જોવા મળ્યું છે. સાન્યા સાથે આ ફિલ્મમાં નિશાંત દહિયા અને કંવલજીત સિંઘ સહિતના કલાકારો પણ મહત્વના રોલમાં છે. આ ફિલ્મ ખૂબ વખણાયેલી મલિયાલી ફિલ્મ ‘ધ ગ્રેટ ઈન્ડિયન કિચન’ની ઓફિશિયલ રિમેક છે.

આ ફિલ્મમાં એક ટ્રેઇન ડાન્સર અને ડાન્સ ટીચરની વાત છે. જે લગ્ન પછી એક એવા ઘર અને ઘરની જવાબદારીઓમાં જકડાઈ જાય છે કે સતત ચાલતા ઘરકામ અને નવા પરિવારને ખુશ કરવાની તેમજ તેમનાં મનમાં જગ્યા બનાવવાની કોશિશોમાં તે પોતાની કારકિર્દીને પાછળ છોડતી જાય છે, જે તેને ખટકે છે. ભારતીય સમાજમાં મહિલાઓ પાસે જવાબદારીઓ અને અપેક્ષાઓના ભારણ તળે આવીને પોતાનું સર્વસ્વ ગુમાવી દેવાની પરંપરા પર આ ફિલ્મે ઘણી ચર્ચા જગાવી છે. જ્યાં આ મહિલાઓને દરરોજ પરિવારની જવાબદારીઓ અને અવગણનાઓનો સામનો કરવો પડે છે. જેમાંથી તે પોતાનો રસ્તો બનાવવાની કોશિશ કરે છે, પોતાનો અવાજ શોધવાની કોશિશ કરે છે પરંતુ પરિવાર દ્વારા તે દબાવી દેવાય છે.

આ ફિલ્મ ન્યુયોર્ક ફિલ્મ ફેસ્ટિવલમાં દર્શાવાઈ હતી, જ્યાં સાન્યાને બેસ્ટ એક્ટ્રેસનો એવોર્ડ મળ્યો હતો અને ૨૦૨૩માં આ ફિલ્મ ટોલિન બ્લેક ફિલ્મ ફેસ્ટિવલમાં પણ દર્શાવાઈ હતી. આ ફિલ્મની ડિરેક્ટર આરતી યાદવે એક ઈન્ટરવ્યુમાં જણાવ્યું હતું, “મને લાગ્યું કે આ ફિલ્મ અને વાર્તા ઉત્તર ભારત સંદર્ભે બને તો તે વધુ લોકો સુધી પહોંચી શકશે. ઉત્તર ભારતમાં પણ આ ફિલ્મ દક્ષિણ ભારત જેટલી જ લાગુ પડે છે. મને લાગ્યું કે લોકોએ આ ફિલ્મ જોવી જોઈએ. હું ઈચ્છતી હતી કે મારી મા પણ ધ ગ્રેટ ઈન્ડિયન કિચન ફિલ્મ જુએ. પણ તે ૧૫-૨૦ મિનિટ જ જોઈ શકી, કારણ કે એને સબટાઈટલ્સ સાથે ફિલ્મ જોવાની ટેવ નથી, તેથી હું માનું છું કે મેં એના માટે જ આ ફિલ્મ કરી છે.”

**આ ફિલ્મ જોનાર દર્શકો પણ માને છે કે આ ફિલ્મ આ પ્રકારની સફળતાને લાયક છે. લોકોને આ ફિલ્મમાં સાન્યા મલ્હોત્રાનો અભિનય અને પાત્ર ખૂબ પસંદ પડ્યા છે.**

# માત્ર ખેલાડી જ નહીં પરંતુ હેડ-કોચ ગંભીર સામે પણ ICCનું આકરું વલણ



ઓસ્ટ્રેલિયા સામેની બોર્ડર ગાવસ્કર ટ્રોફીમાં થયેલા શરમજનક પરાજય બાદ બીસીસીઆઈએ ટીમ માટે 10 સૂત્રોની ગાઈડલાઈન બહાર પાડી છે જેનું તાજેતરમાં ઈંગ્લેન્ડ સામે રમાયેલી શ્રોણી દરમિયાન પાલન કરવામાં આવ્યું હતું.

તમામ ગાઈડલાઈનનું પાલન ચેમ્પિયન્સ ટ્રોફી અને વિદેશના કોઈ પણ પ્રવાસ દરમિયાન પણ થશે. બોર્ડ પોતાની ગાઈડલાઈન અંગે અત્યંત ગંભીર છે અને ટીમના હેડ કોચ ગૌતમ ગંભીરના પર્સનલ આસિસ્ટન્ટને પણ હવે દૂર કરી દીધો છે. ગંભીરનો પીએ ઓસ્ટ્રેલિયાના પ્રવાસમાં ટીમ જે હોટેલમાં રોકાતી હતી તેમાં રોકાતો હતો અને બોર્ડના અધિકારીઓ આ બાબતથી નારાજ થયા હતા. હવે ગંભીરના પર્સનલ આસિસ્ટન્ટને ખેલાડીઓ સાથે એક જ હોટેલમાં નહીં રહેવાની તાકિદ કરી દેવામાં આવી છે. રિપોર્ટ અનુસાર કોચિંગ સ્ટાફના એક સભ્યનો પર્સનલ સેક્રેટરી નિયમિત રીતે ટીમની હોટેલમાં રહેતો હતો પરંતુ હવે તેને અલગ રહેવાની ફરજ પડશે. ઈંગ્લેન્ડ સામેની શ્રોણી પહેલાં બોર્ડે સ્પષ્ટ શબ્દોમાં તાકિદ કરી હોવા છતાં ગંભીરનો પર્સનલ સેક્રેટરી ઈંગ્લેન્ડ સામેની હોમ સિરીઝમાં દરેક જગ્યાએ જોવા મળ્યો હતો.

ટીમની પ્રત્યેક મહત્ત્વપૂર્ણ ટિંગમાં ગંભીરના પર્સનલ સેક્રેટરીની હાજરીએ ઓસ્ટ્રેલિયામાં બોર્ડના અધિકારીઓને નારાજ કર્યા હતા. એક અધિકારીએ જણાવ્યું હતું કે ગંભીરનો પીએ નેશનલ સિલેક્ટર્સ માટેની ચોક્કસ કારમાં શા માટે બેસતો હતો તેના કારણો સમજાતા નથી. પસંદગીકારો કોઈ અજ્ઞાત વ્યક્તિની હાજરીમાં કોઈ અંગત વાતચીત પણ કરી શકતા નથી. તેને એડિલેડ ટેસ્ટમાં બીસીસીઆઈના હોસ્પિટાલિટી બોક્સમાં તેને કોણે સ્થાન આપ્યું કે કોણે તેને પ્રવેશવા દીધો તે શોધવાની બાબત છે. પીએએ એક ફાઈવ સ્ટાર હોટેલમાં ભારે સુરક્ષાવાળા એરિયામાં સવારનો બ્રેકફાસ્ટ કેવી રીતે કરી શક્યો તે પણ એક પ્રશ્નાર્થ છે. આ વિસ્તાર માત્ર ટીમના સભ્યો માટે જ છે.

# આખુ વર્ષ રમવાથી અને આરામ ન આપવાથી ખેલાડીઓ વધુ ઈજાગ્રસ્ત થાય છે: કપિલ દેવ

વર્લ્ડ કપ વિજેતા કેપ્ટન કપિલ દેવ, ભારતીય ક્રિકેટરોની વધતી જતી ઈજા અંગે ચિંતા વ્યક્ત કરતાં કહ્યું હતું કે વર્ષભર રમવાથી અને ક્રિકેટમાં ખૂબ વ્યસ્ત કેલેન્ડર હોવાથી ખેલાડીઓ પર વધુ દબાણ આવે છે. તેમણે કહ્યું કે ખેલાડીઓ વર્ષમાં લગભગ 10 મહિના રમે છે તેથી ઈજાઓ થાય છે.




બેંગલુરુમાં નેશનલ ક્રિકેટ એકેડેમીઆ દિવસોમાં ખેલાડીઓના પુનર્વસનનું કેન્દ્ર બની ગયું છે જ્યાં ખેલાડીઓ પ્રેક્ટિસ કરતાં રીકવરી કરવા વધુ સમય પસાર કરી રહ્યાં છે. ચેમ્પિયન્સ ટ્રોફી માટેની પ્રારંભિક ટીમમાં જોડાયાં હોવા છતાં, ભારતીય ફાસ્ટ બોલર જસપ્રિત બુમરાહ ઈજાને કારણે ટુર્નામેન્ટમાંથી બહાર થયો છે. મોહમ્મદ શમી 14 મહિનાથી ઈજાને કારણે બહાર રહ્યો હતો.

વર્લ્ડ કપ વિજેતા કેપ્ટન કપિલ દેવે ટાટા સ્ટીલ ગોલ્ફ એવોર્ડ વિતરણ સમારોહ દરમિયાન જણાવ્યું હતું કે 'મને ચિંતા છે કે તેઓ વર્ષમાં દસ મહિના રમી રહ્યાં છે. તેમણે પૂછવામાં આવ્યું કે શું બુમરાહ ચેમ્પિયન્સ ટ્રોફી ચૂકી જશે? તો કપિલ દેવે કહ્યું કે ઈજાગ્રસ્ત ખેલાડીઓ પર નિર્ભર રહેવાને બદલે એકબીજાને ટેકો આપવા પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ. તેમણે કહ્યું કે 'ટીમમાં જે નથી તેના વિશે શા માટે વાત કરવી જોઈએ.તેમણે કહ્યું કે આ ટીમની રમત છે અને ટીમને જીતાડવાની હોય છે વ્યક્તિઓને નહીં. તેમણે કહ્યુ કે જો આપણે ટીમ તરીકે રમીશું, તો ચોક્કસપણે જીતીશું.

# વિમેન્સ પ્રીમિયર લીગની પ્રથમ મેચમાં હાઇસ્કોરિંગ મેચમાં બેંગલુરુએ જાયન્ટ્સને છ વિકેટે પરાજય આપ્યો

યોગ્ગા-છગ્ગાની ઝટ વચ્ચે રમાયેલી વિમેન્સ પ્રીમિયર લીગની પ્રથમ મેચમાં રોયલ ચેલેન્જર્સ બેંગલુરુએ ગુજરાત જાયન્ટ્સને નવ બોલ બાકી રાખીને છ વિકેટે પરાજય આપીને પોતાના અભિયાનનો વિજયી પ્રારંભ કર્યો હતો.




હાઇસ્કોરિંગ મેચમાં ગુજરાતની ટીમે પાંચ વિકેટે 201 રન બનાવ્યા હતા. તેની સામે આરસીબીએ ચાર વિકેટે 202 રન બનાવીને મેચ જીતી લીધી હતી. રિચા ઘોષે 27 બોલમાં 64 તથા એલિસ પેરીએ 34 બોલમાં 57 રન બનાવ્યા હતા. બેટિંગ માટે મેદાનમાં ઉતરેલી જાયન્ટ્સ ટીમે 41 રનના સ્કોર સુધીમાં ઓપનર વોલવાર્ડ (6) અને હેમલથાની (4) વિકેટ ગુમાવી દીધી હતી. બેથ મૂની અને ગાર્ડનરે ઇનિંગને આગળ વધારી હતી. મૂનીએ 42 બોલમાં આઠ બાઉન્ડ્રી વડે 56 રનની ઇનિંગ રમી હતી. ગાર્ડનર અને ડિએન્ડ્રા ડોટ્ટિને ચોથી વિકેટ માટે 67 રનની આક્રમક ભાગીદારી નોંધાવીને ટીમનો સ્કોર 150 સુધી પહોંચાડી દીધો હતો. ડોટ્ટિને 13 બોલમાં ત્રણ બાઉન્ડ્રી તથા એક સિક્સર વડે 25 રન બનાવ્યા હતા. ગાર્ડનરે 37 બોલમાં ત્રણ બાઉન્ડ્રી અને આઠ સિક્સર વડે અણનમ 79 રનનું યોગદાન આપીને ટીમનોs સ્કોર 200 સુધી પહોંચાડી દીધો હતો. આરસીબી માટે રેણુકા સિંઘ સફળ બોલર રહી હતી જેણે 25 રનમાં બે વિકેટ હાંસલ કરી હતી. કનિકા, જ્યોર્જિયા તથા પ્રેમા રાવતે એક-એક વિકેટ હાંસલ કરી હતી.

# આ કારણે વિરાટ કોહલી ફરીથી RCBનો કેપ્ટન ન બન્યો, એક મોટું કારણ સામે આવ્યું, ભૂતપૂર્વ બેટ્સમેને ખુલાસો કર્યો

IPL ફ્રેન્ચાઈઝી રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરે તાજેતરમાં તેના નવા કેપ્ટનની જાહેરાત કરી. ટીમે મધ્યપ્રદેશના ખેલાડી રજત પાટીદારને પોતાનો નવો કેપ્ટન બનાવ્યો છે. ચાહકો માટે આ થોડું આશ્ચર્યજનક હતું, પરંતુ એવી અટકળો લગાવવામાં આવી રહી હતી કે વિરાટ કોહલી ફરી એકવાર આ ટીમની કમાન સંભાળી શકે છે.




આવું ન થયું અને રજતને ટીમની કેપ્ટનશીપ સોંપવામાં આવી. ભારતના ભૂતપૂર્વ કેપ્ટન અને મુખ્ય પસંદગીકાર કૃષ્ણમાચારી શ્રીકાંતે સમજાવ્યું છે કે કોહલીએ RCBની કેપ્ટનશીપ કેમ ન લીધી હોય. કોહલીએ વર્ષ 2021 માં આ ટીમની કેપ્ટનશીપ છોડી દીધી હતી. તે 2013 થી આ જવાબદારી નિભાવી રહ્યો હતો અને ટીમને બે વાર ફાઈનલમાં લઈ ગયો હતો, પરંતુ ટાઈટલ જીતી શક્યો ન હતો.

શ્રીકાંતે કહ્યું છે કે જો કોહલીને કેપ્ટનશીપ મળે તો પણ તે તે ન લેત કારણ કે તે તેની બેટિંગ પર ધ્યાન કેન્દ્રિત કરવા માંગે છે. શ્રીકાંતે પોતાની યુટ્યુબ ચેનલ પર કહ્યું, "મને લાગે છે કે વિરાટે કેપ્ટનશિપ માટે ના પાડી હોત. તેણે કહ્યું હોત કે હું મારી બેટિંગ પર ધ્યાન કેન્દ્રિત કરવા માંગુ છું. મને લાગે છે કે આ બધું (રજત પાટીદારને કેપ્ટન બનાવવું) વિરાટ કોહલીની સંમતિ પછી જ થયું છે."

શ્રીકાંતે કહ્યું કે રજત પાટીદાર ટીમ માટે એક સારો વિકલ્પ છે. ભૂતપૂર્વ કેપ્ટને કહ્યું, "રજત પાટીદાર એક સારો વિકલ્પ છે. તેની પાસે IPLનો સારો અનુભવ છે. તેની સારી વાત એ છે કે તેની પાસેથી વધારે અપેક્ષાઓ નહીં હોય. જ્યારે અમે 2007માં ધોનીને કેપ્ટન બનાવ્યો હતો, ત્યારે કોઈને વધારે અપેક્ષાઓ નહોતી. કેપ્ટન તરીકે રજત પાટીદાર પાસેથી વધારે અપેક્ષાઓ નહીં હોય. તે પોતાના નિર્ણયો જાતે લઈ શકશે. જરૂર પડ્યે તે વિરાટ કોહલી પાસેથી સલાહ લઈ શકે છે."

2021 સીઝન પછી કોહલીએ RCBની કેપ્ટનશીપ છોડી દીધી. આ પછી, મેગા હરાજીમાં, ટીમે દક્ષિણ આફ્રિકાના ફાફ ડુ પ્લેસિસને ટીમમાં સામેલ કર્યો અને તેમને કેપ્ટન પણ બનાવ્યા.

# ટ્રોઈ સિરીઝની ફાઇનલમાં પાકિસ્તાનને 5 વિકેટથી ન્યુઝિલેન્ડે હરાવી ખિતાબ જીત્યો

ડેરિલ મિશેલ અને ટોમ લેથમની અડધી સદીની મદદથી ન્યુઝીલેન્ડે ટ્રોય સિરીઝની ફાઈનલમાં પાકિસ્તાનને પાંચ વિકેટથી હરાવ્યું. ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરવાનો નિર્ણય લીધા બાદ, પાકિસ્તાન 49.3 ઓવરમાં 242 રનમાં ઓલઆઉટ થઈ ગયું. ન્યૂઝીલેન્ડે 45.2 ઓવરમાં માત્ર 5 વિકેટ ગુમાવીને 243 રનના લક્ષ્યનો પીછો કર્યો. ત્રિકોણીય શ્રેણીમાં ન્યુઝીલેન્ડે બધી મેચ જીતી હતી.




ફાઈનલની વાત કરીએ તો, પહેલા બેટિંગ કરવા આવેલા પાકિસ્તાનની શરૂઆત ખરાબ રહી હતી. ફખર ઝમાન 16 રનના સ્કોર પર કેચ આઉટ થયો. તેણે 15 બોલમાં 10 રન બનાવ્યા. 9મી ઓવરમાં માઈકલ બ્રેસવેલે સઈદ શકીલને બોલ્ડ કર્યો. શકીલે ૧૪ બોલમાં ૮ રન બનાવ્યા. બાબર આઝમે 29 રન બનાવ્યા. ૧૦ રન બનાવતાની સાથે જ તેણે વનડેમાં ૬૦૦૦ રન પૂરા કરી લીધા.

કેપ્ટન મોહમ્મદ રિઝવાન અડધી સદી ચૂકી ગયો. તેણે 76 બોલનો સામનો કર્યો અને 46 રન બનાવ્યા. જ્યારે સલમાન આગાએ 65 બોલમાં 45 રનની ઈનિંગ રમી હતી. તૈયબ તાહિરે ૩૮, ખુશદિલ શાહે ૭, શાહીન આફ્રિદીએ ૧, ફહીમ અશરફે ૨૨ અને નસીમ શાહે ૧૯ રન બનાવ્યા હતા. અબરાર અહેમદ 1 રન બનાવીને અણનમ રહ્યો. ન્યૂઝીલેન્ડ તરફથી વિલિયમ ઓ'રોર્કે 4 વિકેટ લીધી. તેને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યો.

૨૪૩ રનના લક્ષ્યાંકનો પીછો કરતા, ન્યુઝીલેન્ડને બીજી જ ઓવરમાં પહેલો ઝટકો લાગ્યો. વિલ યંગ ફક્ત 5 રન બનાવી શક્યો. આ પછી કેન વિલિયમસને 39 અને ડેવોન કોનવેએ 48 રન બનાવ્યા. ડેરિલ મિશેલે ૫૭ અને ટોમ લેથમે ૫૬ રન બનાવ્યા. ગ્લેન ફિલિપ્સ 20 અને માઈકલ બ્રેસવેલ 2 રને અણનમ રહ્યા. પાકિસ્તાન તરફથી નસીમ શાહે 2 વિકેટ લીધી. તેમના સિવાય શાહીન આફ્રિદી, અબરાર અહેમદ અને સલમાન આગાએ 1-1 વિકેટ લીધી.



# વન-ડેમાં બાબર આઝમના 6 હજાર રન પૂરા, કોહલીનો 10 વર્ષ જૂનો રેકોર્ડ તોડયો

પાકિસ્તાનનો અનુભવી બેટ્સમેન બાબર આઝમ સંયુક્ત રીતે વન-ડેમાં ફાસ્ટેસ્ટ છ હજાર રન પૂરા કરનાર બેટ્સમેન બની ગયો છે.

ન્યૂઝીલેન્ડ સામે કરાચીના નેશનલ સ્ટેડિયમ ખાતે રમાતી ત્રિકોણીય શ્રોણીની ફાઇનલમાં તેણે આ સિદ્ધિ મેળવી હતી. બાબરે ભારતના વિરાટ કોહલી કરતાં ઓછી ઇનિંગ્સમાં આ સિદ્ધિ મેળવી હતી. બાબરે 126 મેચની 123 ઇનિંગ્સમાં છ હજાર રન પૂરા કર્યા છે. સાઉત આફ્રિકાના ભૂતપૂર્વ બેટ્સમેન હાશિમ અમલાએ પણ આ સિદ્ધિ મેળવવા માટે 123 ઇનિંગ્સનો સમય લીધો હતો. કોહલીએ 2014માં 136 ઇનિંગ્સમાં છ હજાર રનનો માઇલસ્ટોન પાર કર્યો હતો. ન્યૂઝીલેન્ડના સ્ટાર બેટ્સમેન કેન વિલિયમ્સને 137 ઇનિંગ્સમાં તથા ઓસ્ટ્રેલિયાના ડેવિડ વોર્નરે 139 ઇનિંગ્સમાં આ સિદ્ધિ મેળવી હતી. બાબર 2023ના મે મહિનામાં ફાસ્ટેસ્ટ પાંચ હજાર વન-ડે રન પૂરા કરનાર ખેલાડી બન્યો હતો. તેણે માત્ર 97 ઇનિંગ્સમાં આ સિદ્ધિ મેળવી હતી. 2023ના વન-ડે વર્લ્ડ કપ બાદ બાબર સતત આઉટ ઓફ ફોર્મે રહ્યો છે.

# દુબઈ રોહિત શર્માનું લકી ગ્રાઉન્ડ અહીં એકપણ મેચ ભારત હારી નથી

ભારતીય ક્રિકેટ ટીમ વધેલા મનોબળ સાથે દુબઇ જશે. વર્ષનાં પ્રથમ વનડે શ્રેણીમાં ઈંગ્લેન્ડને 3-0 થી સાફ કર્યા પછી ટીમનાં આત્મવિશ્વાસમાં ખૂબ વધારો થયો છે. હિટમેને બીજી મેચમાં સદીની ઇનિંગ્સ રમીને લય પ્રાપ્ત કરી છે. ચેમ્પિયન્સ ટ્રોફીમાં પણ હિટમેન હવે હિટ જશે તેવી સંભાવના છે.



દુબઇ આંતરરાષ્ટ્રીય ક્રિકેટ સ્ટેડિયમ રોહિત માટે લકી ગ્રાઉન્ડ છે. તેની કેપ્ટનશિપ હેઠળ, ટીમે અહીં 2018 નો એશિયા કપ જીત્ય હતો. ભારતીય ટીમે દુબઇમાં કોઈ મેચ હારી નથી.

ટીમે અહીં છ મેચ રમી છે, જેમાંથી પાંચ જીતી છે અને એક ડ્રો રહી હતી. રોહિત ફરી એકવાર ટીમને ચેમ્પિયન બનાવવા માટે કોઈ કસર છોડવા માંગતો નથી. તેમ છતાં તે ટેસ્ટમાં રન બનાવવા માટે સંઘર્ષ કરી રહ્યો છે.

છેલ્લાં બે વર્ષમાં રોહિતની રમવાની શૈલી બદલાઇ ગઇ છે. હવે તે પાવરપ્લેથી ખૂબ આક્રમક લાગે છે. રોહિતે 2023 ના વનડે વર્લ્ડ કપમાં 1 વનડે રમ્યાં છે, જેમાં તેણે ચારમાં જ શરૂઆત કરી ન હતી.

તેણે આ 13 ઇનિંગ્સમાં ઓછામાં ઓછા 20 બોલ રમ્યાં છે. આમાં, તેણે ઓછામાં ઓછી 150 ની સ્ટ્રાઇક રેટથી આઠ ઇનિંગ્સમાં ઓછામાં ઓછા 30 રન બનાવ્યાં છે. રોહિત ઝડપી સ્કોર કરીને મધ્યમ ઓર્ડર પરનાં દબાણને ઘટાડી રહ્યો છે.

હવે આ 37 વર્ષીય બેટ્સમેને વધુને વધુ જોખમી શોટ રમવાનું શરૂ કર્યું છે. તેમાં રિવર્સ સ્વીપ જેવાં શોટ્સ પણ શામેલ છે. હવે રોહિતને બોલને વધુ ફટકારવામાં વધુ આનંદ આવે છે.

# ઝિમ્બાબ્વેએ ODI શ્રેણીની શરૂઆત જીત સાથે કરી, આયર્લેન્ડને હરાવ્યું

બ્રાયન બેનેટની ૧૬૯ રનની ઈનિંગના કારણે ઝિમ્બાબ્વેએ પ્રથમ વનડેમાં આયર્લેન્ડને ૪૯ રનથી હરાવ્યું. હરારે સ્પોર્ટ્સ ક્લબ ખાતે ટોસ હારીને પ્રથમ બેટિંગ કરવા ઉતરેલા ઝિમ્બાબ્વેએ 50 ઓવરમાં 5 વિકેટ ગુમાવીને 299 રન બનાવ્યા હતા. જવાબમાં, આયર્લેન્ડની ટીમ 46 ઓવરમાં ઓલઆઉટ થઈ ગઈ. આ સમયગાળા દરમિયાન ટીમે 250 રન બનાવ્યા.




પ્રથમ બેટિંગ કરતા ઝિમ્બાબ્વેની શરૂઆત શાનદાર રહી હતી. ઓપનર બ્રાયન બેનેટ અને બેન કુરન એ પહેલી વિકેટ માટે 95 રનની ભાગીદારી કરી. એન્ડી મેકબ્રાઈને 19મી ઓવરમાં આ ભાગીદારી તોડી. કુરન 44 બોલનો સામનો કરીને 28 રન બનાવ્યા.

ત્યારબાદ બ્રાયન બેનેટે કેપ્ટન ક્રેગ એર્વિન સાથે બીજી વિકેટ માટે ૧૩૬ રનની ભાગીદારી કરી. કેપ્ટન ક્રેગ એર્વિન 41મી ઓવરમાં કેચ આઉટ થયો. તેણે 61 બોલમાં 66 રનની ઈનિંગ રમી. પોતાની ઈનિંગમાં તેણે 3 ચોગ્ગા અને 4 છગ્ગા ફટકાર્યા.

ચોથા નંબરે બેટિંગ કરવા આવેલા સિકંદર રઝાએ 8 બોલમાં 8 રન બનાવ્યા. તેમના ઉપરાંત વેસ્લી માધેવેરે પણ 8 રન બનાવ્યા. બ્રાયન બેનેટ છેલ્લી ઓવરમાં પેવેલિયન પરત ફર્યો. તેણે ૧૬૩ બોલમાં ૨૦ ચોગ્ગા અને ૩ છગ્ગાની મદદથી ૧૬૯ રન બનાવ્યા. જોનાથન કેમ્પબેલ 6 અને વિકેટકીપર તાદિવાનાશે મારુમાની 2 રને અણનમ રહ્યા.

આયર્લેન્ડને પહેલા જ બોલ પર પહેલો ઝટકો એન્ડ્રુ બાલ્બિર્ની ગોલ્ડન ડક પર પેવેલિયન પરત ફર્યો. આ પછી, કેપ્ટન પોલ સ્ટર્લિંગે 28 બોલમાં 32 રનની ઈનિંગ રમી. કર્ટિસ કેમ્ફરે 57 બોલનો સામનો કર્યો અને 44 રન બનાવ્યા.

લોર્કન ટકરે ૩૮ બોલમાં ૩૧ રન, હેરી ટેક્ટરે ૩૯ રન, માર્ક એડેરએ ૨ રન, એન્ડી મેકબ્રાયને ૩૨ રન, જ્યોર્જ ડોકરેલે ૩૪ રન બનાવ્યા હતા. મેથ્યુ હમ્ફ્રીઝનું ખાતું ખુલ્યું ન હતું. જોશુઆ લિટલના બેટમાંથી 1 રન આવ્યો. ગ્રેહામ હ્યુમ 7 રન બનાવી અણનમ રહ્યા. બ્લેસિંગ મુઝારાબાનીએ સૌથી વધુ એટલે કે 4 હત્યાઓ કરી. રિચાર્ડ નગારાવાએ 3 વિકેટ, વેસ્લી માધેવેરે 2 વિકેટ અને સિકંદર રઝાએ 1 વિકેટ લીધી.



# સોલેક્સ એનર્જી દ્વારા 'વેલેન્ટાઇન ડે'ના અવસરે હેલ્મેટ વિતરણ કરાયું

## સુરત પોલીસ કમિશનરે લોકોને હેલ્મેટ પહેરાવી

સુરત, તા.૧૪

ભારતની વિશ્વસનીય સોલાર બ્રાન્ડ્સમાંની એક સુરતની સોલેક્સ એનર્જી લિમિટેડ (હજીઈ: જીન્ઈઠ) કંપનીએ પ્રેમ અને લાગણીના પ્રતીક "વેલેન્ટાઇન ડે" ના અવસરે પોતાના કર્મચારીઓ, મિડિયાકર્મીઓ અને જનતા માટે હેલ્મેટ વિતરણ કાર્યક્રમનું આયોજન કર્યું હતું. આ ઈવેન્ટમાં સુરત પોલીસ કમિશનર સહિત ઉપસ્થિત મહાનુભાવોએ સામૂહિક રીતે માર્ગ સલામતી અને જવાબદાર મુસાફરીના મહત્વ પર ભાર મૂક્યો હતો.

સોલેક્સ એનર્જી દ્વારા "તમારા પ્રિયજનો માટે એક આદર્શ ભેટ, તેમના જીવનની કાળજી રાખો" શિર્ષક હેઠળ શરૂ કરવામાં આવેલી આ પહેલનો ઉદ્દેશ માર્ગ સુરક્ષા-સલામતીને પ્રોત્સાહન આપવાનો છે. આ જનજાગૃતિ અભિયાન, સુરત પોલીસ દ્વારા ૧૫ ફેબ્રુઆરી ૨૦૨૫થી હેલ્મેટ ફરજિયાત કરવા માટે કરવામાં આવી રહેલા કડક અમલના પ્રયાસોને સમર્થન આપવા માટે શરૂ કરવામાં આવ્યું છે.

આ કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે સુરત શહેરના પોલીસ કમિશનર IPS શ્રી અનુપમ સિંહ ગેહલોત, અતિથિ વિશેષ તરીકે જોઈન્ટ પોલીસ કમિશનર (ક્રાઈમ) અને ટ્રાફિક IPS શ્રી રાઘવેન્દ્ર વત્સ, DCP અમિતા વાનાણી (ટ્રાફિક), એસીપી શ્રી સાહિલજી ટંડેલ, સોલેક્સ એનર્જી ડિરેક્ટર અનિલ રાઠી, સોલેક્સ એનર્જી ડિરેક્ટર વિપુલ શાહ, શ્રીમતી કિરણ શાહ (ડિરેક્ટર, સોલેક્સ એનર્જી) સહિત અન્ય મહાનુભાવોએ હાજરી આપી હતી. "હેલ્મેટ ઓન, લવ સ્ટ્રોંગ, સેફ્ટી ફર્સ્ટ, ઓલવેઝ" (હેલ્મેટ પહેરો, પ્રેમ-લાગણીને મજબૂત બનાવો, હંમેશા સલામતીને પ્રાથમિકતા આપો) ની થીમ આધારિત આ ઈવેન્ટમાં તેમણે માર્ગ સુરક્ષા અને જવાબદાર મુસાફરીના મહત્વ પર ભાર વ્યક્ત કર્યો હતો.

# એડવોકેટ સ્વ. કિરણબેન જોષીના દેહનું દાન કરાયું

સુરત, તા.૧૫

લાયન્સ ક્લબ ઇન્ટરનેશનલ ૩૨૩એફ ૨ દ્વારા ભરૂચ થી બિલાડ અને સુરત થી સોનગઢ વિસ્તારમાં લોકો ને અંગદાન અંગે ની માહિતી આપવામાં આવેછે ૨૫/૮ થી ૮/૯ સુધી ૧૦૦ જેટલી ક્લબ દ્વારા સતત ૨૩ વર્ષથી આ જાગૃતિના કાર્યક્રમ નું આયોજન રેલી, પ્રભાત ફેરી, પોસ્ટર સ્પર્ધા, વક્તૃત્વ સ્પર્ધા નું આયોજન કરવામાં આવે છે. જેના થી પ્રેરાય ને લાખોની સંખ્યામાં લોકો મૃત્યુ બાદ અંગદાન માટેના સંકલ્પ લેતા હોય છે. લાયન્સ ક્લબ ઓફ ઉમરા અને ઈસ્ટ ના માધ્યમ થી જોષી પરિવારના વકીલ કિરણબેન ઉ ૭૨, રહેઠાણ ૩૩/૩, કોટયાર્ક નગર નવયુગ કૉલેજ સામે રાંદેર રોડ સુરત નું અવસાન થતા પહેલેથીજ કિરણબેન દેહદાન માટે ઈચ્છા વ્યક્ત કરેલ જે મુજબ પુત્ર સિધાર્થભાઈ જોષી દ્વારા લાયન આશીષ ગાંધી નો સંપર્ક કરી . લોક દ્રષ્ટિ આઈ બેન્ક અને રેડ ક્રોસ ના ચેરમેન ડો પ્રફુલ્લ શિરોયા નો સંપર્ક કરી માતાના દેહદાન અને ચક્ષુદાન માટેની વાત કરી.



ડો પ્રફુલ્લ શિરોયા એ જણાવ્યું હતું કે ૪૫ વર્ષથી વકીલાત ની પ્રેક્ટિસ કરતા. જેમને એલ એલ બી મુંબઈ થી પાસ કરીને સુપ્રીમકોર્ટ દ્વારા તેમને મેડિકમ કોર્ટેજ માં નિમણૂક કરવામાં આવેલ.છેક છેલ્લી ઘડી સુધી વકીલાત ની પ્રેક્ટિસ માં ધ્યાન આપેલ.

જેમનું દેહદાન પ્રિન્સિપલ ડો મેહુલ કોન્ટ્રાક્ટર શ્રી ઓધવરામ ફિઝીયોથેરાપી કોલેજ માંગરોલ દ્વારા સ્વીકારવામાં આવ્યું જેમણે પણ દેહદાતા પરિવાર નો આભાર વ્યક્ત કરેલ.

સમસ્ત બ્રહ્મ સમાજ ગુજરાત, પુર્વ મંત્રી અને ધારાસભ્ય શ્રી પુર્ણેશ મોદી , દિનેશભાઈ જોગાણી, ભાવિન જોષી, પતિ જગદીશ કૃષ્ણચંદ્ર જોષી, પુત્ર વધુ મેઘા સિધાર્થ જોષી ,પૌત્રી ભરવી ઉપસ્થિત રહી શ્રદ્ધાંજલિ પાઠવી હતી.



શ્રી સમસ્ત ગુજરાત હમી સમાજ દ્વારા આગામી તા.૧૫થી ૧૭ સુધી ત્રિ-દિવસીય 'મેગા બ્રાહ્મણ બિઝનેસ સમિટ-૪'નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. આ અંગે આજે યોજાયેલી પત્રકાર પરિષદમાં ગુજરાત બ્રહ્મ સમાજ રાજ્ય કક્ષાનાં કન્વીનર ડૉ.યજ્ઞેશભાઈ દવે તથા રાજ્ય સંગઠનના પ્રમુખ ભરતભાઈ રાવલ તથા મહામંત્રી ગિરીશભાઈ ત્રિવદી દ્વારા વિસ્તૃત માહિતી રજૂ કરામાં આવી હતી.

# નેશનલ લંગડી સ્પર્ધામાં ગજેરા વિદ્યાભવન કતારગામ સ્કુલની સિદ્ધિ

સુરત, તા.૧૫

તા.૩૧/૦૧/૨૦૨૫ થી તા.૦૨/૦૨/૨૦૨૫ ના દિવસો દરમ્યાન ૧૩ મી સબ જુનીયર નેશનલ લંગડી સ્પર્ધા રામનાથપુરમ મદુરાઈ ખાતે યોજાઇ હતી, જેમાં ગુજરાતની ટીમ માં ગજેરા વિદ્યાભવન કતારગામ શાળાના સબ જુનિયર વિભાગમાં નવ વિદ્યાર્થીઓ અને ઓપન વિભાગમાં ત્રણ વિદ્યાર્થીઓ એ ખૂબ સારું પ્રદર્શન કર્યું હતું. આ સ્પર્ધામાં ગુજરાતની ટીમે ખૂબ જ સુંદર રીતે ખેલ દીલીપૂર્વક રમત રમીને પ્રથમ ક્રમ પ્રાપ્ત કર્યો હતો અને ચેમ્પિયનશિપની ટ્રોફી તથા ગોલ્ડ મેડલ પ્રાપ્ત કરેલ છે. ગોલ્ડ મેડલ મેળવનાર વિદ્યાર્થીની ઓ રામાણી આસ્થા, મિયાણી ક્રિષા, દૂધાત્રા યશવી, ગાબાણી સૃષ્ટિ, રામિ ધાત્રી, સાવજ સામ્યા, વાઘાણી



ગ્રંથિ, ધોળકિયા હેન્સી, ચાંદપરા પરી, વસ્તારપરા દ્રષ્ટિ, પીપલીયા મનસ્વી, વોરા ક્રિષ્ના એ ગોલ્ડ મેડલ મેળવી ગજેરા વિદ્યાભવન કતારગામ સ્કૂલ નું નામ રોશન કરેલ છે. જે બદલ ખેલાડીઓ અને પ્રશિક્ષણ પૂરું પાડનાર કોચશ્રી કલ્પના બ્રહ્મભટ્ટ ને શાળા ના ટ્રસ્ટીશ્રી ચુનીભાઈ ગજેરા તથા તમામ વિભાગના આચાર્યશ્રીઓ તેમજ શાળા પરિવારે ખૂબ-ખૂબ અભિનંદન પાઠવેલ છે.

### મહાકુંભ જતા

પહેલા પાનાનું ચાલુ

હતો અને બોલેરોનો કચ્ચરઘાણ વળી ગયો હતો. તમામ મૃતકોમાં બોલેરોમાં સવાર શ્રદ્ધાળુઓ સામેલ છે. સ્થાનિકોએ ઘટના બાદ ત્વરિત લોકોને બચાવવા પ્રયાસ હાથ ધર્યા હતા અને પોલીસને જાણ કરી હતી. મૃતકોના શબ કબજામાં લઈ પોસ્ટમોર્ટમ માટે મોકલી દેવામાં આવ્યા છે અને ઘટનાનું કારણ જાણવા માટે વધુ તપાસ હાથ ધરવામાં આવી રહી છે.

### મહારાષ્ટ્રમાં

પહેલા પાનાનું ચાલુ

આસામમાં પણ લવ જેહાદ વિરુદ્ધ કાયદો બની ચૂકયો છે. લવ જેહાદની એક લાખથી વધુ ફરિયાદોઃ ઓક્ટોબર ૨૦૨૪માં તત્કાલીન નાયબ મુખ્યમંત્રી અને હાલના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડનવીસે દાવો કર્યો હતો કે લવ જેહાદની એક લાખથી વધુ ફરિયાદો મળી છે. આ ફરિયાદોમાં હિન્દુ મહિલાઓને ખોટી ઓળખનો ઉપયોગ કરી પુરુષો દ્વારા લગ્ન માટે ધમકી અપાઈ હતી. આ કોઈ પ્રેમ કૃત્ય નહીં પણ સમજી વિચારીને કરવામાં આવેલી લવ જેહાદ છે. આ આપણા ધર્મની મહિલાઓને દગો દેવા અને તેમને બગાડવાની એક પદ્ધતિ છે.

### જ્યાં

પહેલા પાનાનું ચાલુ

મુખ્યમંત્રીએ તહવ્વુર રાણાના પ્રત્યાર્પણની મંજુરી બાદ રાજયની જેલોમાં સુરક્ષાનો ભરોસો આપ્યો હતો. તેમણે કહ્યું હતું કે રાજય મુંબઈ આતંકી હુમલાના આરોપી રાણાને અમેરિકાથી પ્રત્યાપિત કરાયા બાદ જેલમાં રાખવા તૈયાર છે.

ફડનવીસે એ પણ સંકેત આપ્યો હતો કે રાણાને મુંબઈની એ જેલમાં રાખવામાં આવશે જયાં કસાબ કેદ હતો.

### લોકશાહી

પહેલા પાનાનું ચાલુ

કે, 'મારા ક્ષેત્રમાં, લોકશાહી ખરેખર ભોજનથી થાળી ભરી જ દે છે. અમે લોકશાહી સમાજ છીએ, અને તેથી જ અમે ૮૦ કરોડ લોકોને પોષણ સહાય પૂરી પાડીએ છીએ. તે માત્ર ભૂખને દૂર કરવા વિશે જ નથી, અને તે સ્વાસ્થ્ય વિશે પણ છે.'

તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે, 'વિશ્વના જુદા જુદા ભાગોમાં લોકશાહીની સ્થિતિ અલગ હોઈ શકે છે. કૃપા કરીને એવું ન માનો કે લોકશાહીનું સંકટ એક સાર્વત્રિક સત્ય છે. કેટલીક જગ્યાએ તે સારી રીતે કામ કરી રહ્યું છે અને કેટલીક જગ્યાએ નથી. જે ??સ્થાનો સંઘર્ષ કરી રહ્યા છે તેઓએ પ્રામાણિકપણે સ્વીકારવાની જરૂર છે કે ત્યાં શા માટે સમસ્યાઓ ઊભી થઈ રહી છે.'

પશ્ચિમી દેશોની બેવડી નીતિ પર સવાલ

એસ. જયશંકરે એમ પણ કહ્યું હતું કે, 'એક સમય એવો હતો જ્યારે પશ્ચિમી દેશો લોકશાહીને માત્ર તેમની વિશેષતા તરીકે જોતા હતા અને વૈશ્વિક દક્ષિણમાં બિન-લોકતાંત્રિક શક્તિઓને ટેકો આપતા હતા. આ હજુ પણ ચાલુ છે. હું તાજેતરની કેટલીક ઘટનાઓ તરફ ધ્યાન દોરી શકું છું, જ્યાં પશ્ચિમ તેના પોતાના દેશોમાં જે મૂલ્યો પસંદ કરે છે, તેને વિદેશમાં અપનાવવાનું ટાળે છે. તેથી જ ગ્લોબલ સાઉથના દેશો અન્ય દેશોની સફળતાઓ, ખામીઓ અને પ્રતિક્રિયાઓ પર ધ્યાનથી નજર રાખી રહ્યા છે.'

### કેજરીવાલે

પહેલા પાનાનું ચાલ

આ ખર્ચ તાર્કિક મર્યાદાની બહાર છે અને ભ્રષ્ટાચારની ગંભીર શંકાને જન્મ આપે છે.'

ઉલ્લેખનીય છે કે અરવિંદ કેજરીવાલનો આ બંગલો, જેને વિપક્ષી પક્ષો દ્વારા શીશમહલ નામ આપવામાં આવ્યું છે, તે ખૂબ જ ચર્ચામાં રહ્યો હતો. કરોડો રૂપિયાના આ બંગલાનું નવીનીકરણ પણ વિવાદમાં છે. દિલ્હી વિધાનસભા ચૂંટણીમાં શીશમહલનો મુદ્દો ખૂબ ઊઠાવવામાં આવ્યો હતો, જેના કારણે કેજરીવાલને નુકસાન સહન કરવું પડ્યું હતું. હવે ચૂંટણી પરિણામો પછી, સીવીસીએ તેમની મુશ્કેલીઓમાં વધુ વધારો કર્યો છે.

### અમેરિકા ચીન

પહેલા પાનાનું ચાલુ

જે દેશની જીડીપીના ૨૭% છે. વાસ્તવમાં ગ્લોબલ ઈકવીટીમાં ઓલટાઈમ હાઈ સપાટી છે અને તે ૨.૮% વધીને ૧૨૭.૦૮ ટ્રીલીયન ડોલર નોંધાયુ છે. જે સપ્ટેમ્બર ૨૦૨૪માં ૧૨૫.૩ ટ્રીલીયન ડોલર હતું. જેમાં અમેરિકાની કંપનીઓનું માર્કેટ કેપ સૌથી વધુ વધ્યુ છે. બાદમાં ચીનનો નંબર આવે છે અને ત્રીજા સ્થાને હોંગકોંગ આવે છે.

અમેરિકી કંપનીમાં જે લીસ્ટેડ છે તેનું માર્કેટ કેપ ૧૫.૪% વધીને વાર્ષિક ધોરણે જે ૫૫.૩ ટ્રીલીયન ડોલર હતું તે ૬૩.૮૨ ટ્રીલીયન ડોલર થયુ છે. ચીનના શેરબજારમાં માર્કેટ કેપ ૧ વર્ષમાં ૧૨.૫% વધીને ૧૦.૨ ટ્રીલીયન ડોલર નોંધાયું છે.

હોંગકોંગનું એમ.કેપ ૧૭.૬% વધીને ૫.૬ ટ્રીલીયન ડોલર નોંધાયુ છે. જો કે ટોપ ફાઈવ માર્કેટમાં સ્થાન ધરાવતા જાપાનની કંપનીઓના માર્કેટ કેપ માં ૨.૯%ના ઘટાડા સાથે ૬.૫ ટ્રીલીયન ડોલર થયુ છે જે અગાઉ ૬.૭ ટ્રીલીયન ડોલર હતું. જો કે ભારતના માર્કેટ કેપમાં ઘટાડા છતા વિશ્વની જીડીપીમાં તેનું જે ૩.૫%નું યોગદાન છે તેના કરતા ૩.૯%નું માર્કેટ કેપ વધુ છે.

ભારતીય કંપનીઓનું માર્કેટ કેપ તેની જીડીપીના વધારા સાથે તાલ મિલાવે છે પણ પ્રથમ વખત તે વધુ છે અને જીડીપી યોગદાન ઓછું છે. ભૂતકાળમાં જયારે વિશ્વ જીડીપીના ભારતના યોગદાન કરતા લીસ્ટેડ કંપનીઓનું માર્કેટ કેપ વધ્યુ છે તો તે સમયે શેરબજારમાં મોટા કરેકશન આવ્યા છે. ૨૦૧૨-૨૦૧૩માં આ સ્થિતિ બની હતી અને ફરી બની છે તેથી શેરબજાર હજુ વધુ ઘટશે તે આ ટ્રેન્ડ પરથી નિશ્ચિત થાય છે.

### સિંગરૌલીમાં

પહેલા પાનાનું ચાલુ

પરિવહન અને કોલસાની ખાણોમાં કામ કરતા કર્મચારીઓના પરિવહનમાં ઉપયોગમાં લેવાતા હતા.

સિંગરૌલીના પોલીસ સુપ્રીન્ટેન્ડન્ટ મનોજ ખત્રીએ જણાવ્યું હતું કે વાહનોને આગ લગાવ્યા પછી ગુસ્સે ભરાયેલા ટોળા કોલસાની ખાણો તરફ આગળ વધી રહ્યા હતા. પરંતુ પોલીસે ત્વરિત સમજ બતાવી ભીડને વિખેરી નાખી.

### ટ્રમ્પે

પહેલા પાનાનું ચાલુ

દરમિયાન ઈન્ટરલ રેવન્યૂ સર્વિસમાં પણ હજારો કર્મચારીઓને કાઢી મૂકવાની તૈયારી છે. અહેવાલ અનુસાર ૧૫ એપ્રિલ પહેલા આ વિભાગમાં મોટી સંખ્યામાં કર્મચારીઓને કાઢી મૂકવામાં આવી શકે છે. વ્હાઈટ હાઉસના જણાવ્યા અનુસાર, ૭૫,૦૦૦ એવા કર્મચારીઓ હતા જેમણે ડોનાલ્ડ ટ્રમ્પ અને ઈલોન મસ્કના વિરોધમાં સ્વેચ્છાએ નોકરી છોડી દીધી હતી. અમેરિકાનો કુલ સરકારી સ્ટાફ આશરે ૨૩ લાખ છે. આવી સ્થિતિમાં, લગભગ ૩ ટકા સરકારી કર્મચારીઓએ પોતાની નોકરી જાતે છોડી દીધી છે.અમેરિકન પ્રમુખે સ્પષ્ટ કર્યુજ હતું કે સરકાર પર દેણુ ગંભીર છે. જંગી રકમ કૌભાંડો અને ખોટા ખર્ચમાં વેડફાઈ ગઈ છે. ૩૬ ટ્રીલીયન ડોલરનુ દેવુ છે.ગત વર્ષે ૧.૮ ટ્રીલીયન ડોલરની ખાદ્ય હતી સરકાર આર્થિક મોરચે સરખુ કરવા માંગે છે. વિપક્ષ દ્વારા ટ્રમ્પ તંત્ર પર નિશાન સાધવામાં આવ્યું છે.

### ભારતમાં

પહેલા પાનાનું ચાલુ

એકસપ્રેસ-વે-સ્ટેટ તરીકે બનાવવાની પણ જાહેરાત કરી હતી. તેઓએ લખનૌમાં ૧૦૨૮ કરોડના વિવિધ માર્ગ પરિવહન યોજનાઓનું લોકાર્પણ કર્યુ હતું. તે સમયે તેઓએ આ વિધાનો કર્યા હતા. તેમણે કહ્યું કે ભારત પાસે ટેકનોલોજી છે ધન પણ છે અને પ્રોજેકટને અમલમાં મુકી શકે તેવી ક્ષમતા છે પણ સૌથી મોટી ચિંતા ભવિષ્યની છે.

દેશમાં નાણાની કમી નથી પણ ઈમાનદાર નેતાઓની અછત છે. શ્રી ગડકરી અગાઉ પણ અવારનવાર આ પ્રકારના વિધાનો કરી ચૂકયા છે. ખાસ કરીને ભ્રષ્ટ અમલદાર શાહી સામે તેઓએ જબરો આક્રોશ પણ દર્શાવ્યો છે. તેઓએ કહ્યું કે લખનૌમાં હવાથી ચાલનારી બસ પણ ચલાવીશ અને પ્રયાગરાજમાં ગંગાને સમાંતર તથા નૈનીમાં સિગ્નેચર બ્રિજને સમાંતર પુલ બનાવવાના પરિવહનને પણ મંજુરી અપાઈ છે.તેઓએ અહી હેલીકોપ્ટર મારફત કાનપુર, લખનૌ એકસપ્રેસ હાઈવેનું નિરીક્ષણ કર્યુ હતું. તેઓએ તેમણે કહ્યું કે ઉતરપ્રદેશ હવે બિચારુ રાજસ્થાનથી પણ આર્થિક પ્રગતિમાં અવલ્લ નંબરનું રાજય બની ગયું છે. તેમણે તથા રાજનાથસિંઘે મુખ્યમંત્રી યોગી આદીત્યનાથની ભરપુર પ્રશંસા કરી હતી.તેમણે કહ્યું કે દેશમાં ઈમાનદાર નિષ્ઠાવાન નેતાઓની કમી છે. જો કે બીજી જ પળે તેમાંથી વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ભારતના વિશ્વગુરૂના સ્વપ્નાને સાકાર કરવા અને ભારતને ત્રીજા નંબરના સૌથી મોટી ઈકોનોમી બનાવવામાં માર્ગ પરિવહનના યોગદાનનું મહત્વ દર્શાવ્યુ હતું. તેઓએ કહ્યું કે મુખ્યમંત્રી યોગીએ ઉતરપ્રદેશમાં કાયદો વ્યવસ્થાની સ્થિતિ સુધારી રામ રાજય સ્થાપીત કર્યુ છે.

### કુંભમાંથી

પહેલા પાનાનું ચાલુ

તથા મૃતકોના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે લીમખેડા ખસેડવામાં આવ્યા હતા.પોલીસે ઘટનાસ્થળે પહોંચી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે અને અકસ્માતનું ચોક્કસ કારણ જાણવા તપાસ શરૂ કરી છે. આ દુર્ઘટનાને કારણે મૃતકોનાં પરિવારજનોમાં શોકની લાગણી છવાઈ ગઈ છે. આધ્યાત્મિક યાત્રાથી પરત ફરી રહેલા શ્રદ્ધાળુ પરિવારો માટે આ ઘટના અત્યંત દુઃખદ બની રહી છે.

લીમખેડા Dy.SP એમ. બી. વ્યાસે જણાવ્યું હતું કે ગઈકાલે સાંજે સાતેક વાગ્યાના અરસામાં લીમખેડા-પાલ્લી ઓવરબ્રિજ પર એક ટ્રક બંધ હાલતમાં પડેલી હતી, જેને આજે રાત્રે ત્રણેક વાગ્યાના અરસામાં પ્રયાગરાજથી કુંભમેળામાંથી પરત આવતી ગાડીએ ટક્કર મારતાં ચાર પ્રવાસીઓનાં મોત થયાં છે, જ્યારે પાંચથી વધુ લોકોને ઈજા થઈ છે. ઈજાગ્રસ્તોને દાહોદની ઝાયડસ હોસ્પિટલ ખાતે સારવાર આપવામાં આવી રહી છે. જ્યારે મૃતકોની પી.એમ.ની કાર્યવાહી લીમખેડા સી.એચ.સી ખાતે થઈ રહી છે.

### મનસ્વી રીતે આરોગ્ય

પેજ-૨ પાનાનું ચાલુ

ખર્ચવાળા વિસ્તારોમાં રહેતા લોકોને અન્યાયી રીતે અસર કરે છે. એવા પણ કિસ્સાઓ બને છે કે જ્યાં ઉચ્ચ તબીબી સુવિધાઓ ધરાવતી હોસ્પિટલોમાં સારવાર માટે વળતર નકારવામાં આવે છે અથવા ઓછા દરે વળતર આપવામાં આવે છે, જેને કારણે વીમા ધારકને સારવારનો મોટા ભાગનો ખર્ચ પોતે ચૂકવવાની ફરજ પડે છે.

હેલ્થ ઈન્સ્યુરન્સ આપનારી કેટલીક કંપનીઓ કોઈ પણ સ્પષ્ટ અથવા વાજબી માપદંડ વિના હોસ્પિટલોને બ્લેકલિસ્ટ કરી રહી છે. ઘણા કિસ્સાઓમાં, હોસ્પિટલોને વીમા કંપનીના નેટવર્કમાંથી દૂર કરવામાં આવી રહી છે, જેના કારણે દર્દીઓને પ્રતિષ્ઠિત હોસ્પિટલોમાં જરૂરી સારવારની સુવિધા મળી શકતી નથી. ઘણીવાર, બ્લેકલિસ્ટ કરવાના કારણો અસ્પષ્ટ હોય છે અથવા પોલિસીધારકોને તેના અંગે જાણ કરવામાં આવતી નથી.

આ ઉપરાંત કટોકટીની પરિસ્થિતિઓમાં, પોલિસીધારકોને ઘણીવાર કોઈ પણ પ્રકારની પૂર્વ જાણકારી હોતી નથી કે હોસ્પિટલ બ્લેકલિસ્ટેડ છે કે નહીં? જ્યારે કોઈ દર્દીની હાલત ગંભીર સ્થિતિમાં હોય ત્યારે તેની પ્રાથમિકતા તાત્કાલિક સારવારની હોય છે, નહીં કે તેની વીમા કંપનીના નેટવર્ક હેઠળ હોસ્પિટલની સ્થિતિ ચકાસવાની. આવા સંજોગોમાં નજીકની હોસ્પિટલો અને નિષ્ણાત તબીબોની ઉપલબ્ધતા અથવા તબીબી વ્યાવસાયિકોની ભલામણોના આધારે દર્દી હોસ્પિટલમાં સારવાર માટે દાખલ થઈ જાય છે. પોલિસીધારકને ભાગ્યે જ જાણ કરવામાં આવે છે કે તેઓ જે હોસ્પિટલમાં સારવાર લઈ રહયા છે તે હોસ્પિટલ તેમની હેલ્થ ઈન્સ્યુરન્સ કંપનીઓ દ્વારા બ્લેકલિસ્ટેડ છે કે નહીં.

કેટલાક કિસ્સાઓમાં તો વીમા કંપનીઓ બ્લેકલિસ્ટેડ હોસ્પિટલોના દાવાઓને સંપૂર્ણપણે નકારી કાઢે છે, જેનાથી વીમાધારક વ્યક્તિ મુશ્કેલીમાં સપડાય છે. દાવાઓની પ્રક્રિયામાં વિલંબ અથવા બ્લેકલિસ્ટેડ હોસ્પિટલમાં કરેલી સારવાર માટે વળતરનો સંપૂર્ણ ઈન્કાર પોલિસીધારકને આર્થિક રીતે જોખમમાં મુકે છે, ખાસ કરીને જો વ્યક્તિ પહેલાથી જ ગંભીર સ્વાસ્થ્ય સમસ્યાનો સામનો કરી રહી હોય. વધુમાં, પોલિસીધારકને હોસ્પિટલને સીધી ચૂકવણી કરવાની અથવા ચૂકવણીની શરતો પર વાટાઘાટો કરવાની ફરજ પડી શકે છે, જે ઘણીવાર તબીબી કટોકટી દરમિયાન અથવા પછી વીમા ધારક માટે મુશ્કેલી ઉભી કરે છે.

હોસ્પિટલમાં દાખલ થવું જરૂરી નથી તેમ કહીને પણ હેલ્થ ઈન્સ્યુરન્સ કંપનીઓ કયારેક તબીબી સારવાર માટેના દાવાઓને નકારી કાઢે છે. ઘણા કિસ્સાઓમાં તો વીમા કંપનીઓ હોસ્પિટલમાં દાખલ થવાના માપદંડો માટે one-size-fits-all અભિગમ લાગુ કરીને આ નકારને યોગ્ય ઠેરવે છે, જે તબીબી સારવાર માટેની વિવિધ અને જટિલ પ્રકૃતિને ધ્યાનમાં લેવામાં નિષ્ફળ જાય છે. આ મુદ્દાનું મૂળ હોસ્પિટલમાં દાખલ થવાના માપદંડોના સરળ ઉપયોગ પર રહેલું છે, જે દર્દીની વ્યક્તિગત જરૂરિયાતોને સંપૂર્ણપણે ધ્યાનમાં લેતા નથી. દાખલા તરીકે, પોલિસીધારકને એવી સારવારની જરૂર પડી શકે છે કે જેમાં લાંબા સમય સુધી તબીબી નિરીક્ષણ અથવા સારવાર પછીની સંભાળની જરૂર હોય. જો કે, વીમાદાતા પૂર્વ નિર્ધારિત બેન્ચમાર્કના આધારે દર્દીની સ્થિતિને બિન–હોસ્પિટલ (ઓપીડી)માં દાખલ કરી શકાય તેવી તરીકે વર્ગીકૃત કરી શકે છે, જેના કારણે વીમા ધારકોના કલેઈમ સંબંધિત દાવાઓનો અન્યાયી ઈન્કાર થાય છે.

### મહાનગરપાલિકામાં વહીવટી

પેજ-૨ પાનાનું ચાલુ

વિતી ગયેલ છે.જે કર્મચારીઓને ત્રીજી શ્રેણી કલાર્કની ખાલી જગ્યામાં તાકીદે સમાવવા માટે અમારી માંગણી છે.સુરત મહાનગરપાલિકા ધ્વારા જાહેર થયેલ અનુસુચિત જાતિનું વેઈટીંગ લીસ્ટ ચાલુ હોય, જેની સમય મર્યાદા પુર્ણ થાય તે પહેલા અનુસુચિત જાતિના કર્મચારીઓને ત્રીજી શ્રેણી કલાર્કમાં તાકીદે સમાવી લેવા માટે પણ અમારી ભારપૂર્વક રજૂઆત છે. એમ સુરત મહાનગરપાલિકા માન્ય સુરત સુધરાઈ કામદાર સ્ટાફ યુનિયનના પ્રમુખ મોહંમદ ઈકબાલ શેખ અને મહામંત્રી દેવેન્દ્ર પ્રજાપતિએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે.

### ઈસ્કોન દ્વારા યોજાયેલી

પેજ-૨ પાનાનું ચાલુ

વિશ્વાસ વગેરે જેવા મૂલ્યો કેળવણી શીખવવા માટે પ્રેરિત કર્યા. આ ઉપદેશોનું પાલન કરીને અમે અમારા શ્રેષ્ઠ પ્રયાસો કરીએ છીએ કે વિદ્યાર્થીઓ પોતાનામાં મજબૂત નૈતિકતાનો પાયો વિકસાવે અને અભ્યાસમાં સફળતા પ્રાપ્ત કરે અને સંતુલિત તથા અર્થપૂર્ણ જીવન જીવે.આમ શાળા હંમેશા વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે માર્ગદર્શન પૂરું પાડે છે અને કાર્યરત રહે છે.

### સૌરાષ્ટ્ર પટેલ સેવા

પેજ-૨ પાનાનું ચાલુ

પરિવાર રમેશભાઈ ગજેરા તથા નિતીનભાઈ રાદડીયા પરિવાર તરફથી આપવામાં આવી છે. લગ્નવિધી સમયે કન્યાના માતા – પિતાને સન્માન આપવા તથા અપમાન થાય તેવી કોઈ વિધી ન કરાવવા વિનંતી કરવામાં આવે છે.

જમનાબા વિદ્યાર્થીભવનના મુખ્ય દાતાશ્રી હંસરાજભાઈ ગોંડલીયા, કિરણ મહિલા ભવનના નામકરણના દાતાશ્રી વલ્લભભાઈ એસ. લખાણી, રાધાબેન ઘેલાણી, અતિથી ભવનના દાતાશ્રી તુષારભાઈ ઘેલાણી, મહિલા રોજગાર તાલીમ કેન્દ્રના દાતાશ્રી શૈલેષભાઈ લુખી ઉપરાંત મુકેશભાઈ પટેલ, મનુભાઈ જીયાણી, જયંતીભાઈ બાબરીયા, ગોવિંદભાઈ ધોળકિયા, લવજીભાઈ બાદશાહ, સવજીભાઈ ધોળકિયા અને મનહરભાઈ કાકડીયા સહિત દાતાશ્રીઓને ખાસ નિમંત્રણ પાઠવવામાં આવ્યા છે. આ પ્રસંગે મુખ્યમહેમાનો દાસભાઈ ગજેરા, વલ્લભભાઈ જોધાણી, ભરતભાઈ કથીરિયા, મુકેશભાઈ માંગુકિયા, વિનુભાઈ ગાંગાણી, રાજેશભાઈ લખાણી, તથા જી.એમ રેપીયર ગ્રુપના શ્રી રમેશભાઈ વઘાસિયા ખાસ ઉપસ્થિત રહ્યા છે.

### કામરેજના હલધરૂ

છેલ્લા પાનાનું ચાલુ

તથા ભુપેન્દ્રસિંહ ઓમકારસિંહ પરદેશીને કામરેજના હલદરૂ બ્લોક નં.૨૧૦ ખાતે સનરાઈઝ ગ્રુપ ઓફ કંપનીઝ દ્વારા પાડવામાં આવેલા પ્લોટ બતાવ્યા હતા. જગ્યા પસંદ આવતા રામકશિને બંને જમીન દલાલોને ૫૦.૮૦ લાખ જ્યારે ભુપેન્દ્રસિંહ પરદેશીએ રૂ.૩ લાખ આપ્યા હતા. જોકે પ્લોટનો કબ્જો કે પ્લોટના રોકાણના રૂપીયા પરત નહીં કરી છેતરપિંડી કરવામાં આવી હતી. વર્ષો પહેલા લીધેલી રકમ આજ દિન સુધી પરત નહીં કરાતા અંતે ગઈકાલે આ મામલે બંને જમીન દલાલો વિરૂધ્ધ ઉમરા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવવામાં આવી હતી.

### મુંબઈના ઠગબાજ

છેલ્લા પાનાનું ચાલુ

કરનાર મુંબઈ નાલાસોપારા વિસ્તારના ઠગબાજ અમર મદનલાલ શર્માએ લાખો રૂપીયાના કાપડની ખરીદી કરી તેને બજારમાં સસ્તા ભાવે વેચાણ કરી દઈ રૂપીયા ગજવે ઘાલ્યા હતા. જે-જે વેપારી પાસેથી કાપડની ખરીદી કરી તેને પેમેન્ટ ચુકવવામાં આવ્યું ન હતું. આ બાબતે સારોલી પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો હોય પીઆઈ સંદીપ વેકરીયાના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ એસ.એલ.દેસાઈએ હેડ કોન્સ્ટેબલ ભરત નાજાભાઈ, પ્રવિણ નરવતભાઈ અને પોલીસ કોન્સ્ટેબલ ઉમેશ કિશોરભાઈ સાથે મુંબઈ જઈ આરોપી અમર મદનલાલ શર્માને પકડી પાડ્યો હતો.

### ઘરેલુ હિંસામાં

છેલ્લા પાનાનું ચાલુ

હિંસાની કઠોર કોર્ટમાં ફરિયાદ કરી હતી આ ઉપરાંત ભરણપોષણ મેળવવા પણ અરજી કરી હતી. કઠોર કોર્ટના એડી.જયુડી. મેજી.ફર્સ્ટકલાસ કઠોર કુ. પી.જી. ગોસ્વામીએ આ અરજી અંશતઃ મંજૂર કરી હતી. અરજદાર પત્નીને માસિક રૂા.૩૦૦૦/- ભરણપોષણ તથા ૧૫૦૦/-ઘરભાડું ચુકવવા નિર્દેશ કર્યો હતો.

કોર્ટએ પોતાના ચુકાદામાં જણાવ્યું હતું કે, માત્ર બે વખતનું જમવાનું મળે અને રહેવા માટેનો આશ્રય મળે તે ભરણપોપણ માટે પુરતું નથી પરંતુ માનવીને માનવ તરીકે મુલવવામાં આવે તે બાબત પણ અગત્યની છે. વ્યશ્રિત સ્ત્રીને પત પિાસે રહેવાની અને માનસીક શારિરીક યાતના સહન કરવાની કોર્ટ ફરજ પાડી શકે નહી.

### પૂણા ખાડી વિસ્તારની

છેલ્લા પાનાનું ચાલુ

રજુઆત કરવામાં આવી છે. સ્થાનિકોની રજુઆત કોઈ ધ્યાને લેતું ન હોય આખરે આજરોજ બપોરે પુણા ખાતે વિરોધ પ્રદર્શિત કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો.

પુણા વિસ્તારની અંજની સોસાયટી, બુટ ભવાની સોસાયટી, માધવ પાર્ક, મણીબા પાર્ક, ઈશ્વર નગર સોસાયટી, જવાહરનગર, સહજાનંદ સોસાયટી તેમજ રાજ્ય સોસાયટીના રહીશો દ્વારા આજે વિરોધ પ્રદર્શિત કરવામાં આવ્યો હતો. તંત્ર વહેલી તકે ખાડીની સફાઈ કરાવે નહીં તો મોટો રોગચાળો ફેલાવાની દહેશત ઉભી થઈ છે.

### વોર્ડ નં.૧૮ પેટા ચૂંટણી

છેલ્લા પાનાનું ચાલુ

આહીર અને ઓવેસીનો પક્ષ એઆઈએમઆઈએસનો ઉમેદવાર તથા બે અપક્ષોના ઉમેદવારો ચૂંટણી લડી રહ્યા છે. ૧૬મી ફેબ્રુઆરીના રોજ ૯૩ મતદાન મથકો ઉપર મતદાન થશે અને ૧૮મી ફેબ્રુઆરીના રોજ ગોડાદરા મહર્ષિ આસ્તિક સાર્વજનિક સ્કૂલમાં મતગણતરી હાથ ધરાશે.

પેટા ચૂંટણીમાં કુલ ૧,૦૫૦૦૦ મતદારો છે જેમાં ૪૭૨૬૮ મહિલા તેમજ ૫૮૬૪૩ પુરુષ મતદારોનો સમાવેશ થાય છે. ૧૩૦ મશીન ઈવીએમ મશીનનો ઉપયોગ થશે અને ૬૧૦ પોલીસ સ્ટાફની નિમણૂંક કરવામાં આવી છે.

THE BARODA RAYON CORPORATION LIMITED

Reg. Office: P.O. Baroda Rayon, Fatehnagar, Udhna, Dist. Surat-394220 (T) 0261-2899555

Email-admin@brcl.in, brcsurat@gmail.com

CIN – L45100GJ1958PLC000892Website-www.brcl.in

**૩૧મી ડિસેમ્બર, ૨૦૨૪ ના રોજ પૂર્ણ થયેલા ત્રિમાસિક/નવ મહિનાના સમયગાળ માટેના અનઓડીટેડ અકલ નાણાકીય પરીણામોનો અહેવાલ**

કંપનીના બોર્ડ ઓફ ડિરેક્ટર્સે, ૧૪મી ફેબ્રુઆરી, ૨૦૨૫ના રોજ યોજાયેલી તેમની મીટિંગમાં ૩૧મી ડિસેમ્બર, ૨૦૨૪ ના રોજ પૂરા થયેલા ક્વાર્ટર અને નવ મહિના માટે કંપનીના અનઓડીટેડ નાણાકીય પરિણામોને મંજૂરી આપી હતી.

સેબી (લિસ્ટિંગ ઓબ્લિગેશન્સ એન્ડ ડિસ્કલોઝર રિક્વાયરમેન્ટસ), રેગ્યુલેશન્સ, ૨૦૧૫ ના રેગ્યુલેશન 33 મુજબ સ્ટોક એક્ષ્ચેન્જ દાખલ કરેલ ૩૧મી ડિસેમ્બર, ૨૦૨૪ના રોજ પૂર્ણ થયેલા ત્રિમાસિક/નવ મહિનાના સમયગાળા માટેના અનઓડીટેડ અકલ નાણાકીય પરીણામોનો પ્રમાણે દર્શાવેલ છે. આ પરિણામોનું સંપુર્ણ બંધારણ કંપનીની વેબપેજ http://brcl.in/UploadedFile/Reports/14022025141145080.pdf અને બીએસઈ સ્ટોક એક્ષ્ચેન્જની વેબસાઈટ www.bseindia.com પર ઉપલબ્ધ છે અને ક્યુઆર કોડ સ્કેન કરીને એક્સેસ કરી શકાય છે.

**તારીખઃ ૧૪/૦૨/૨૦૨૫**

**સ્થળઃ સુરત**

**ફોર ધી બરોડા રેયોન કોર્પોરેશન લિમિટેડ**

**સહી/-**

**દામોદરભાઈ પટેલ**

**મેનેજીંગ ડાઈરેક્ટર**

**ડીન-૦૦૦૫૬૫૧૩**

Pratap Darpan, Daily, Editor : Pravinbhai Ratnabhai Gohil. OWNER:-IMAGE PUBLICATION Printer and Publisher Rajesh Balubhai Patel "Printed at IMAGE PRINTERS, 20, 21 Bhidbhanjan Society, Bamroli Rord, Udhna, Surat-394210 . Published From: Pratap Darpan Karayalay, S-6, K.S.B Olympia, Near Kailash Chowkdi , Pandesara, Surat - 394221 , Gujarat-India : Founder Late Mrs. Kantaben Babubhai Rayka

સાંધ્ય દૈનિક

# પ્રતાપ દર્પણ

શનિવાર, તા.૧૫ ફેબ્રુઆરી ૨૦૨૫ | E-mail : pratap_darpan@yahoo.co.in | મોબાઈલ : ૯૮૨૫૫ ૩૨૫૦૫

# માંગરોળ ગેંગરેપ કેસમાં બંને આરોપી દોષિત

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૧૫

સુરતના માંગરોળના ચકચારી ગેંગરેપ કેસમાં કોર્ટે બે આરોપીઓને દોષિત જાહેર કર્યા છે. સાડા ચાર મહિના નવરાત્રિ સમયે કોસંબા પોલીસ સ્ટેશન વિસ્તારમાં સગીરા પર થયેલા ગેંગરેપ કેસમાં કોર્ટે ઝડપી ટ્રાયલ ચલાવી માત્ર ૧૩૦ દિવસમાં જ ચૂકાદો આપ્યો છે. ગેંગરેપ મામલે પોલીસે કુલ ત્રણ આરોપીઓને ઝડપી પાડ્યા હતા. જેમાં એકનું ટ્રાયલ દરમિયાન બીમારીના કારણે મોત નિપજયું હતું. જેથી બે આરોપીઓ સામે ટ્રાયલ ચાલી હતી અને બંનેને આજે કોર્ટ કસૂરવાર ઠેરવ્યા હતા. બંને આરોપીઓને સોમવારે સજાનું એલાન કરાશે.

આ કેસમાં સગીરાની અને તેના મિત્રની જુબાની મહત્વની સાબિત થઈ. આ ઉપરાંત પોલીસે સાયન્ટિફિક પુરાવા પણ રજૂ કર્યા હતા જે પણ કોર્ટે માન્ય રાખ્યા. બનાવ સમયે ચંદ્રપ્રકાશ હોવાના કારણે અને આરોપીએ ફ્લેશ લાઈટ કરતા સગીરાએ આરોપીનો ચહેરો જોયો હતો. કોર્ટમાં પણ પીડિતાએ આરોપીને ઓળખી બતાવ્યો હતો.આ ગેંગરેપ કેસ અંગે વાત કરીએ તો ૮ ઓક્ટોબરની રાત્રે ૧૦:૪૫થી ૧૧:૧૫ વાગ્યાની વચ્ચે કોસંબા પોલીસ સ્ટેશન વિસ્તારના મોટા બોરસરા ગામની સીમમાં ખેતરમાં અવવારું જગ્યાએ એક ૧૭ વર્ષ અને ૪ મહિનાની સગીરા તેના મિત્ર સાથે બેઠી હતી. જ્યાં મુન્ના કરબલી પાસવાન અને શિવશંકર ઉર્ફે દયાશંકર ચૌરસિયા અને રાજુ બાઈક પર આવ્યા હતા. પહેલા તો તેમણે આવીને અહીં કેમ ઊભાં છો? એમ કહીને ધમકાવ્યા હતા અને બાદમાં માર મારવાનું શરૂ કર્યું હતું. બંનેના મોબાઈલ પણ લઈ લીધા હતા. ત્યાર બાદ તરુણ અને સગીરા બંનેનાં કપડાં ઉતરાવી તેમના ફોનમાં નગ્ન ફોટો પાડી લેવામાં આવ્યા હતા. આ ફોટો વાઈરલ કરવાની આરોપીઓએ ધમકી આપી હતી અને સગીરાને પોતાની સાથે શરીર સંબંધ બાંધવા દબાણ કર્યું હતું. જોકે જે-તે સમયે તરુણ અને સગીરા બંને આરોપીઓને વશ થયાં નહોતાં અને ત્યાંથી ભાગવાનો પ્રયત્ન કર્યો હતો. ત્યારે સગીરા પડી જતાં આરોપીઓએ તેને પકડી લીધી હતી અને શેરડીના ખેતરમાં લઈ જઈ ગેંગરેપ કર્યો હતો.સગીરા સાથે દુષ્કર્મ આચર્યા બાદ તેને બૂમાબૂમ કરતાં આસપાસનાં ગ્રામજનો એકત્ર થયાં હતાં. જેથી આરોપીઓ ડરીને ત્યાં પોતાની બાઈક છોડીને ફરાર થઈ ગયા હતા. લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમ આરોપી શિવશંકર ચોરસિયાને શોધી રહી હતી. જ્યારે સુરત ક્રાઈમ બ્રાન્ચની ટીમ આરોપી મુન્ના પાસવાનની શોધખોળમાં હતી, ત્યારે તડકેશ્વર નજીક આરોપી રોડ પર નજરે આવ્યો હતો. મુન્ના પોલીસને થાપ આપીને નાસી રહ્યો હતો જેથી તેને રોકવા માટે જે તે સંજોગોમાં અધિકારીઓએ ફાયરિંગ કર્યું હતું. જોકે, તે સમયે તેને ઈજા થઇ નહોતી.સરકારી વકીલ નયન સુખડવાલાએ જણાવ્યું હતું કે, બનાવ સમયે ચંદ્ર પ્રકાશના કારણે અને આરોપીઓ ફ્લેશ લાઈટ કરી હોવાના કારણે પીડિતા આરોપીનો ચહેરો ઓળખતી હતી. આ કેસમાં આરોપીઓને દાખલારૂપ સજા કરવાની માગ કરવામાં આવી છે.સુરત જિલ્લા પોલીસે આ કેસમાં ત્રણેય આરોપીઓની ધરપકડ કરી હતી. આરોપીઓમાંના એકનું હાર્ટ બ્લોકેજના કારણે મૃત્યુ થયું હતું, જ્યારે બે આરોપીઓ વિરુદ્ધ સુરત કોર્ટમાં ટ્રાયલ ચાલી હતી.હાઈકોર્ટના આદેશના અનુસંધાને ૧૧ નવેમ્બરથી કોર્ટમાં સતત ડે-ટુ-ડે ટ્રાયલ શરૂ થઈ હતી.પીડિતાએ અને તેના મિત્રએ કોર્ટમાં ભયમુક્ત થઇ જુબાની આપી હતી. સગીરા પર ગેંગરેપના ચકચારભર્યા કેસમાં પોલીસ દ્વારા માત્ર ૧૫ દિવસમાં ૩૦૦૦ પાનાની ચાર્જશીટ તૈયાર કરીને કોર્ટમાં રજૂ કરવામાં આવી હતી. આ કેસ માટે પોલીસે ૫૦ ખાસ અધિકારીઓ અને કર્મચારીઓને ફાળવ્યા હતા, જેમણે દિવસ-રાતની મહેનત બાદ ૪૬૭ પાનાની મૂળ ચાર્જશીટ તૈયાર કરી હતી. સાથે જ ૨૫૦૦ પાનાની સોફ્ટ કોપીનો પણ સમાવેશ કર્યો હતો. ચાર્જશીટમાં ૬૦ સાક્ષીઓના નોંધાયેલા નિવેદનો અને મજબૂત પુરાવાઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો, જેમાં મેડિકલ રિપોર્ટ્સ, સાયન્ટિફિક રિપોર્ટ્સ, મોબાઈલ ડેટા અને સ્પેક્ટ્રોગ્રાફિક પુરાવાઓ શામેલ હતા.

## ૧૩૦ દિવસમાં સ્પે.કોર્ટનો ચૂકાદો, કોસંબા પોલીસે ૧૫ દિવસમાં ચાર્જશીટ કરી હતી, સોમવારે સજાનું એલાન



**આવતી કાલે સવારે સિવિલ હોસ્પિટલમાં ફરજ બજાવતી બહેનો નર્સિંગ,ડોક્ટર,સફાઈ કર્મચારી,કેશ બારી સહિત ૧૦૦ બહેનો ને પોલીસ કમિશનર સાહેબ તથા જોઇન્ટ પોલીસ કમિશનર તેમજ ડી સી પી ટ્રાફિક ના વરદ હસ્તે હેલ્મેટ વિતરણ કીડની બિલ્ડિંગ ખાતે સવારે ૯ કલાકે રાખવામાં આવ્યું હતું.**

# કામરેજના હલધરૂમાં પ્રોજેક્ટના નામે રોકાણ કરાવી લાખોની ઠગાઈ

**બે જમીન દલાલનો ભોગ બનેલાએ ઉમરા પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાવી**

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૧૫

કામરેજના હલદરૂ ખાતે સનરાઈઝ ગ્રુપ ઓફ કંપનીઝ દ્વારા શ્રી સાંઇ વીલા અને શ્રી બાલાજી પાર્કના નામે પ્લોટીંગ કરવામાં આવ્યું હોય અલથાણ અને પાંડેસરાના બે જમીન દલાલે બમરોલીના ૫૦ વર્ષિય આધેડ સહિત બે જણા પાસેથી કુલ રૂ.૫૩ લાખ મેળવી લઇ રોકાણ કરેલા રૂપીયા પરત નહીં કરી પ્લોટનો કબ્જો પણ આપ્યો ન હતો. આ છેતરપિંડી અંગે ભોગબનનારે ગઈકાલે બે જમીન દલાલ વિરૂધ્ધ ઉમરા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી.

ઉમરા પોલીસ મથકેથી મળતી વિગત અનુસાર મુળ યુપીના વતની અને હાલ પાંડેસરા બમરોલી રોડ સાંઈકૃપા સોસાયટીમાં રહેતા રામકિશન રામજી નિશાદ ઉ.વ.૫૦ સને ૨૦૧૨માં ઉધના ઉદ્યોગનગર સંઘ તથા વાજપાઈ આવાસ ઉધના ખાતે જમીન દલાલ કૃપાશંકર શ્રીકૃષ્ણ રાજપુત અને અજીતસિંહ ચંદ્રપાલસિંહ રાજપુતને મળ્યા હતા. આ બંને જણાએ પુર્વ આયોજીક કાવત્રુ ઘડીને રામકિશન

અનુસંધાન પાના ૭ પર

# હેલમેટ વગરના વાહન ચાલકોને પકડવા ઠેર-ઠેર પોલીસની નાકાબંધી

## ડ્રોનની મદદથી પોલીસે હેલમેટ વિના ટુ-વ્હીલર ચાલકોને ઈ-ચલણ ફટકાર્યા



(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૧૫

હાઈકોર્ટના આદેશ અને ગુજરાત પોલીસ માર્ગદર્નિર્દેશક વિકાસ સહાયના પરિપત્રનો કડક અમલ કરવા માટે આજથી સુરત શહેરમાં ટુ વ્હીલ ચાલકો માટે ફરજીયાત હેલમેલના કાયદાનો અમલ કરવા પોલીસનો કાફલો રસ્તો પર ઉતરી પડ્યો છે. આજથી હેલ્મેટ નહીં પહેરનારાઓને રૂ.૫૦૦ દંડ ફટકારવામાં આવી રહ્યો છે. દરમિયાન આજે સવારથી શહેરના મુખ્ય રસ્તાઓને બાદ કરતા કેટલાક વાહન ચાલકોએ આંતરીક રસ્તાઓ ગલી ખાંચાઓમાંથી વાહન પોતાના ગંતવ્ય સુધી પહોંચાડવાની કોશિષ કરી હતી. હેલ્મેટ નહીં પહેરનારાઓને સીસીટીવી કેમેરાથી પણ ઓનલાઈન ચલાન આપવામાં આવતું હોય જ્યાં સીસીટીવી ન હોય તેવા આંતરીક રસ્તાઓ અને ગલીઓનો વાહન ચાલકો સહારો લઈ રહ્યા છે.

વાહન ચાલકોએ દંડથી બચવા માટે મુખ્ય માર્ગોને છોડીને ગલી-ખાંચા અને આંતરીક રસ્તાઓ ઉપરથી જવાનું પસંદ કર્યું હતું. કારણ કે રસ્તાઓ ઉપર લાગેલા સુરત સિટી પોલીસના સીસીટીવી કેમેરાનાં માધ્યમથી પણ વાહન ચાલકો ઉપર નજર રાખવામાં આવી રહી છે. કેમેરામાં હેલ્મેટ વગર દેખાતા વાહન ચાલકોને ઓનલાઈન ચલણ મોકલવામાં આવશે જેતી આજે સવારથી શહેરના આંતરીક રસ્તાઓ ઉપર મુખ્ય માર્ગો કરતા વધારે ચહલ પહલ જોવા મળી હતી.

ડ્રોન ઉડાડીને પણ શહેરના રસ્તાઓ ઉપરના ટ્રાફીક તેમજ હેલ્મેટ નહીં પહેરનારાઓ ઉપર બાજ નજર રાખવામાં આવી હતી. ટ્રાફીક પોલીસના અંદાજે ૩ હજાર જેટલા કર્મચારીઓ રસ્તાઓ ઉપર હેલ્મેટની અમલવારી માટે ખડેપગે નજરે પડ્યા હતા.

સુરત શહેરમાં ૭૦ લાખથી વધુની વસ્તી છે. દિન પ્રતિદિન શહેરમાં નાના મોટા અકસ્માતો થતા રહેતા હોય છે ત્યારે હાઈકોર્ટના આદેશ બાદ સુરત શહેરમાં આજથી હેલ્મેટ ફરજીયાત છે. હેલ્મેટ નહીં પહેરનારાઓને ૫૦૦ રૂપીય દંડ રાખવામાં આવ્યો છે. ૫ વાર દંડ અને ત્યારબાદ લાયસન્સ જ રદ કરી દેવામાં આવશે. દરમિયાન આજે સવારથી શહેરના રસ્તાઓ ઉપર લોકો હેલ્મેટમાં સજ્જ નજરે આવ્યા હતા. દંડથી બચવા માટે લોકોએ ગઈકાલે આખો દિવસ હેલ્મેટ માટે દોડધામ કરી હતી. કેટલીક દુકાનો ઉપર હેલ્મેટ પણ ખુટી પડ્યા હતા.

## પોલીસ અને સીસીટીવીના કેમેરાથી બચવા વાહન ચાલકોએ પતલી ગલી પકડી લીધી

# મુંબઈના ઠગબાજ અમર શર્માની ધરપકડ

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૧૫

સારોલી વિસ્તારમાં આવેલી ટેક્ષટાઇલ માર્કેટોમાં વેપારીઓનો દલાલ હસ્તક સંપર્ક કરીને લાખો રૂપીયાની છેતરપિંડી કરી ફરાર થઈ ગયેલા મુંબઇ નાલાસોપારાના વેપારીને સારોલી પોલીસે ઝડપી પાડ્યો હતો. પીઆઇ સંદીપ વેકરીયાએ આરોપીની માહિતી મેળવી એક ટીમને મુંબઇ મોકલી હતી જ્યાંથી ઠગ અમર શર્માને ઝડપી પાડવામાં આવ્યો હતો.

સારોલી પોલીસ સુત્રો પાસેથી મળતી વિગત અનુસાર સારોલી વિસ્તારમાં કાપડનો વેપાર કરતા વેપારીઓનો દલાલ મારફતે સંપર્ક

અનુસંધાન પાના ૭ પર

# અઠવા લાઈન્સ બ્રિજ પર ગમખ્વાર અકસ્માત, ત્રિપલ બાઈક સવારો પૈકી બે યવકોના મોત

## ચાલુ બાઈકે મસ્તી કરવા જતાં બાઈક સ્લીપ થઈ, એક મિત્ર ગંભીર

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૧૫

અઠવાલાઈન્સ બ્રિજ ઉપર ગત મોડી રાત્રિએ એક બાઈક ઉપર ત્રણ સવારી કરનાર મિત્રોની બાઈકને અકસ્માત નડતા બે મિત્રોનું ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું. જ્યારે બાઈક હંકારનાર મિત્ર ખાનગી હોસ્પિટલમાં દાખલ છે

મૂળ રાજસ્થાનના વતની અને હાલ ઉમરા ગામ આમલી ફળિયું ખાતે રહેતો ૨૬ વર્ષીય રોહિત પ્રવીણ રાવલ તેના મિત્રો પ્રથમ નરેશ પટેલ(રહે. શ્રમજીવી સોસા., ઉમરાગામ) અને મયંક સાથે ગઈ કાલે મોડી રાત્રિએ પીપલોદ તરફ આવ્યો હતો. આ ત્રણેય મિત્રો એસવીએનઆઈટી સર્કલથી અઠવાલાઈન્સ કોર્ટ બિલ્ડિંગ જતા બ્રિજ ઉપર ચડ્યા હતા. તેઓ બ્રિજ ઉપરથી પસાર થઈ રહ્યા હતા. બાઈક મયંક ચલાવી રહ્યો હતો. પાછળ બેસેલા પ્રથમ અને રોહિત ચાલુ બાઈક ઉપર મસ્તી કરી રહ્યા હતા. જેથી મયંકે બાઇક પરના સ્ટેરીંગ ઉપરથી કાબુ ગુમાવતા ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. અકસ્માતમાં રોહિત અને પ્રથમને ગંભીર ઈજા થતા તેમનું ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું. જ્યારે મયંકને ગંભીર ઈજા પહોચતા ખાનગીમાં દાખલ કરાયો છે. વધુમાં જાણવા મળ્યું હતું કે રોહિત છૂટક મજૂરી કરી પત્ની અને ૮ માસની દીકરીનું ગુજરાન ચલાવતો હતો. જ્યારે પ્રથમ પટેલ કાપડની દુકાનમાં નોકરી કરી પરિવારને આર્થિક મદદ કરતો હતો.

# ગટરકાંડ : સુપરવાઈઝર અને જુનીયર ઈજનેરની અમરોલી પોલીસની શોધખોળ

**ઓફિસ અને નિવાસ સ્થાને તપાસ કરવામાં આવતા મળી આવ્યા નથી : અમરોલી પીઆઈ**

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૧૫

અમરોલી-છાપરાભાઠા-વરિયાવ રોડ પર આવેલી ગટરનું ઢાંકણુ તૂટી પડવાને કારણે બે વર્ષના બાળક કેદારનું કરૂણ મોત નીપજવાની ઘટનાનાં પગલે મનપા કમિ.શાલિની અગ્રવાલ અને ડે.કમિ. ધર્મેશ મિસ્ત્રીએ પોલીસને સુપરત કરેલા રિપોર્ટના આધારે અમરોલી પોલીસે મનપામાં ડે.ઈજનેર અને સુપરવાઈઝરના નિવાસ સ્થાને તેમજ ઓફિસ પર દરોડા પાડ્યા હતા. જોકે, આ બંને જગ્યાએ પોલીસે તપાસ કરતાં તેઓ મળી આવ્યા ન હોવાનું અમરોલી પીઆઈ વનારે જણાવ્યું હતું. વધુમાં તેઓના મોબાઈલ ફોન નંબર પર ઓબઝવેશનમાં મૂકી દેવામાં આવ્યા હોવાનું પણ પીઆઈ વનારે જણાવ્યું હતું. સૂત્રોના જણાવ્યા અનુસાર, ગત દિવસોમાં વરિયાવ-છાપરાભાઠા રોડ પર આવેલી એક સ્ટોમ ડ્રેનેજનું ઢાંકણ તૂટી ગયું હતું. જેમાં ૨ વર્ષનાં બાળક કેદારનું ગટરમાં પડી જવાથી કરૂણ મોત નીપજ્યું હતું. અમરોલી પોલીસ મથકમાં બીએનએસ ૧૦૫ તથા ૧૧૪ મુજબની ફરિયાદ નોંધાયા બાદ પોલીસ મથકના પીઆઈ જે.બી. વનારે મનપા કમિ.ને પૂછેલા પાંચ પ્રશ્નોનાં પત્રમાં જવાબદાર કર્મચારીઓ, જુનિયર ઈજનેર રાકેશ પટેલ તથા સુપરવાઈઝર ચેતન રાણા હોવાનું મનપા દ્વારા જણાવવામાં આવ્યું હતું. પોલીસે આ નામોનાં આધારે તપાસ શરૂ કરી છે.

# ઘરેલુ હિંસામાં ભરણપોષણ ચૂકવવા આદેશ કરતી કોર્ટ

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૧૫

દહેજ બાબતે પતિ અને સાસરી પક્ષના કારણે માનસિક યાતના અને ભાવનાત્મક ક્ષમતા ભોગવી રહેલી વ્યથિત પરિણીતાની ઘરેલુ હિંસાની અરજી કઠોર કોર્ટે મંજૂર કરી પતિએ મહિને ૪૫૦૦ રૂપિયા ભરણપોષણ ચૂકવવા આદેશ કર્યો હતો.

કોર્ટમાં થયેલી ફરિયાદ મુજબ કામરેજ ખાતે રહેતી ૨૫ વર્ષીય યુવતીના લગ્ન વેડરોડ ખાતે રહેતા અને મશીનરી રીપેરીગનું કામ કરતા યુવક સાથે થયા હતા. લગ્ન બાદ તરત જ નવ દંપતી વેલંજા મુકામે રહેવા ગયું હતું. દરમિયાન નવદંપતી સીમલા મનાલી ફરવા માટે ગયું હતું. ત્યાંથી ફરીને આવીને પતિએ પત્નીને તેણીના પિયરે મૂકી દીધી હતી અને પતિ તેમજ સાસુએ ટેલીફોનિક વાતચીત ઉપર પત્નીની માતાને દહેજ બાબતે કહીને હવે પરિણીતાને નહી લઈ જવાની ના પાડી દીધી હતી. દરમિયાન બન્ને પક્ષો વચ્ચે સમાધાન થયા બાદ પતિ પત્નીને ઘરે લઈ ગયો હતો.ત્યાર બાદ પણ દહેજ બાબતે પતિ દ્વારા મારઝુડ કરવામાં આવી હતી. આમ પતિ, સસરા અને સાસુ દ્વારા પરિણીતા ઉપર માનસિક અને શારીરિક ત્રાસ ગુજારી તેણીને ઘરેથી કાઢી મૂકી હતી. જેથી એડવોકેટ સોનલ શર્મા મારફતે પત્નીએ પતિ સસરા અને સાસુ વિરુદ્ધ ઘરેલુ

અનુસંધાન પાના ૭ પર

# દિલ્હી ગેટ સ્થિત નવું સિટી બસ ટર્મિનલ ઉકરડામાં ફેરવાય ગયું

**બાર દિવસમાં આ નવનિર્મિત ટર્મિનલમાં ગંદકી-કચરાના ઢગલા ખડકાઈ ગયા**



(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૧૫

હજુ બાર દિવસ પહેલા રાજ્ય ગૃહમંત્રી હર્ષ સંઘવીએ દિલ્હીગેટ પાસે નવા સિટી બસ ટર્મિનલનું ઉદઘાટન કર્યું હતું. ત્યારે આ નવા નજરાણાને લોકોએ ગંદા કરવાની સ્પર્ધા શરૂ કરી દીધી હોય, તેમ ઠેક ઠેકાણે પાન માવા ખાઈને પિચકારી મારવાની સાથે આ સિટી બસ ટર્મિનલને ઉકરડામાં ફેરવી દીધો છે. લોકોની સુવિધામાં વધારો કરતા નવા સિટીબસ ટર્મિનલમાં ઠેર ઠેર કચરો ગંદકીના ઢગ ખડકાઈ ગયા છે. સરકારી જાહેર મિલ્કતની સાચવણીમાં લોકો કાયમ ઉણા ઉતર્યા છે. આ સિટી બસ ટર્મિનલનો લાભ ખુબ જ મોટી સંખ્યામાં શહેરીજનો લે છે. ત્યારે આ ટર્મિનલને સ્વચ્છ રાખવાની વિશેષ જવાબદારી લોકોની પણ છે. પરંતુ નવા સિટી બસ ટર્મિનલનું ઉદઘાટન થયાના બીજા જ દિવસે ટર્મિનલના દરેક ખુણા અને દિવાલો પાન-માવાની પિચકારીથી લોકોએ રંગી દીધી હતી. તેમજ કચરો પણ જ્યાં ત્યાં ફેંકી દઈ સ્વચ્છ સુરતના અભિયાનની ધજ્જિયા ઉડાવીને લોકો ગૌરાવિન્ત થતા હોય તેવો સિનારિયો સર્જાયો છે. અગાઉ સુરત શહેરમાં તાપી નદી ઉપર બનેલાં આકર્ષક કેબલ બ્રિજને પણ લોકોએ પાન-માવાની પિચકારી મારીને ગંદકી ફેલાવી દીધી હતી. એજ પ્રમાણે દિલ્હીગેટ સ્થિત નવા બસ ટર્મિલની પણ હાલત કંઈક આવી જ શહેરીજનોએ કરી નાંખી છે.

# પૂણા ખાડી વિસ્તારની સોસાયટીઓ નર્કાગારમાં : મચ્છરજન્ય રોગચાળો

**ખાડી વિસ્તારમાં ગંદકીના ઢગલાથી લોકો ત્રાહિમામ**

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૧૫

પુણા વિસ્તારમાંથી પસાર થતી ખાડીમાં સાફ સફાઇના અભાવને કારણે ગંદકી અને મચ્છરોનો ઉપદ્રવ વધતા ખાડી નજીક રહેતા રહીશોનું જીવન મુશ્કેલ બન્યું છે. રોગચાળાની દહેશત વચ્ચે લોકો જીવી રહ્યા છે. બીજી તરફ સુરત મહાનગર પાલિકામાં આ બાબતે વારંવાર રજુઆત છતા કોઇ નિવેડો નહીં આવતા આજે કોંગ્રેસના સક્રીય કાર્યકર અને પુર્વ ન.પ્રા.શિક્ષણ સમિતિના સભ્ય સુરેશ સુહાગીયા દ્વારા સ્થાનિકો સાથે વિરોધ પ્રદર્શિત કરવા એક કાર્યક્રમ રાખ્યો હતો.

સુરેશ સુહાગીયાએ જણાવ્યું હતું કે, પુણા ખાડી આસપાસ રહેતા લોકો મચ્છરોના ઉપદ્રવ અને ગંદકીનો સામનો કરી રહ્યા છે. ખાડીમાં સાફ સફાઈ નહીં થવાને કારણે ગંદકી વધી છે. તંત્રને આ બાબતે વારંવાર

અનુસંધાન પાના ૭ પર

# વોર્ડ નં.૧૮ પેટા ચૂંટણી માટે કાલે મતદાન કડક પોલીસ બંદોબસ્ત તૈનાત રહેશે

**બે અપક્ષો સહિત છ ઉમેદવારોનું ભાવિ ૧૩૦ ઈવીએમમાં સીલ થશે**

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૧૫

સુરત મહાનગરપાલિકા વોડ નંબર-૧૮ લીંબાયત, પરવત, કુંભારીયાની પેટા ચંટણીમાં ચાર રાજકીય પક્ષો વચ્ચેનો ચુતષ્કોણીય જંગ જામ્યો છે. આ વોર્ડમાં કુલ એક લાખ પાંચ હજાર મતદારો છે. અને ૩૪ મતદાન મથકો અને ૪૩ મતદાન બુથ પર ૧૬મી ફેબ્રુઆરીન રોજ મતદાન થવાનું છે. ભારે ચતુષ્કોણીય રાજકીય પક્ષો વચ્ચે ચૂંટણી જીતવા ભારે રસાકસી રહેશે. એવું સૂત્રો દ્વારા જાણવા મળ્યું છે. રવિવારના રોજ સવારથી સાંજ સુધીમાં ૯૩ બુથો ઉપર મતદાન થવાનું છે ત્યારે આ મતદાન ક્ષેત્રમાં ૧૩૦ ઈવીએમ મશીનમાં કોંગ્રેસ, ભાજપ, આપ, એઆઈએમએસ અને બે પક્ષોના ઉમેદવારોનું ભાવિ સીલ થશે. જાણવા મળેલી વિગતો અનુસાર વોર્ડ નંબર-૧૮ની પેટા ચૂંટણીમાં ભાજપના ઉમેદવાર રામનંદી, આપનો ઉમેદવાર સુરજ

અનુસંધાન પાના ૭ પર